સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

સપ્ટેમ્બર - ૨૦૦૭



'જન્માષ્ટમી આવતી જાણી, કહી ભક્તોયે વિનયની વાણી; સંતમંડળ સર્વ તેડાવો, હરિભક્તોને પત્ર લખાવો. ભલો આંહીજ સમૈયો ભરો, જન્મઅષ્ટમી ઉત્સવ કરો; તેથી પૃથ્વી આ પાવન થાય, ગણતાં મોટું તીર્થ ગણાય.' (શ્રીહરિલીલામૃત-૫/૨૪/૨૦-૨૧)

**સરધારમાં શ્રીકૃષ્ણ પ્રાગટ્ય મહોત્સવ(જન્માષ્ટમી)ની ઉજવણી કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ**






શ્રી સ્વામિનારાયણ

# ચિંતન

વર્ષ :- ૩, અંક :- ૩, તા. ૨૦-૯-૦૭

:: સંસ્થાપક ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ
:: અધ્યક્ષ ::
પ.પૂ. ૧૦૮ શ્રી
ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ
:: પ્રયોજક ::
પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી
:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચીસ વર્ષ લવાજમ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 130 U.S.A. |
| | : £ 100 U.K. |



:: લવાજમઅંગે ગ્રાહક પત્રવ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.chintansardhar.com
www.sardhar.org
E-mail : amrutdhara2003@yahoo.com


## "વ્હાલા લાગે વાલપના વેણ..."

"...અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ અને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ અને જો કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય."

- ભગવાન શ્રી સ્વામિનારાયણ : વચનામૃત પ્રથમપ્રકરણ : ૩

## :: અનુક્રમણિકા ::


૧ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું અનોખું આચાર્યપદ... ૦૬
- સાધુ અમૃતસ્વરૂપદાસજી ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૨ સરધારમાં શ્રીકૃષ્ણ પ્રાગટ્ય મહોત્સવ (જન્માષ્ટમી)ની ઉજવણી કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ... ૧૪
- સાધુ અમૃતસ્વરૂપદાસજી ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૩ ધનની ભયાનકતા ૧૬
- સાધુ યોગેશ્વરદાસજી ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૪ વચનામૃતની દૃષ્ટિએ ગૃહસ્થ હરિભક્ત... ૧૮
સાધુ દિવ્યસ્વરૂપદાસજી ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૫ સર્વોપરી-સર્વાવતારી પારમૈશ્વર્યભાવ દર્શન... ૨૦
- સાધુ જ્ઞાનવલ્લભદાસજી ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૬ વાણીમાં વિવેક જરૂરી છે... ૨૨
- સાધુ નિર્દોષસ્વરૂપદાસ ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૭ મોહનવરને માન સંગાથે વેર... ૨૪
- પાર્ષદ જનમંગલ ભગત ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૮ આત્યંતિક કલ્યાણ ૨૬
- સદ્ગુરુ સ્વામી શ્રી નંદકિશોરદાસજી - ભૂજ

૯ સત્સંગ સમાચાર પત્રિકા... 30
અહેવાલ :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર



# શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું અનોખું આચાર્યપદ...

સાધુ અમૃતસ્વરૂપદાસજી
ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

આ વિશ્વમાં સંપ્રદાયો તો ઘણા છે, ગુરુઓ અને આચાર્યો પણ ઘણા છે. પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું આચાર્યપદ, એ સર્વમાં એની આગવી વિશેષતાઓને કારણે અલૌકિક પ્રકાશ કરે છે. એમનો મહિમા જેમ સમજવા જેવો છે તેમ એમના વિધિનિષેધો પણ સમજવા જેવા છે. ઉપલક દૃષ્ટિથી જોનાર-વિચારનારને તો એમ લાગે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયનું 'આચાર્યપદ' પોતાના બે ભાઈઓના બે પુત્રોને વહેંચી આપ્યું છે. પણ જો જરા ઊંડા ઊતરીને અને સંપ્રદાયનાં શાસ્ત્રો તેમજ ઈતિહાસની સાખે વિચાર કરવામાં આવે તો આ માન્યતા નખશિખ ભૂલભરેલી અને ખોટી છે એવી પ્રતીતિ તરત જ થાય તેમ છે.

ગઢપુર એ શ્રીજીમહારાજની લીલાભૂમિ છે, જ્યારે વડતાલ તો મહારાજની લીલાભૂમિ ઉપરાંત કર્મભૂમિ પણ છે. પોતાના અનુગામી આચાર્યોની પ્રતિષ્ઠા ભગવાન શ્રીહરિએ વડતાલમાં કરેલી છે. વિ.સં. ૧૮૮૨ના કારતક સુદ - ૧૧ના રોજ, મધ્યાહ્નકાળ વીતે તે પહેલાં શ્રી લક્ષ્મીનારાયણ દેવના મંદિરની પાછળ[1] બિરાજમાન થઈને આશ્રિતજનોની વિશાળ મેદની વચ્ચે વેદોક્ત શાસ્ત્રોના વિધિથી એમણે અનુગામી આચાર્યોની પ્રતિષ્ઠા કરી હતી એમનો પૂર્વ ઈતિહાસ જાણવા-સમજવા જેવો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયના ગુરુ સ.ગુ. શ્રી રામાનંદ સ્વામી, સંપ્રદાયમાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના પ્રિય સખા અને જ્ઞાનવારસ ઉદ્ધવજીના અવતાર ગણાય છે. ધર્મપ્રચારાર્થે એ જ્યારે પ્રયાગક્ષેત્ર[2] માં વિચરતા હતા ત્યારે એમને ધર્મદેવ અને ભક્તિદેવી મળ્યાં હતાં. બંનેએ એમની પાસેથી ભાગવતી વૈષ્ણવી દીક્ષા લીધી.

'अष्टाक्षरौ कृष्णमन्त्रौ तस्मै सोऽपि मुमुक्षवे ।
उपादिशन्मुनिर्दत्त्वा तुलसीकाष्ठजे स्त्रजौ ॥४॥
श्रीकृष्णेति त्वमादिश्च गतिर्मद्वयमन्ततः ।
मनुराद्य इति प्रोक्तो वैष्णवत्वविधापकः ॥५॥
ब्रह्माहमादि च पदं दान्तं कृष्णेति तत्परम् ।
सोऽस्मीत्युक्तो द्वितीयोऽपि मनुरिष्टफलप्रदः ॥६॥'[3]

થોડા વખતમાં જ ધર્મદેવ, રામાનંદ સ્વામીના અંતરનો પરમ પ્રેમ અને સંપૂર્ણ વિશ્વાસ સંપાદન કરી શક્યા. રામાનંદ સ્વામીએ એમને પોતાના સર્વ શિષ્યોમાં જયેષ્ઠપદે નિયુક્ત કર્યા અને મુમુક્ષુઓને દીક્ષા આપીને શિષ્ય બનાવવાનો પોતાનો અધિકાર પણ એમને એકલાને આપ્યો. એ પછી રામાનંદ સ્વામી સૌરાષ્ટ્રમાં આવ્યા અને ધર્મદેવ-ભક્તિદેવી છપૈયા ગયા. આ પ્રસંગ પછી ભગવાન શ્રી સ્વામિનારાયણને વિ.સં. ૧૮૫૮ના કારતક સુદ - ૧૧ના રોજ જેતપુર મુકામે રામાનંદ સ્વામીએ પોતાના અનુગામી આચાર્ય તરીકે નિયુક્ત કર્યા ત્યાં સુધી બીજા કોઈ શિષ્યને એમણે જયેષ્ઠપદે નિયુક્ત કર્યા ન હતા કે કોઈને પોતાનો દીક્ષા આપવાનો અધિકાર આપ્યો ન હતો. શ્રીજીમહારાજનું જન્મવૃત્તાંત રામાનંદ સ્વામીએ જ્યારે જાણ્યું કે પોતાના જયેષ્ઠ શિષ્ય ધર્મદેવના એ પુત્ર છે ત્યારે એમના હર્ષનો પાર ન રહ્યો. એ સહસા બોલી ઊઠ્યા : "હે નીલકંઠ વર્ણી ! તમે તો મારા પ્રિય અને જયેષ્ઠ શિષ્ય ધર્મદેવના પુત્ર છો, એટલે અમારા જ છો."

રામાનંદ સ્વામી પાસે એ વખતે ઉંમરમાં અને અનુભવજ્ઞાનની દૃષ્ટિએ નીલકંઠ વર્ણી કરતાં ચઢિયાતા ગણાય એવા ઘણા સમાધિનિષ્ઠ ત્યાગી-ગૃહી શિષ્યો હતા. પરંતુ પીપલાણા રામાનંદ સ્વામીએ માત્ર ૧૯ વર્ષ અને ૭ માસ જેટલી ઉંમરના નીલકંઠ વર્ણીને ભાગવતી દીક્ષા આપી પછીના એક વર્ષ કરતાં પણ ઓછા સમયમાં એમને પ્રતીતિ થઈ ગઈ કે જેમના પાદુર્ભાવ અને આગમનની એ લાંબા વખતથી રાહ જોઈ રહ્યા હતા તે પરબ્રહ્મ પરમાત્મા પોતે જ નીલકંઠ વર્ણી રૂપે પોતાના શિષ્ય તરીકે વર્તી રહ્યા છે. એમના આનંદની અવધિ આવી ગઈ, પરંતુ તો સાથો જ પરાત્પર પુરુષોત્તમનારાયણ પોતાના શિષ્યભાવે

વર્તી રહ્યા છે તે અંતરખ્યાલથી એમને થોડો ક્ષોભ પણ થયો. સર્વ ગુરુઓના એ મહાગુરુને સંપ્રદાયનું ગુરુપદ સોંપી દેવા એ અધીરા થઈ ગયા. બીજે જ વર્ષે પ્રબોધિની એકાદશીને દિવસે, રામાનંદ સ્વામીએ જ જગદ્‌ગુરુ જગદીશ્વર ભગવાન શ્રી સહજાનંદ સ્વામીને સંપ્રદાયની ધર્મધુરા સોંપી દીધી ત્યારે ભારે રાહત અને અપાર શાંતિ અનુભવી. ધર્મધુરા સોંપી ત્યારે પણ રામાનંદ સ્વામીએ ધર્મદેવને ખાસ યાદ કર્યા હતા અને કહ્યું : ''ધર્મદેવના પુત્રને સંપ્રદાયની ધર્મધુરા સોંપતા મને અનહદ આનંદ થાય છે.''

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઈતિહાસમાં આલેખાયેલી આ હકીકત ઉપરથી નિષ્પન્ન થાય છે તે સંપ્રદાયની ધર્મધુરા ધર્મદેવના પરિવારમાં પરંપરાને ધોરણે પ્રસ્થાપિત કરવાનો નિર્ણય, મૂળે તો રામાનંદ સ્વામીનો જ હતો. વડતાલમાં આચાર્યપદ સ્થાપનાની પ્રતિષ્ઠા કરી તેના આગલા દિવસે એટલે સં. ૧૮૮૨ના કારતક સુદ - ૧૦ને દિવસે સંપ્રદાયના અગ્રગણ્ય ત્યાગીઓ અને ગૃહસ્થોની વડતાલ મંદિરના વિશાળ ચોકમાં મળેલી મંત્રણાસભામાં રામાનંદ સ્વામીના પટ્ટશિષ્ય મુક્તાનંદ સ્વામીએ ઉપર્યુક્ત ઈતિહાસકથા સવિસ્તર કહી સંભળાવી હતી.[૪]

વડતાલમાં દશમને દિવસે જે મંત્રણાસભા મળી હતી તેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે જ સંપ્રદાયના આચાર્યપદે આશ્રિતવર્ગના કોઈ બ્રહ્મચારી, કોઈ સાધુ યા કોઈ ગૃહસ્થાશ્રમીને બેસાડવાની દરખાસ્ત રજુ કરી હતી. પરંતુ એ દરખાસ્તને વધાવવાની કોઈએ હિંમત કરી નહિ. ત્યારે 'સત્સંગની મા'નું બિરુદ પામેલા સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ સભામાં સર્વ આશ્રિતો વતી કહ્યું : ''ત્યાગીએ એટલે સાધુ, સંન્યાસી અને વૈરાગીએ તો સ્ત્રી, દ્રવ્ય, સારું ખાન-પાન અને માન-સન્માનથી હંમેશા દૂર-સુદૂર જ રહેવું જોઈએ. કદાચ, એનો યોગ થાય એવા પ્રસંગો જીવનમાં ઉપસ્થિત થાય તો પણ શક્ય એટલા પ્રયત્ને એ પ્રસંગો એમણે ટાળવા જોઈએ યા એમાંથી વહેલી તકે બહાર નીકળી જવું જોઈએ. આ ચાર બાબતોનો યોગ ત્યાગી માટે પરધર્મ છે, અને જીવનમાં પરધર્મ તો દરેક માટે હંમેશા પ્રાણહારક જ નીવડે છે એવું સત્શાસ્ત્રો અને અનુભવી સત્પુરુષો કહે છે.'' મુક્તાનંદ સ્વામીએ કોઈ સંપ્રદાયનું નામઉચ્ચારણ કર્યા સિવાય આચાર્યપદે બેઠેલા ત્યાગીઓને આ બાબતોના યોગને પરિણામે કેવી યાતનાઓ સહન કરવી પડી હતી અને કરવી પડે છે એના દૃષ્ટાંતો પણ સભામાં કહ્યા હતા. આમ, કોઈ ત્યાગીને સંપ્રદાયની ધર્મધુરા સોંપવાની વાત મુક્તાનંદ સ્વામીએ મૂળમાંથી જ કાપી નાંખી હતી. એ જ પ્રમાણે ગૃહસ્થાશ્રમીની આચાર્યપદે નિયુક્તિ કરવામાં શાસ્ત્રદૃષ્ટિએ તથા વ્યવહારિકદૃષ્ટિએ જે મુશ્કેલીઓ આવે તેમછે તેની વિગતો દર્શાવી. તેમજ ગૃહસ્થાશ્રમીને ધર્મધુરા સોંપવાથી થતી મુશ્કેલીને પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રી દ્વારા રચિત શ્રીહરિલીલા પ્રદીપમાં સદ્‌ગુરુ સંતો શ્રીહરિને કહે છે :-

'कस्मैचिद्‌गृहिणे दद्यास्त्वं गुरुत्वं यदा प्रभो ।
तदा त्यागिजनाश्चैनं मानयेयुर्न सर्वथा ।।'[૫]

''હે પ્રભો ! જ્યારે તમો કોઈ ગૃહસ્થને પોતાનું ગુરુપદ આપો ત્યારે ત્યાગીજનો ગૃહસ્થને સર્વપ્રકારે માને નહિ.''

ભગવાન શ્રીહરિને સદ્‌ગુરુ સંતો આગળ વાત કરતાં કહે છે :-

'धर्मवंश्यो नरस्तस्माज्जनानामेव सर्वशः ।
गुरुत्वेऽत्र त्वदीयानां योग्यो वर्वर्ति सत्पते ।।
तस्मान्नोऽत्र त्वदीयानां त्यागिनां गृहिणां तथा ।
भूयस्येव समग्राणां स्वामिन्नस्ति प्रसन्नता ।।'[૬]

''હે સત્પતે ! તેથી સર્વપ્રકારે ધર્મવંશનો પુરુષ આ ગુરુપદમાં તમારા આશ્રિતજનોને અતિશય યોગ્ય જણાય છે. તે માટે અમો તમારા આશ્રિત સમસ્ત ત્યાગીજનો તથા સર્વે ગૃહસ્થોને ધર્મવંશમાં ઘણી પ્રસન્નતા છે.''

स्थातुं तव पदे योग्यो धर्मवंशोद्‌भवः पुमान् ।
प्रादुर्भूतो भवान् यस्मिन्सर्वकारणकारणम् ।।
यथा सिहांगना दुग्धं स्वर्णपात्रे हि तिष्ठति ।
तथा त्वदीयमेतद्वै धर्मवंश्ये समर्हति ।।'[૭]

''તમારા સ્થાનમાં રહેવા માટે ધર્મવંશ કુળમાં ઉત્પન્ન થયેલા પુરુષ જ યોગ્ય છે, જેમાં સર્વકારણના કારણ આપ પ્રાદુર્ભાવ પામેલા છો. જેમ સિંહણનું દૂધ સુવર્ણ પાત્રમાં રહે છે તેવી રીતે તમારું પદ ધર્મવંશમાં જ યોગ્ય છે.''

'धर्मवंशीयतुल्यो-
ऽन्यो न वै स्यात्
कोऽपि धर्मज ।
त्वदीयधर्मधुर्वाहे
शक्तोऽस्त्येव स नेतरः ।।'[૮]

''હે ધર્મનંદન ! ધર્મવંશી તુલ્ય અન્ય કોઈપણ હરિભક્ત ન થાય. અને આ તમારી ધર્મધુરાનું વહન કરવામાં ધર્મવંશમાં ઉત્પન્ન માણસ જ શક્તિમાન છે બીજો કોઈપણ શક્તિમાન નથી.''

શ્રીજીમહારાજને મુક્તાનંદ સ્વામી કહે છે : ''જો ધર્મકુળનો

''પરાત્પર પુરુષોત્તમનારાયણ પોતાના શિષ્યભાવે વર્તી રહ્યા છે તે અંતરખ્યાલથી રામાનંદ સ્વામીને થોડો ક્ષોભ પણ થયો. સર્વ ગુરુઓના એ મહાગુરુને સંપ્રદાયનું ગુરુપદ સોંપી દેવા એ અધીરા થઈ ગયા. બીજે જ વર્ષે પ્રબોધિની એકાદશીને દિવસે, રામાનંદ સ્વામીએ જ જગદ્‌ગુરુ જગદીશ્વર ભગવાન શ્રી સહજાનંદ સ્વામીને સંપ્રદાયની ધર્મધુરા સોંપી દીધી ત્યારે ભારે રાહત અને અપાર શાંતિ અનુભવી. ધર્મધુરા સોંપી ત્યારે પણ રામાનંદ સ્વામીએ ધર્મદેવને ખાસ યાદ કર્યા હતા અને કહ્યું : ''ધર્મદેવના પુત્રને સંપ્રદાયની ધર્મધુરા સોંપતા મને અનહદ આનંદ થાય છે.''

વડતાલ દેશ આચાર્ય પરંપરા

અમદાવાદ દેશ આચાર્ય પરંપરા



ગૃહસ્થાશ્રમી પુરુષ હોય તો કોઈ મુશ્કેલી ઊભી થવાનો સંભવ નથી. કારણ કે જે કુળમાં પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણે સ્વભક્તોના લાલન-પાલન અને અનેક જીવોના કલ્યાણ માટે મનુષ્યદેહ ધારણ કર્યો હોય એ કુળ હંમેશા પવિત્ર અને પાવનકારી જ ગણાય છે.'' આ રીતે દશમીની સભા પછી ધર્મવંશ કુળમાંથી જ 'આચાર્યપદ' માટે કોઈ પુરુષની વરણી કરવાનો એક જ વિકલ્પ ખુલ્લો રહ્યો હતો.

બીજે દિવસે એકાદશીના રોજ ભગવાન શ્રીહરિએ પ્રથમ પિતા ધર્મદેવનો જન્મોત્સવ ખૂબ ધામધૂમથી વિધિવત્ ઉજવ્યો. આ હકીકતને સુજ્ઞજનોએ હંમેશા ધ્યાનમાં રાખવી ઘટે કે સંપ્રદાયના 'આચાર્યપદ'ની પ્રતિષ્ઠા શ્રીજીમહારાજે ધર્મદેવના જન્મોત્સવના પાયા ઉપર કરેલી છે.

એ પછી 'लक्ष्मीनारायणस्याथ मन्दिरप्राङ्गणे सभा । अपराह्ने महत्यासीत्सुधर्मेव सुरालये'[૯] શ્રી લક્ષ્મીનારાયણના મંદિરના આંગણામાં સ્વર્ગમાં સુધર્મા નામની દેવસભા સમાન સાંજના સમયે મોટી સભા ભરવામાં આવી. જ્યાં હાલમાં આરસનો મોટો ઓટો બનાવેલ છે તે જગ્યાએ ગાદી-તકિયાવાળી એક મોટી પાટ ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણ બિરાજમાન થયા. પાટની પાસે મોટાભાઈ રામપ્રતાપજી અને નાનાભાઈ ઈચ્છારામજી પોતાના પુત્રો સાથે બેઠા હતા. સભામાં એક બાજુ ત્યાગીઓ અને એક બાજુ ગૃહસ્થ હરિભક્તો બેઠા હતા અને ત્યાંથી થોડે અંતરે દૂર એક બાજુ સ્ત્રીભક્તો બેઠા હતા. આજે સભામાં અનુગામી આચાર્યની વરણી થવાની છે એ વાત સર્વત્ર પ્રસરી ગઈ હતી તેથી સૌના મુખ ઉપર આતુરતા અને જિજ્ઞાસાનાં ચિહ્નો વર્તતાં હતાં. શ્રીજીમહારાજના મુખકમળ ઉપર પણ 'स्वां धर्मधुरां धातुकामो वृषान्वये'[૧૦] 'સંપ્રદાયની મારી ધર્મધુરા હવે હું ધર્મવંશ કુળમાં સ્થાપિત કરું' એવો ભાવ અંકિત થયેલો હતો. ભગવાન શ્રીહરિએ પોતાના રામપ્રતાપ તથા ઈચ્છારામએ બે ભાઈઓ પાસે 'धर्मान्ववाये तां निदध्यामधुनेति मे इच्छास्त्यतोऽहं...'[૧૧] ધર્મદેવના કુળમાં સંપ્રદાયની ધર્મધુરાનું સ્થાપન કરું એવી મારી ઈચ્છા છે. એમ કહીને એક એક પુત્રની માગણી કરી. આચાર્યપદ તો એક જ ગણાય અને હોય છતાં શ્રીજીમહારાજે પોતાના બે ભાઈઓ પાસે એક એક પુત્રની માગણી કરી ત્યારે એ સાંભળીને સભાજનોના મનમાં શંકા જાગી : ''મહારાજ પોતાના અનુગામી તરીકે બે આચાર્યો સ્થાપશે કે શું ?'' પરંતુ એ પછી જ જે પ્રસંગ બન્યો અને ભગવાન શ્રીહરિએ જે કહ્યું - કર્યું તેથી એ આશ્ચર્ય અને શંકાઓનું તરત જ નિરાકરણ થઈ ગયું. ભગવાન શ્રી સ્વામિનારાયણની માગણી પ્રમાણે મોટાભાઈ રામપ્રતાપજીએ પોતાના ત્રણ પુત્રો પૈકી વચેટ પુત્ર શ્રી અયોધ્યાપ્રસાદજીને અને નાનાભાઈ ઈચ્છારામજીએ પોતાના પાંચ પુત્રો પૈકી બીજા પુત્ર શ્રી રઘુવીરજીને દત્તપુત્ર તરીકે ગ્રહણ કરવા માટે શ્રીજીમહારાજને શાસ્ત્રોક્ત વિધિ કરીને સોંપણી કરી. શ્રીજીમહારાજે બંને પુરુષોને પોતાના પુત્રપદે ગ્રહણ કર્યા અને પછી એ બે જણને જુદી પાટ મુકાવીને તે ઉપર ન બેસાડતાં -

'आस्थाप्य तावात्मन एव पीठे वस्त्रैरनर्घ्यैः सुविभूषणैश्च ।

सम्मान्य सर्वैर्निजभक्तपुम्भिस्तयोर्मुदाचीकरदर्चनं सः ॥'[૧૨]

''ભગવાન શ્રીહરિએ પોતાના બંને પુત્રોને પોતાના આસન ઉપર બેસાડીને અમૂલ્ય વસ્ત્રો અને શ્રેષ્ઠ વિભૂષણો સત્કારપૂર્વક આપીને પોતાના સર્વે ભક્તો પાસે મહાઆનંદથી પોતાના બંને પુત્રોનું ચંદનપુષ્પાદિથી પૂજન કરાવ્યું.''

પછી આચાર્યપદે નવપ્રતિષ્ઠિત પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા સભાજનોને ઉદ્દેશીને શ્રીજીમહારાજ ધીરગંભીર સ્વરે બોલ્યા : ''હે પુત્રો ! હે ભક્તજનો ! મેં પૃથ્વીમાં અનેક મોટાં મંદિરો કરાવેલાં છે. તથા સર્વે મંદિરોમાં તે તે મંદિરમાં રહેલા અર્ચાવતારોની પૂજાનો પ્રવાહ નિરંતર ચાલે તેને માટે ક્ષેત્રબગીચા વગેરે આજીવિકાઓ કરાવેલી છે. તે મંદિરોમાં બે મંદિરો મુખ્ય છે. તેમાં એક શ્રીનગરમાં (અમદાવાદમાં) નરનારાયણનું જે મંદિર છે અને બીજું આ વૃત્તાલયમાં લક્ષ્મીનારાયણનું જે મંદિર છે. બન્ને મંદિરોના મધ્યવિભાગથી પૂર્વમાં

કલકત્તા સુધી અને પશ્ચિમમાં દ્વારિકાપુર સુધી સમસૂત્ર રેખાના અંતર્ગત પુરગ્રામના લખવાપૂર્વક કરેલા વિભાગથી ભારત નામનો ખંડ (દેશ) મેં બે પ્રકારે કલ્પેલો છે. તે તે નામથી 'આ નરનારાયણના દેશનો વિભાગ, આ લક્ષ્મીનારાયણના દેશનો વિભાગ' એમબે સંજ્ઞાથી કહેવાય છે. આ દક્ષિણ ખંડમાં જનોએ પુણ્ય-પ્રાપ્તિને માટે આપેલું જે જે ધનધાન્ય, વસ્ત્રાદિ વસ્તુ તે તે લક્ષ્મીનારાયણનું જ છે. આ પ્રકારે ઉત્તરખંડમાં પણ જનોએ ધર્મ માટે આપેલું જે ધનધાન્યાદિ વસ્તુ હોય તે તો નરનારાયણનું જ છે. આ પ્રમાણે મેં મર્યાદા બાંધી છે. 'एकैकखण्डे गुस्ता स्वाश्रितानां नृणां मया । पृथक्पृथग्युवाभ्यां तु दीयते धर्मगुप्तये ॥' એક એક ખંડમાં મારા આશ્રિત જનોના ગુરુપદને મેં ધર્મના રક્ષણ માટે તમોને બન્નેને જુદું જુદું આપ્યું છે.''[૧૩]

ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે વિક્તિપૂર્વક સ્પષ્ટતા કર્યા પછી શ્રીજીમહારાજે શુકાનંદમુનિ પાસે બે પત્રિકાઓ (ચિઠ્ઠીઓ) લખાવી. તેમાં એક પત્રિકા ઉપર 'શ્રીનરનારાયણ દેવ' અને બીજી પત્રિકા ઉપર 'શ્રીલક્ષ્મીનારાયણ દેવ' નામ લખાવ્યું. પછી બંને પત્રિકાઓ ભેગી કરીને પોતાના આસન સામે સભામાં વચ્ચે એક પાત્રમાં મુકાવી અને એ પાત્ર પોતાના હસ્તકમળમાં રાખીને તેમાંથી નવપ્રતિષ્ઠીત આચાર્યોને એક એક પત્રિકા ઉપાડવાની આજ્ઞા કરી :

'तदैकैकां जगृहतुः पत्रिकां तौ पृथक् पृथक् ।
गृहीत्वा तत्र कृष्णस्य नामैक्षेतामनाकुलौ ॥
प्राप्तासीद्रघुवीरेण लक्ष्मीनारायणस्य तु ।
पत्र्ययोध्याप्रसादेन नरनारायणस्य च ॥'[૧૪]

પછી બંને આચાર્યશ્રીઓએ એક એક પત્રિકા ગ્રહણ કરી. તેમાં 'શ્રીનરનારાયણ દેવ' નામવાળી પત્રિકા પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને પ્રાપ્ત થઈ અને 'શ્રીલક્ષ્મીનારાયણ દેવ' નામવાળી પત્રિકા પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને પ્રાપ્ત થઈ. ત્યારપછી ભગવાન શ્રીહરિએ સભાજનો પ્રત્યે કહ્યું :

'तद्दष्ट्वा हरिरूचे स्वानाश्रितान् सकलान् जनान् ।
युष्माकमेतौ हि गुरू कृतावद्यदिनान्मया ॥
नरनारायणस्य स्युः खण्डे ये मदुपाश्रिताः ।
ते त्वयोध्याप्रसादस्य शिष्या इत्यवधार्यताम् ॥
लक्ष्मीनारायणस्याथ खण्डे स्युर्ये मदाश्रिताः ।
रघुवीरस्य ते शिष्याः सर्व इत्यवधार्यताम् ॥'[૧૫]

''આજ દિવસથી આરંભીને મેં બંને આચાર્યોને તમારા ગુરુપદે સ્થાપન કર્યા છે. તેમાં જે નરનારાયણ દેશના આશ્રિતો હોય તે અયોધ્યાપ્રસાદજીના શિષ્યો છે અને લક્ષ્મીનારાયણ દેશના આશ્રિતો હોય તે રઘુવીરજીના શિષ્યો છે.'' પછી શ્રીજીમહારાજે દૂર સ્ત્રીભક્તોની સભામાં બેઠેલા શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના ધર્મપત્ની સુનંદાબાઈ અને શ્રી રઘુવીરજી મહારાજના ધર્મપત્ની વિરજાભાઈ - એમને અનુક્રમે શ્રીનરનારાયણ દેવના દેશના અને શ્રી લક્ષ્મીનારાયણ દેવના દેશના સ્ત્રીભક્તોના ગુરુ તરીકે સ્થાપિત કર્યા. અને જેવી રીતે સભામાં પુરુષ આશ્રિતવર્ગે બંને આચાર્યોની પૂજા કરી હતી તે પ્રમાણે એ બંનેની પૂજા કરવાની સ્ત્રીભક્તોને આજ્ઞા કરી. પછી ભક્તજનોને



"...આ દક્ષિણ ખંડમાં જનોએ પુણ્ય-પ્રાપ્તિને માટે આપેલું જે જે ધનધાન્ય, વસ્ત્રાદિ વસ્તુ તે તે લક્ષ્મીનારાયણનું જ છે. આ પ્રકારે ઉત્તરખંડમાં પણ જનોએ ધર્મ માટે આપેલું જે ધનધાન્યાદિ વસ્તુ હોય તે તો નરનારાયણનું જ છે. આ પ્રમાણે મેં મર્યાદા બાંધી છે. **'एकैकखण्डे गुस्ता स्वाश्रितानां नृणां मया । पृथक्पृथग्युवाभ्यां तु दीयते धर्मगुप्तये ॥'** એક એક ખંડમાં મારા આશ્રિત જનોના ગુરુપદને મેં ધર્મના રક્ષણ માટે તમોને બન્નેને જુદું જુદું આપ્યું છે..."

ઉપદેશ આપતાં શ્રીજીમહારાજ કહે છે :

'उभावेतौ धर्मवंश्यौ युष्माभिर्धर्मदेववत् ।
मान्यौ सेव्यौ स्वशक्त्यान्नवस्त्रभूषाधनादिभिः ॥
एतयोश्चैतद्वंश्यानां करिष्यन्ति य आश्रयम् ।
तान् कृष्णो भगवान् धाम देहान्ते नेष्यति स्वकम् ॥'[१६]

"હે ભક્તજનો ! ધર્મવંશમાં થયેલા બંને મારા પુત્રો ધર્મદેવની માફક માનવા. પોતાની શક્તિ પ્રમાણે અન્ન, વસ્ત્ર, ભૂષણ, ધનાદિથી સેવા કરવા યોગ્ય છે. આ મારા બંને પુત્રો તથા તેમના વંશમાં થનારા ગુરુપદમાં રહેલા (આચાર્યશ્રી)ઓનો આશ્રય જે કરશે તે ભક્તોને હું દેહાંતે મારા ધામમાં લઈ જઈશ."

આમ, ભક્તજનોને ઉપદેશ આપીને ફરીથી શ્રીજીમહારાજ બંને આચાર્યોને ઉદ્દેશીને બોલ્યા : "હે પુત્રો ! તમારે પોતપોતાના ખંડ (દેશ)ના જનોને શિષ્યો કરવા પણ એકબીજાના દેશના ન જ કરવા. અને પોતપોતાના ખંડમાં રહેલા જનોએ આપેલા અન્ન, વસ્ત્રાદિ તમોએ ગ્રહણ કરવા; પરસ્પરની અપેક્ષાએ બીજાનું ક્યારેય પણ ગ્રહણ કરવું નહિ. શ્રીલક્ષ્મીનારાયણ દેશના આચાર્યે નરનારાયણ દેશના ભક્તોએ અર્પણ કરેલાં અન્ન, વસ્ત્રાદિ ગ્રહણ કરવાં નહિ અને નરનારાયણદેશના આચાર્યે લક્ષ્મીનારાયણ દેશના હરિભક્તોએ અર્પણ કરેલાં અન્ન-વસ્ત્રાદિ ગ્રહણ કરવાં નહિ. (સાધુ-પાળા આદિ અનુયાયી જનોએ સહિત પોતાના ભોજન પર્યાપ્ત અન્નના ગ્રહણમાં તો પરસ્પર બાધ નથી એમ જાણવું. આથી વધારે અજાણથી લીધું હોય તો એકબીજાએ પાછું મોકલી દેવું. લક્ષ્મીનારાયણ ખંડના જને નરનારાયણાદિની પ્રતિમા આગળ અર્પેલું તેમજ નરનારાયણ ખંડના જને લક્ષ્મીનારાયણાદિની પ્રતિમા આગળ અર્પેલું ધનાદિ બંને આચાર્યોએ પરસ્પર પાછું ન મોકલવું. તે તો ગ્રહણ કરવું. આટલો વિશેષ અર્થ અહીં જાણવો.) જે સાધુઓ-બ્રહ્મચારીઓ અને પાળાઓ છે તે તો તમારે બંનેને શિષ્યભાવમાં સમાન છે. (એમને પૂજ્યપણે તમે તુલ્ય છો.) તે આ સાધુ વગેરે ત્યાગીઓ પક્ષપાત વિના તમારી બંનેની સેવા કરવાને યોગ્ય છે. અને જે સાધુ વગેરે પક્ષપાત કરશે તે પોતાના ધર્મથી ભ્રષ્ટ થશે અને અધોગતિને પામશે. વળી તમારા બંનેના શિષ્યો અને દ્રવ્ય છે પ્રયોજન જેને એવા વિવાદના નિર્ણયમાં ધર્મનિષ્ઠ બે ગૃહસ્થો શ્રી લક્ષ્મીનારાયણદેશમાં રહેલા અને બે ગૃહસ્થો નરનારાયણના દેશમાં રહેલા; કર્તવ્યઅર્થનો નિર્ણય તેમને સોંપવો. સાધુ વગેરેને ક્યારેય પણ વિવાદના અર્થનિર્ણયમાં જોડવા નહિ. વળી પોતાના આશ્રિત સ્ત્રીઓના નિમિત્ત અર્થવિવાદના નિર્ણયમાં તમારા બંનેની સ્ત્રીઓએ સધવા સ્ત્રીઓ પતિ-પુત્રોવાળી બે બે સ્ત્રીઓ કરવી. વિધવા સ્ત્રીઓને ક્યારેય પણ તેના નિર્ણયમાં યોજના કરવી નહિ. જે ગૃહસ્થજનના કાર્યના નિર્ણયમાં ગૃહસ્થભિન્ન-ત્યાગી સાધુઓ અને વિધવા હોય તે ગૃહસ્થનું કાર્ય સિદ્ધ થાય નહિ પરંતુ કર્તવ્યાર્થનો વિનાશ જ થાય. તમો બંનેએ મેં માનેલા આઠ ગ્રંથો વેદાદિને આશરીને હંમેશાં સંપ્રદાયને અનુસરીને વર્તવું, પોતપોતાના શિષ્યજનોને વર્તાવવા."

'यच्चैतद्वा मया दत्तं तदस्ति स्वभुजार्जितम् ।
स्वत्वं कस्याप्यतो नात्र पितुर्भ्रात्रोश्च वै तयोः ॥
तपस्विनमिवर्षिं मां जानीतं बदरीपतिम् ।
स्वेच्छाऽऽगतं स्वधाम्नोऽत्र गन्तारं तत्र वै पुनः ॥
यस्मै दित्सा ममैवासीत्तस्मै स्वातन्त्र्यतो मया ।
दत्तमेतत्स्वकं सर्वं नातो भागोऽत्र कस्यचित् ॥'[१७]

"મેં તમો બંનેને આ મંદિરાદિ અર્પણ કર્યાં છે તે પોતાના પ્રતાપથી સંપાદન કરેલાં છે. માટે આ મેં અર્પણ કરેલા અર્થમાં પિતા ધર્મદેવનું કે આ ભાઈ રામપ્રતાપ અને ઈચ્છારામબંનેમાંથી કોઈનું પણ માલિકીપણું નથી જ. મને બદરીપતિ ઋષિ નારાયણની માફક તપઃપ્રિય નૈષ્ઠિક બ્રહ્મચારી જાણો. પોતાના ધામથી આ લોકમાં પોતાની ઈચ્છાથી આવેલો છું અને ફરીથી પણ સ્વધામમાં જઈશ એમનિશ્ચે જાણો. મારે જેને આપવાની ઈચ્છા હતી તેને મેં સ્વતંત્રપણે મારું આ પૂર્વે કહેલું આપ્યું. માટે મારા આપેલામાં કોઈનો પણ તમારા ભાઈઓ વગેરેનો ભાગ નથી જ. તમારા બંનેના ઘણા પુત્રો થાય તો પણ ગુરુપણાના સ્થાનમાં ગુણી એક પુત્ર સ્થાપવો. આ ગુરુતાના પદમાં પુત્રની સ્થાપનામાં મોટો પુત્ર જ સ્થાપવો આવો નિયમનથી પરંતુ પુત્રોમાં જે ગુણવાન હોય તેની જ સ્થાપના કરવી. જે પુત્રમાં ધર્મનિષ્ઠ જનોની પ્રીતિ હોય, જે પુત્ર પોતાના આશ્રિત જનોના ધર્મનું રક્ષણ કરવામાં સમર્થ હોય, પોતાના ઉદ્ધવ સંપ્રદાયમાં કહેલા ધર્મમાં નિષ્ઠાવાળો હોય તે પુત્ર ગુરુતાના પદમાં સ્થાપન કરવા યોગ્ય થાય. જો પોતાનો પુત્ર તેવા લક્ષણે યુક્ત ના હોય ત્યારે તો મારી

"હે ભક્તજનો ! ધર્મવંશમાં થયેલા બંને મારા પુત્રો ધર્મદેવની માફક માનવા. પોતાની શક્તિ પ્રમાણે અન્ન, વસ્ત્ર, ભૂષણ, ધનાદિથી સેવા કરવા યોગ્ય છે. આ મારા બંને પુત્રો તથા તેમના વંશમાં થનારા ગુરુપદમાં રહેલા (આચાર્યશ્રી)ઓનો આશ્રય જે કરશે તે ભક્તોને હું દેહાંતે મારા ધામમાં લઈ જઈશ."

માફક દત્તવિધિથી પોતાના પુત્રથી બીજો ધર્મવંશનો પુત્રપણે સ્વીકાર કરીને ગુરુતા પદમાં સ્થાપન કરવો. ગુણે રહિત પોતાના પુત્રને સ્થાપન કરવો નહિ. આ મારી આજ્ઞા મારા આશ્રિત સર્વે સત્સંગીઓએ યથાયોગ્ય પાલન કરવી. જે મારા કહેવાથી વિરુદ્ધ વર્તશે તે મારા શિષ્યોની પંક્તિથી બહાર કાઢેલો જાણવો.''

પછી સભામાંથી એકી સાથે અવાજો સંભળાયા : ''મહારાજ ! આવું આચાર્યપદ, જગતમાં હજુ સુધી બીજે ક્યાંય જોયું-વાંચ્યું કે સાંભળ્યું નથી. આવી 'નો'તી દીઠી નો'તી સાંભળી એવી રીત' ભગવાન શ્રીહરિ સિવાય બીજું કોણ પ્રવર્તાવી શકે ?''

ભગવાન શ્રી સ્વામિનારાયણે વડતાલમાં વિ.સં. ૧૮૮૨ના કારતક સુદ - ૧૧ના રોજ આચાર્ય સ્થાપના પ્રસંગે સભામાં સર્વ આશ્રિતોને જે ઉપદેશ આપેલો હતો અને જે આજ્ઞા કરેલી હતી તે એમણે પછી 'દેશવિભાગનો લેખ' એ નામે જાતે લખાવીને ગ્રંથિત કરાવીને બંને આચાર્યોને અર્પણ કર્યો હતો.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્યપદના પ્રતિષ્ઠોત્સવની પૂર્ણાહુતિ શ્રીજીમહારાજે વિ.સં. ૧૮૮૨ કારતક સુદ - ૧૫ના રોજ ભક્તિમાતાનો જન્મોત્સવ ઉજવીને કરી હતી. મુમુક્ષુ જીવાત્માઓ જ્યારે ધર્મનું યથાર્થ પાલન કરતો થાય છે ત્યારે એને સદ્‌ગુરુની પ્રાપ્તિ થાય છે અને સદ્‌ગુરુના વચનોમાં વિશ્વાસ રાખીને નિષ્કામભાવે જ્યારે એ શ્રેયોમાર્ગે આગળ વધે છે ત્યારે એના અંતરમાં પરાભક્તિ ઉદય પામે છે. અને જ્યારે આમ ધર્મ અને ભક્તિનો સુભગ યોગ થાય છે ત્યારે ધર્મ-ભક્તિનંદન ભગવાન શ્રીહરિના દર્શનયોગનો એ અધિકારી બને છે. સંપ્રદાયના આચાર્યપદની પ્રતિષ્ઠાના મહોત્સવના આ બંને સંકેતો સૌ કોઈએ સમજી વિચારીને અંતરમાં ઉતારવા જેવા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયની ધર્મધુરા પિતા ધર્મદેવના કુળના ગૃહસ્થાશ્રમી પુરુષોની પરંપરામાં સ્થાપિત કરેલી હોવાથી સંપ્રદાયના સર્વ આશ્રિતોએ ધર્મદેવના પરિવારની વિગતો અવશ્ય જાણવી સમજવી જોઈએ. આ સાથે ધર્મકુળ વંશવૃક્ષ આપેલું છે. તેમાં શરૂથી અત્યાર સુધીના વંશની વિગતો દાખવેલી છે.

આ પેઢીનામું, અમદાવાદ, મુંબઈ, ગૌંડા તથા અલ્હાબાદની ન્યાયઅદાલતોમાં રજુ થયેલું છે અને તે વાદી-પ્રતિવાદી ઉભય પક્ષને માન્ય હોવાથી અદાલતે લેખિત પુરાવા તરીકે ગ્રાહ્ય રાખેલું છે, એટલે કે અત્રે રજુ થયેલું વંશવૃક્ષ અધિકૃત છે. એક વાત અત્રે ધ્યાનમાં રાખવી ઘટે છે તે એ છે કે દક્ષિણ દેશના આચાર્ય શ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજની પરંપરામાં પુત્ર બતાવેલો છે, પરંતુ તે પુત્ર એમણે ગાદીનો ત્યાગ કર્યા પછી થયેલો છે.

એ ધ્યાનમાં રાખવું ઘટે છે કે શ્રીજીમહારાજે સંપ્રદાયનું આચાર્યપદ, ગાદીસ્થ આચાર્યની ઔરસ પેઢીમાં જ સ્થાપિત કરેલું નથી પણ ધર્મદેવના કુળમાં સ્થાપિત કરેલું છે. એને આજે એકસો ને ઓગણએંશી વર્ષ વીતી ગયા છે એટલે કે વિ.સં. ૧૮૮૨ થી આજ સુધી ધર્મકુળ પરિવારમાંથી જે ભાગ્યશાળી પુરુષો સંપ્રદાયના બંને દેશવિભાગમાં આચાર્યપદે બિરાજેલા હતા અને આજે બિરાજે છે તેમના જન્માદિકની વિગતો સંક્ષેપમાં નીચે પ્રમાણે છે.



## સંદર્ભ ગ્રંથસુચિ...


૧. હાલ જ્યાં આરસનો મોટો ચતુષ્કોણ ઓટો સ્મૃતિરૂપે કરવામાં આવેલ છે.
૨. ત્રિવેણી સંગમ- અલ્હાબાદ.
૩. શ્રીરામાનંદ સ્વામીએ મુમુક્ષુ ધર્મદેવને તુલસીના કાષ્ઠની બેવડી કંઠી ધારણ કરાવી અને પછી તેમને આઠ અક્ષરો છે જેમાં એવા શ્રીકૃષ્ણ પરમાત્માના બંને અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કર્યો. (૪) શ્રીરામાનંદ સ્વામીએ પ્રથમ વૈષ્ણવધર્મની સિદ્ધિ કરાવનાર મંત્રનો ઉપદેશ કર્યો. જે મંત્રને વિષે श्रीकृष्ण અને त्वम् પદ અનુક્રમથી પ્રથમપ્રાપ્ત થાય છે, તથા गतिः એ પદ મધ્યમાં અને मम એ બે મકાર અંતમાં આવે છે તેવા વૈષ્ણવ પણાની સિદ્ધિ કરાવનાર 'श्रीकृष्ण त्वं गतिर्मम' એ મંત્રનો રામાનંદ સ્વામીએ ધર્મદેવને ઉપદેશ કર્યો. (૫) ત્યારબાદ સમગ્ર મનોરથોને પૂર્ણ કરનાર મહામંત્રનો પણ ઉપદેશ કર્યો. જે મંત્રને વિષે ब्रह्माहं એ પદ પ્રથમપ્રાપ્ત થાય છે અને તે પછી दा પદ જેના અંતમાં રહેલું છે એવું कृष्ण પદ પ્રાપ્ત થાય છે અને તે પછી सोऽस्मि પદ જેનાં અંતમાં આવેલું છે. આ પ્રકારે ઈચ્છિત ફળને આપનાર 'ब्रह्माहं कृष्णदासोऽस्मि' આ મહામંત્રનો ઉપદેશ કર્યો. (૬) (શ્રી સત્સંગિજીવન:૧/૧૬/૪-૫-૬)
૪. આ પ્રસંગનું સવિસ્તર હકીકત વર્ણન, સંપ્રદાયના માન્ય શાસ્ત્રો જેવા કે, શ્રીમદ્ સત્સંગિજીવન, શ્રીહરિદિગ્વિજય, શ્રીહરિલીલાકલ્પતરુ, શ્રીહરિલીલામૃત વગેરે ગ્રંથોમાં કરવામાં આવેલું છે.
૫. શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.-૯, શ્લો.-૮.
૬. શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.-૯, શ્લો.-૯-૧૦.
૭. શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.-૯, શ્લો.-૧૧-૧૨.
૮. શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.-૯, શ્લો.-૧૩.
૯. શ્રીમદ્ સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૧.
૧૦. શ્રીમદ્ સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૧૦.
૧૧. શ્રીમદ્ સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૧૬.
૧૨. શ્રીમદ્ સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૨૨.
૧૩. શ્રીમદ્ સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૨૪ થી ૨૯.
૧૪. શ્રીમદ્ સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૩૨-૩૩.
૧૫. શ્રીમદ્ સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૩૪ થી ૩૬
૧૬. શ્રીમદ્ સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૩૮-૩૯
૧૭. શ્રીમદ્ સત્સંગિજીવન : પ્ર.૪, અધ્યા. ૪૦, શ્લો. ૪૭ થી ૪૯

## દક્ષિણ વિભાગ વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠસ્થાન પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તવારીખ

| ક્રમ | આ. શુભ નામ | જન્મ | ગાદીઅભિષેક | આચાર્યપદેથી નિવૃત્તિ | અક્ષરવાસ |
|---|---|---|---|---|---|
| ૧ | પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ | સં.૧૮૬૮ ફાગણ વદ - ૪ | સં.૧૮૮૨ કારતક સુદ - ૧૧ | સં. ૧૯૧૩ કારતક સુદ - ૧૫ | સં.૧૯૧૯ મહા સુદ - ૨ |
| ૨ | પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ | સં. ૧૮૯૪ આસો વદ - ૯ | સં. ૧૯૧૩ કારતક સુદ - ૧૫ | સં. ૧૯૩૫ શ્રાવણ વદ - ૮ | સં. ૧૯૩૫ શ્રાવણ વદ - ૧૦ |
| ૩ | પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ | સં. ૧૯૦૮ ચૈત્ર વદ - ૩૦ | સં. ૧૯૩૫ શ્રાવણ વદ - ૮ | - | સં. ૧૯૫૫ ભાદરવા સુદ - ૮ |
| ૪ | પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી શ્રીપ્રતિપ્રસાદજી મહારાજ | સં.૧૯૩૧ શ્રાવણ વદ - ૧ | સં. ૧૯૬૫ વૈશાખ સુદ - ૭ | સં. ૧૯૮૭ માગશર વદ - ૧૦ | સં. ૧૯૮૭ મહા સુદ - ૬ |
| ૫ | પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજ | સં. ૧૯૬૨ શ્રાવણ સુદ - ૧ | સં. ૧૯૮૭ માગશર વદ - ૧૦ | સં. ૨૦૧૫ ચૈત્ર વદ - ૮ | સં. ૨૦૩૦ અષાઢ વદ - ૪ |
| ૬ | પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ | સં. ૧૯૮૬ પોષ વદ - ૧૧ | સં. ૨૦૧૫ ચૈત્ર વદ - ૮ | સં. ૨૦૪૦ વૈશાખ સુદ -૧૩ | સં. ૨૦૪૨ જેઠ વદ - ૨ |
| ૭ | પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ | સં. ૨૦૦૫ શ્રાવણ વદ - ૭ | સં. ૨૦૪૦ વૈશાખ સુદ-૧૩/૧૪ | - વર્તમાન પીઠાધિપતિ | - વિદ્યમાન છે |
| ૮ | ભાવિઆચાર્ય પ.પૂ. લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ | સં. ૨૦૩૦ ફાગણ વદ - ૫ | - - | - - | - - |

## ઉત્તર વિભાગ અમદાવાદ દેશ શ્રી નરનારાયણ દેવ ગાદી પીઠસ્થાન પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તવારીખ

| ક્રમ | આ. શુભ નામ | જન્મ | ગાદીઅભિષેક | આચાર્યપદેથી નિવૃત્તિ | અક્ષરવાસ |
|---|---|---|---|---|---|
| ૧ | પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ | સં.૧૮૬૫ જેઠ સુદ - ૪ | સં.૧૮૮૨ કારતક સુદ - ૧૧ | - | સં.૧૯૨૪ ફાગણ સુદ - ૭ |
| ૨ | પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ | સં. ૧૮૯૧ ચૈત્ર વદ - ૪ | સં. ૧૯૨૪ ફાગણ સુદ - ૭ | - | સં. ૧૯૪૬ ચૈત્ર વદ - ૪ |
| ૩ | પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ | સં. ૧૯૨૬ મહા વદ - ૨ | સં. ૧૯૪૬ ચૈત્ર વદ - ૪ | - | સં. ૧૯૫૮ કારતક વદ - ૩૦ |
| ૪ | પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ | સં.૧૯૫૫ અષાઢ સુદ - ૯ | સં. ૧૯૫૮ કારતક વદ - ૩૦ | - | સં. ૧૯૯૩ કારતક વદ - ૧ |
| ૫ | પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ | સં. ૧૯૭૮ આસો સુદ - ૧૫ | સં. ૧૯૯૩ કારતક વદ - ૨ | - | સં. ૨૦૨૫ આસો સુદ - ૧ |
| ૬ | પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ | સં. ૨૦૦૦ ચૈત્ર વદ - ૩ | સં. ૨૦૨૫ આસો સુદ - ૨ | સં. ૨૦૬૦ આસો સુદ - ૨ | નિવૃત્ત - |
| ૭ | પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ | સં. ૨૦૨૮ આસો સુદ - ૧૦ | સં. ૨૦૬૦ આસો સુદ - ૨ | - વર્તમાન પીઠાધિપતિ | - વિદ્યમાન છે |
| ૮ | ભાવિઆચાર્ય પ.પૂ. લાલજી શ્રી વજેન્દ્રપ્રસાદજી મહારાજ | સં. ૨૦૫૩ અષાઢ વદ - ૧૦ | - - | - - | - - |

અનુસંધાન પાન નં. ૧૭નું ચાલુ...

પરંતુ... તેની વાછડી ન લીધી કેમકે તેના રૂપિયા જુદા દેવા પડે તેમ હતા. આખી રાત વાછડી મા...મા... કરતી કરૂણ સ્વરે ભાંભરતી રહી. ખેડૂત મધરાતે શેઠ પાસે ગયો. કરગરીને કહેવા લાગ્યો કે વાછડી પણ તમે મફત રાખી લો. એ ગાય-વાછડીને સાથે રહેવા દો. શેઠ ન માન્યો... હઠે ચડ્યો'તો.

સવારે બેયની લાશ પડી. ગાયની અને વાછડીની. એક બીજાના વિરહના આઘાતમાંસ્તો... કેવો ક્રૂર વાણીયો !

થોડાક દિવસ વીત્યા ન વીત્યા ત્યાં હમણાં જ સાસરે વળાવેલી કન્યા રાંડી. ઘરે દીકરો યમસદન પહોંચી ગયો.

ધન લંપટ લોકો જ અમીચંદ બની શકે, મીરજાફર કે જયચંદ રાઠોડ થઈ શકે. શિવાજી મહારાજનો ખાસ અંગત લશ્કરી અફસર લક્ષ્મણ રાવ પૈસાના પાપે ફૂટી ગયો. એતો એની પત્ની શકુન્તલાને ખબર પડી ગઈ. રાષ્ટ્ર-દ્રોહ, વિશ્વાસઘાત વગેરે પાપો નહિ કરવા માટે તેને સમજાવ્યો. પણ સાત પેઢીને માલંમાલ થાય એટલુ ધન આપવાની ઔરંગઝેબની કટકીમા એ ન સમજ્યો.

બસ ! બીજી જ ક્ષણે શકુન્તલાએ રણચંડી બનીને તેના પેટમાં કટારીના ઘા ઉપર ઘા ઝીંકી દઈને તેની લાશ પાડી નાખી.

હાય પૈસો ! તે આવા કેટલાકને ભાન ભુલાવ્યા હશે ?

બનારસના સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય માટે મદનમોહન માલવી ફંડ કરવા નીકળ્યા હતા. નિઝામ પાસે ગયા. નિઝામે મોં બગાડ્યું. માલવીએ કહ્યું : "તમારે કાંઈક પણ આપવું પડશે નહિ તો હું ખસવાનો નથી." નિઝામ ઉશ્કેરાઈ ગયા, પગનું ખાસડું કાઢીને તેમની તરફ ફેંક્યું. માલવીએ તે લઈને ખૂબ આભાર માન્યો. બીજે દિવસ તેની હરાજી કરવાની તારીખની જાહેરાત કરી. નિઝામનું જોડુ હરાજીમાં મુકાય તો તે જોડા સાથેની વાતો જાહેર થાય. જેમાં નિઝામની આબરું ધૂળભેગી થાય. આ વાત કારભારીએ નિઝામને જણાવતા કોઈપણ ઉંચા આંકે જોડું લઈ લેવાનું નક્કી કરાયું.

માલવી પણ પાકા હતા. નિઝામની સામે આંક બોલનારો શ્રીમંત ખડો કરી દીધો. ખૂબ મોટી રકમથી જોડું કારભારીને હાથવગું કરવું પડ્યું.

માલવીને નિઝામતરફથી મસમોટું દાન મળ્યું.

કોઈ કવિએ કહ્યું છે :

'મરી જાઉં માગું નહિ, અપને તન કે કાજ,
પરમારથ કે કારણે, મોહી ન આવે લાજ.'

નિઝામ જેવા ધરતી ઉપર કેટલાક લવારા કરતા હોય છે. તેમની જેમ અભિમાની છે, વક્ર છે, પૈસાના કંજુસ છે, અતિ કરકસરીયા છે, ભોગના લંપટ છે, જાતીય વાસનામાં વિકૃત છે, ઔચિત્ય સેવનમાં તો સમજતા જ નથી, જરાય મિલનસાર નથી, જરાય હસતા નથી, જરાય ઘસાવા તૈયાર નથી. આવા પિત્તળ સ્વભાવના લોકો દેખાવવામાં ગમે તેટલા રૂપાળા હોય, ખૂબ ભણેલા હોય, સમાજમાં મોટા કામકરતા હોય તો પણ તેમની કિંમત ફૂટી બદામ જેટલી પણ ગણી શકાય નહી.



"...ધન લંપટ લોકો જ અમીચંદ બની શકે, મીરજાફર કે જયચંદ રાઠોડ થઈ શકે. શિવાજી મહારાજનો ખાસ અંગત લશ્કરી અફસર લક્ષ્મણ રાવ પૈસાના પાપે ફૂટી ગયો. એતો એની પત્ની શકુન્તલાને ખબર પડી ગઈ. રાષ્ટ્ર-દ્રોહ, વિશ્વાસઘાત વગેરે પાપો નહિ કરવા માટે તેને સમજાવ્યો. પણ સાત પેઢીને માલંમાલ થાય એટલુ ધન આપવાની ઔરંગઝેબની કટકીમા એ ન સમજ્યો. બસ ! બીજી જ ક્ષણે શકુન્તલાએ રણચંડી બનીને તેના પેટમાં કટારીના ઘા ઉપર ઘા ઝીંકી દઈને તેની લાશ પાડી નાખી..."



# સરધારમાં શ્રીકૃષ્ણ પ્રાગટ્ય મહોત્સવ (જન્માષ્ટમી)ની ઉજવણી કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ...

સાધુ અમૃતસ્વરૂપદાસજી
ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

'જન્માષ્ટમી આવતી જાણી, કહી ભક્તોયે વિનયની વાણી;
સંતમંડળ સર્વ તેડાવો, હરિભક્તોને પત્ર લખાવો.
ભલો આંહીજ સમૈયો ભરો, જન્મઅષ્ટમી ઉત્સવ કરો; તેથી
પૃથ્વી આ પાવન થાય, ગણતાં મોટું તીર્થ ગણાય.'
(હરિલીલામૃત : ૫/૨૪/૨૦-૨૧)

શ્રીહરિ સરધારમાં ભક્તજનોને દિવ્ય આનંદ આપી રહ્યા છે. ત્યારે જન્માષ્ટમીનો ઉત્સવ નજીક આવતો હતો. પછી રાજા તોગાભાઈ આદિક ભક્તજનોએ શ્રીહરિને વિનંતી કરીને કહ્યું : હે મહારાજ ! સર્વ સંતો-ભક્તોને તેડાવો અને અહિંયા જન્માષ્ટમીનો મોટો સમૈયો કરો, તેથી આ પુરમાં રામાનંદ સ્વામી અને આપ પધારી અનેક લીલાઓ કરી છે તે સહુ જાણે અને આ ગામની પૃથ્વી પાવન થાય તેમજ ભવિષ્યમાં મોટું તીર્થ ગણાય.

'શબ્દ સાંભળી શામને ભાવ્યા, સતસંગી ને સંત તેડાવ્યા,
શિળ સાતમદિન એહ ઠાર, લોક આવ્યા હજારો હજાર.'

પછી શ્રીહરિએ ભક્તોની વિનંતિ સાંભળી દેશો-દેશમાં સંતો-હરિભક્તોને પત્ર લખાવ્યા. શ્રીહરિ સરધારમાં જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવે છે એવા સમાચાર આજુબાજુ ગામે-ગામ, શહેરે-શહેર પ્રસરી ગયા. કરીયાણાથી દેહાખાચર ને મીણબાઈ ત્યાં જન્માષ્ટમીના ઉત્સવનો લાભ લેવા આવ્યાં. બીજા પણ ઘણા ભક્તો ત્યાં આવ્યાં. સરધારમાં શીતળા સાતમને દિવસે દેશોદેશથી હજારો ભક્તોની ભીડ જામી. ગામમાં સરોવરને કાંઠે તંબુ તણાવ્યા હતા, ત્યાં અલગ-અલગ યોગ્ય જગ્યાએ સંતો-ભક્તોને ઉતારા આપવામાં આવ્યા.

## સરોવરમાં માછલાંઓને સમાધિ :

આષાઢી સંવત ૧૮૬૧ના શ્રાવણ વદિ ૭ને દિવસે શ્રીહરિ સંઘ સાથે તળાવે પધાર્યા. શ્રીહરિ રોઝા ઘોડા ઉપર બિરાજ્યા. સેવકો ચામર ઢોળવા લાગ્યા. બંદીજનો છડી પોકારવા લાગ્યા. સંતો-હરિભક્તો કીર્તન ગાતા સરોવર પાસે આવ્યા. શ્રીહરિ ઘોડા ઉપરથી ઊતર્યા. વસ્ત્રો ઉતારી તળાવમાં સ્નાન કરવા પધાર્યા. સખાઓ પણ શ્રીહરિ સાથે સરોવરમાં ઊતર્યા. ગોપમંડળી કરી શ્રીહરિએ જળલીલા કરી. સંતોને-સખાઓને ખૂબ આનંદ કરાવ્યો.

બહાર નીકળી શરીર લૂછતાં શ્રીહરિએ કહ્યું : ''રામાનંદ સ્વામીએ આ તળાવમાં ઘણી વાર સ્નાન કર્યું છે. વળી, અમે પણ ઘણી વાર નાહ્યા છીએ. મહાપવિત્ર તીર્થ સમાન આ જળમાં જીવ-પ્રાણીમાત્ર જે કોઈ સ્નાન કરશે તે પરમગતિને પામશે.''

'એવી જ્યાં કરે છે હરિ વાત, થયું અચરજ એક અઘાત.
મત્સ્ય કચ્છ હતા માંહિ જેહ, તરી આવ્યા ઉપર સહુ તેહ.
હાલે ચાલે નહી સ્થિર થયા, સૌએ જાણ્યું એ તો મરી ગયા.'

શ્રીહરિની આ વાતથી ત્યાં એક આશ્ચર્ય બન્યું. જળમાં રહેલાં માછલાં, કાચબા પાણીની સપાટી ઉપર આવી ગયાં. જાણે જડ બની ગયાં હોય તેમતે સૌ પાણી ઉપર તરવા લાગ્યાં. આ જોઈ કોઈએ શ્રીહરિને પૂછ્યું : ''પ્રભુ ! આ માછલાં પાણી ઉપર મડાની જેમ તરે છે તે મરી ગયાં છે કે શું?''

ત્યારે શ્રીહરિએ કહ્યું : ''એમને સમાધિ થઈ છે અને ભગવાનના દર્શનનું સુખ લે છે.''

શ્રીહરિ સૌને સમાધિ કરાવે છે પરંતુ માછલાં પણ આ રીતે જડવત્ બની પ્રભુના સુખનો આસ્વાદ માણી રહ્યા છે તે સૌને આશ્ચર્યમય લાગ્યું, મુક્તાનંદ સ્વામી આગળ આવ્યા અને શ્રીહરિને કહ્યું : ''મહારાજ ! આ માછલાં પાણી ઉપર તરે છે પણ સમળા કે સિચાણા તેમને મારી નાખશે માટે તેમને સમાધિમાંથી જલદી બહાર લાવો.''

શ્રીહરિ સ્વામીને કહે : ''અમને કેવા જાણા છો?''


મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ તો સર્વકારણના કારણ છો, સર્વના કર્તા થકા અકર્તા છો, ભગવાન છો."

શ્રીહરિ મુક્તાનંદ સ્વામીની વાત સાંભળીને હસ્યા. તેમણે કહ્યું : "સ્વામી ! જીવપ્રાણી માત્રની દોરી મારા હાથમાં છે. જગતમાં જે કાંઈ થાય છે તે અમારી ઈચ્છાથી જ થાય છે. અમારી ઈચ્છાથી જ વાયુ વાય છે, અમારી ઈચ્છાથી વૃષ્ટિ થાય છે, સૃષ્ટિ થાય છે, સૂર્ય આકાશે ઉગે છે, ચંદ્ર આકાશે દેખાય છે, અને પાળ વિનાનો સમુદ્ર મર્યાદા મૂકતો નથી, શેષનારાયણ પૃથ્વીને પોતાના શીશ ઉપર ધરી રહ્યા છે એ બધું અમારી ઈચ્છાથી થાય છે. અમારી ઈચ્છા વિના જો સૂકું પાંદડું પણ હાલી ન શકે તો આ માછલાંને કોણ મારનાર છે ? હું જેની રક્ષામાં છું તેનો ઘાત કોણ કરી શકે ?"

શ્રીહરિના દિવ્યભાવનું સતત જાણપણું ન રહ્યું તેથી મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિના ચરણકમળમાં તરત જ મસ્તક નમાવી દીધું. પછી કહ્યું : "મહારાજ ! આપ સર્વકર્તા છો એ ભાવની દૃઢ નિષ્ઠા અમારા અંતરમાં અચળ રહે એવી કૃપા કરો. પ્રસંગે એ જાણપણું નથી રહેતું એ ખોટ છે."

પછી શ્રીહરિએ માછલાં તરફ જોયું અને તરત જ તેમનામાં ગતિ આવી.ફરી પાછા સરોવરમાં ફરવા લાગ્યા. આ આશ્ચર્ય જોઈને સૌને શ્રીહરિનો અલૌકિક પ્રતાપ જણાયો.

શ્રીહરિ સંઘ સાથે ઉતારે પધાર્યા. શ્રીહરિના સંબંધે સરધાર ગામમાં નવો ઉત્સાહ પ્રગટ્યો હતો. તેમને પરમાત્માના સ્વરૂપની ઝાંખી ન હતી. છતાં સંતો જેમના સંબંધે આવો નિષ્કામધર્મ પાળી શકતા હોય; માન, લોભ, સ્વાદ અને સ્નેહના ભાવથી પર બની ગયા હોય; જેમના સંબંધે મનુષ્યોનાં હૃદય નિર્મળ બની ભગવાનની ભક્તિ તરફ પ્રેરાતાં હોય; જગતની ગંધ અંતરમાંથી ઓગળી જતી હોય તે પુરુષને પરમાત્મા કહેવામાં તેમનું મન અચકાયું નહિ. શ્રીહરિના સ્વરૂપમાં આખું ગામ ખેંચાયું. ભક્તિના ભાવે રંગાયેલું ગામ આજે હિલોળે ચડ્યું હતું.



### મતપંથીઓ શાસ્ત્રાર્થ માટે આવ્યા :

આ રીતે ગામના મુમુક્ષુજનો શ્રીહરિના એશ્વર્ય-પ્રતાપો જોઈને આશ્રિતો થવા લાગ્યા. શ્રીહરિ પ્રત્યેનું આ આકર્ષણ ગામના કેટલાક મતપંથવાદીઓને ન રુચ્યું. તેમને લાગ્યું કે આ જીવનમુક્તાનો કોઈ પણ રીતે પરાભવ કરવો જોઈએ. તે રાત્રે સભામાં સૌ એકત્રિત થયા. તેમાં વામપંથી, વેદાંતી, શાક્તપંથી વગેરે હતા. દરેકને ઈચ્છા હતી કે પ્રશ્નો પૂછી શ્રીહરિને મૂંઝવવા. પરંતુ સભામાં બેઠા અને તેમનાં નેત્રની વૃતિ સ્થિર થઈ ગઈ ! અંતકરણ પણ નિર્મળ બની ગયા ! મુક્તાનંદ સ્વામીના મૃદુ કંઠે ગવાતાં કીર્તન ગાજ્યાં. સૌ તરબોળ બની ગયા !

પછી શ્રીહરિનો ઘેરો નાદ સંભળાયો. તેમાં ધર્મની વાત આવી. નિષ્કામધર્મનું અતિશય પ્રતિપાદન થયું. સદાચારની આવશ્યક્તા જણાવી. શ્રીહરિના શબ્દોની, પ્રમાણોની ધારી અસર વામમાર્ગીઓ ઉપર થઈ. તેમના પ્રશ્નો જ ઓસરી ગયા. દિગ્મૂઢ બની તેઓ સાંભળી જ રહ્યા. શ્રીહરિએ જ્ઞાનની ચર્ચા કરી. આત્મા-પરમાત્માનાં સ્વરૂપોમાં ભેદ બતાવ્યો. ગુરુશિષ્યના સંબંધે અભેદભાવની કલ્પના અવાસ્તવિક બનાવી દીધી. જગતના મિથ્યાત્વને ભ્રમ મનાવી, તેનું નાશવંતપણું સમજાવી વૈરાગ્યની દૃઢતા કરાવી.

સ્વયં પરમાત્માના આ શબ્દો હતા. શ્રીહરિએ સૌનાં અંતર પકડી પોતાના વક્તવ્યને - પોતાના આ દિવ્ય શબ્દોને - સૌનાં અંતરમાં સ્થાપી દીધા. મતપંથીઓએ પોતાનો ભ્રામક સ્વાંગ ત્યજી દીધો, સત્સંગનો અંચળો પહેરી લીધો. સૌ આશ્ચર્યવત્ બની આ પરિવર્તન જોઈ રહ્યા.

### જન્માષ્ટમીનો ઉત્સવ :

બીજે દિવસે જન્માષ્ટમીનો ઉત્સવ હતો. આ ઉત્સવ માટે શ્રીહરિએ દેશોદેશમાં આમંત્રણો મોકલ્યાં હતાં. જુદા જુદા દેશોમાં ધર્મપ્રસારણ અર્થે વિચરણ કરતાં સંતોના મંડળોને પણ તેડાવ્યા હતાં. સૌ આવી ગયા હતા. શ્રીહરિનાં દર્શન કરવા તેમની અમૃતમય દૃષ્ટિ ઝીલવા, તેમની પરાવાણીના શબ્દોને અંતરમાં ઉતારવા અને એ રીતે જીવન જીવવાના સંકલ્પ કરતા હજારો હરિભક્તોની મેદની ભરાઈ ગઈ. શ્રી હરિલીલામૃત ગ્રંથ અને સંતોના મંતવ્ય પ્રમાણે ત્રણ લાખથી વધારે ભક્તો આ જન્માષ્ટમીના ઉત્સવનો લાભ લેવા આવ્યા હતા. કારિયાણીથી ખટવાંગ રાજા અર્થાત્ માંચાખાચર પણ આવી ગયા હતા.

**અનુસંધાન પાન નં. ૨૯ પર**




# ધનની ભયાનકતા

પૈસો મારો પરમેશ્વર,
હું પૈસાનો દાસ,
પોલાદી આ તિજોરી પર,
હુ ઝેરીલો સાપ.

સાધુ યોગેશ્વરદાસજી
ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

શાસ્ત્રોમાં તો ધનના પુરૂષાર્થને અધમાધમ પુરૂષાર્થ કહ્યો છે.

કામ પુરૂષાર્થ એ અધમ પુરૂષાર્થ છે. અધમાધમ પુરૂષાર્થ નથી. કેમકે તેનું સેવન કરનાર તે વખતે થાકી જતો હોય છે. કામ ચલાઉ રીતે પણ તૃપ્તિ અનુભવતો હોય છે. તૃપ્તિના એ કલાકોમાં જો તેને સત્સંગ અને સદ્‌બોધ મળે તો તેને ઝીલવા માટે તેનું મન એકદમ તૈયાર હોય છે.

ધન પુરૂષાર્થમાં કાંઈ 'હદ' રહેતી નથી. પચાસ લાખ, પાંચ કરોડ રૂપિયા કમાયા બાદ પણ વધુ કમાવાની ઈચ્છા અદમ્ય રહેતી હોય છે. ચોવીસેય કલાક પૈસા કમાવાની વાસના ચાલતી હોય છે. હદ વિનાનો બેહદ બનેલો ધન પુરૂષાર્થ અધમથી પણ અધમ કહેવાયો છે.

પેલા ખેડૂતને રાજાએ કહ્યુ : ''તું જેટલી જમીન માપીશ તેટલી તને ભેટ આપીશ. શરત એટલી કે સૂર્યાસ્તની પૂર્વે તારે મારી પાસે હાજર થવું પડશે.''

ખેડૂતે લાંબી દોટ કાઢી. ખૂબ દૂર સુધી પહોંચ્યો. તેની સામે જ સૂર્ય આથમી રહેલો દેખાતો છતા વધુ લોભ કર્યો. પાછા ફરવાનું તો થયુ પણ રાજા પાસે પહોચી ન શક્યો. એના આઘાતમાં તે ધબાક કરતો પડ્યો, મરી ગયો.

સેંકડો એકર જમીનનો માલીક બનવા દોડેલા ખેડૂતને માત્ર સાડા ત્રણ હાથની જમીન બાળવા માટે બસ થઈ પડી.

રાજાએ કપિલે બ્રાહ્મણને કહ્યું : ''જોઈએ તેટલુ સોનું માંગીલે.'' તેને અધધધ માંગી લેવાની વાસના જાગી, પચાસ લાખ મણ સોના સુધી પહોંચ્યો. 'હજી વધુ માંગવું જરૂરી છે' એવી સમજમાં તે તંગ થઈ ગયો, તેનું માથુ ઘૂમવા માડ્યું - તે ત્રાસી ગયો - બે હાથે તેણે માથુ પકડી લીધું જોરથી દબાવ્યું.

સદ્‌ભાગ્યે તેણે મનોમન માંગણી ઘટાડવાનું શરૂ કર્યું. જેમ જેમ માંગણી ઘટતી ગઈ તેમ તેમ શાંતિ થઈ, સાવ શૂન્ય ઉપર આવી ગયો ત્યારે હાશ ! હાશ ! થઈ ગયું. પરમ સંતોષ અનુભવ્યો.

જીવ જેમ જેમ ભૌતિક ભોગ સામગ્રીથી ભરાતો જાય તેમ તેમ ભીતરમાં ખાલી થતો જાય. જેમ જેમ ભીતરમાં આત્માનંદથી ભરાતો ઉભરાતો જાય તેમ બહારથી ખાલી થતો જાય.

अपूर्णः पूर्णतामेति, पूर्यमाणस्तु हीयते ।

જેટલી જરૂરિયાત ઓછી તેટલુ પાપ ઓછુ, તેટલો આનંદ વધારે.

તે માણસ સૌથી વધુ શ્રીમંત છે, જેની જીવન જરૂરીયાતની વસ્તુઓ સાવ સસ્તી છે.

બેફાક શ્રીમંત થવુ હજી સહેલ છે. પણ સાવ સાદા થવું મુશ્કેલ છે. આ સંસારમાં સકળ અનર્થોનું મૂળ અર્થ છે.

પૈસાની બધી સ્થિતિમાં કમાવાનું, રક્ષણનું, આવકનું, જાવકનું, દુઃખ દુઃખ અને દુઃખ જ હોય છે.

अर्थानामर्जने दुःखं, अर्जितानां च रक्षणे ।
आये दुःखं, व्यये दुःखं, धिगर्थं दुःखभाजनम् ॥

જે ધનમાં મુર્ચ્છિત છે તે બધી વાતે નકામો છે.

જો અર્થોપાર્જનને નીતિની બ્રેક લગાડાય અને કામને પરસ્ત્રીગમનની બ્રેક લગાડાય તો તે બન્ને ખૂબ નિયંત્રિત બની રહે, આ તે જ માણસ કરી શકશે જેને સંતોષથી જે મળે તે જીવીને પરલોક સુધારવામાં પાકો રસ છે. પરલોકની યાત્રામાં દુર્ગતિ અને દુઃખ ન પામવા હોય તો આ નિયંત્રણો અને સંતુષ્ટ ચિત્તસ્થિતિ અત્યંત આવશ્યક છે.

વિમાનમાં મુસાફરી કરનારાઓ એરોડ્રામના મકાનોમાં જ્યાં ત્યાં

વાંચતા હોય છે **Travel Light...**

ભાઈ ! સાવ ઓછા ભાર સાથે આકાશમાં ઉડો. આ વાત આધ્યાત્મિક જગતમાં અત્યંત આવશ્યક છે.

સાદું અને સંતુષ્ટ જીવન એ આ લોકનું શ્રેષ્ઠ જીવન ગણાય.

સાદામાં સાદું જીવન, ઉંચામાં ઉંચું ચિંતન.

આ બે જો આપણી પાસે હોય તો આપણા આ લોક અને પરલોક બેય **Sate** બની જાય.

સામાન્યતઃ એવુ કહી શકાય કે ધન એ જરાય સારી ચીજ ન હોવાથી તે બુધ્ધિને ભ્રષ્ટ કરનાર હોવાથી તેનો જરૂરીયાત જેટલો જ સંગ્રહ કરવો. જો તેની આવક વધી પડે તો તે આખા ઘરમાં મોટુ નુકસાન કરી બેસે.

નદીમાં બારેમાસ વહી જતું પાણી સારૂ. પણ જો તે ઘોડાપૂર બની જાય તો મહાભયંકર. ગામોના ગામોને તારાજ કરી નાખે.

માપસરનો નખ સારો, શરીરે શોભા કરે. પણ જો તે વધી જાય તો મેલ ભેગો કરે, ચાલતા ઠેસ વાગે અને કાચો નખ ઉખડી જાય તો સેપ્ટીક ધનુર વગેરે કરીને રામ બોલો ભાઈ રામ પણ કરી નાખે.

હાય ! કેટલાક જીવો તો પૈસા પાછળ એવા ગાંડા બન્યા છે. કે તેઓ આવો કોઈ વિચાર સાંભળવાય તૈયાર હોતા નથી. એમનું જીવન સૂત્ર આ પ્રમાણે છે.

પૈસો મારો પરમેશ્વર, હું પૈસાનો દાસ,
પોલાદી આ તિજોરી પર, હુ ઝેરીલો સાપ.

લોભી માણસનો એકજ અવગુણ લોભ... તેની જીંદગીને કચરો કરી શકે, તે માટે તેને બીજા કોઈ અવગુણની જરૂર નહિ.

लोभश्चेदगुणेन किम् ।

પૈસા પાછળ પાગલ થયેલા લોકો ઓલ્યા ખેડૂત જેવા હોય છે. તાતાને કોઈકે પૂછયું : "તમે અબજો રૂપિયાના માલિક છો. તમે એવા તે ક્યા ભોગ કે ભોજન કરો છો ? જેમાં તમને આટલી સંપત્તિ પણ ઓછી પડે ? અમે લોકો કોથમીરની ચટણી ખાઈએ તો તમે શું મોતીના ખાખની ચટણી ખાવો છો ? ટૂંકમાં અમારો સવાલ એ છે કે આટલી બધી સંપત્તિ હોવા છતાંય તમારે વધુ કમાવાની જરૂર શી ?"

તાતાએ કહ્યું : "કશી જરૂર નહિ પણ આખી જીંદગી કમાવાનું કામ કર્યું હોવાથી હવે તેનું વ્યસન પડ્યું છે. કમાયા વિના ચાલતુ નથી."

અમેરિકાનો અબજોપતિ કાર્નેગી તો સંપત્તિ અઢળક હોવાથી બિચારો હેરાન થઈ ગયો, ચીસો પાડતો મર્યો તેની પાસે ૯૦ લાખ ડોલર હતા. તે વિશ્વનો સૌથી મોટો ધનવાન માણસ થવા માગતો હતો. કોઈકે કહ્યું કે હૈદ્રાબાદના નિઝામ પાસે તમારા કરતાય ઘણું વધુ ધન છે. ત્યારથી તે હેરાન થઈ ગયો, તેણે સેક્રેટરીને નિઝામના ધનની આકરણી કરી લાવવા કહ્યું. પણ ચારે બાજુ પુષ્કળ અમુલ્ય ઝવેરાત પડેલું હોવાથી ધન ગણી શકાયુ નહિ. ત્યાથી કાર્નેગીનું મગજ ઘાયલ થયું તે સતત લવારો કરવા લાગ્યો કે 'હું સૌથી વધુ ધનવાન કે તે સૌથી વધુ ધનવાન ?' વિચારો ! આ ચિંતામાં જ મરી ગયો.

પૈસાદારો ધનથી અતૃપ્ત હોય છે. ભોગવાસનામાં અતિ લંપટ હોય છે. એમાંય અતૃપ્ત રહેતા હોય છે. તેથી જ તેઓ રિસાઈને મરતા હોય છે. આ લોકોને વિલાસ અને વાસનાની ભૂખ એટલી બધી અદમ્ય હોય છે કે તે માટે તેમને ઘણુંબધું ધન પણ ઓછું જણાય છે.

ધન વસ્તુ જ એવી છે કે જો તે વધી જાય તો બધા દોષોને ઘસડી લાવે. જેમ ધન વધે તેમ વિલાસ વધે, ધનના નશાના કેટલા દોષ ગણાવું ? આથીસ્તો ઈસુ ખ્રિસ્તે બાઈબલમાં કહ્યું છે : "હજી કદાચ સોયના કાણામાંથી ઉંટ પસાર થઈ જશે પણ ધનવાન (ધનાસક્ત) માણસ સ્વર્ગે (સદ્ગતિ) કદી જઈ શકશે નહિ."

જે ધનવાન (ધનાસક્ત) માણસો હોય છે. તેમની ચિત્તસ્થિતિ વધુને વધુ ક્રૂરતાવાળી હોય છે. તેઓ એ વાતનો ખ્યાલ કદી કરવા માંગતા નથી કે આપણા કાર્યનો પ્રત્યાઘાત બીજાઓના સુખ ઉપર કેવો જીવલેણ પડશે.

અનાજ ભરીને બેઠેલો વેપારી દુકાળની ઈચ્છા કરે છે !

દવાનો વેપારી રોગચાળો ઈચ્છે છે.

કસાઈ પશુપાલન મોંઘુઘાટ બને તે ઈચ્છે છે.

ઘીના સેંકડો ડબ્બા ભરીને બેઠેલો વેપારી દૂધાળા ઢોરોના મોતની ભાવના કરે છે.


આખો સંસાર સ્વાર્થી છે તેનો સ્વાર્થ સાધવામાં આખી દુનિયાનું નખ્ખોદ નીકળી જાય તો તેને વાંધો હોતો નથી.

બાજુના ગામમાં મેલેરીયાનો સખત વાવર ચાલતા તેની નજીકનાં ગામનાં ડોક્ટરે તીવ્ર ભાવના ભાવી કે મારા ગામમાં જોરદાર મેલેરીયા ફાટી નીકળે તો હું રાતોરાત લખપતિ બની જાઉ.

હા, તેવી ધારણા પૂરી થઈ, મેલેરીયાનો વાવર જોરમાં ફેલાઈ ગયો પણ હાય ! તે ડોક્ટર જ પહેલો શિકાર બન્યો. મગજનો ઝેરી તાવ આવ્યો બિચારો રામ બોલો ભાઈ રામ (મરણ શરણ) થઈ ગયો.

લેણા પેટે નીકળતા ચારસો રૂપિયાના બદલામાં વાણીયાએ ખેડૂતની ગાય લીધી. તાણીને ઘેર લઈ જઈને બાંધી


અનુસંધાન પાન નં. ૧૩ પર



# વચનામૃતની દૃષ્ટિએ ગૃહસ્થ હરિભક્ત...

સાધુ દિવ્યસ્વરૂપદાસજી
ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

(૧) અતિશ્રેષ્ઠ ગૃહસ્થનાં લક્ષણ :- જો ગૃહસ્થના ધર્મ સચવાય તો પણ ગૃહસ્થના ધર્મ તો ઘણા કઠણ છે, ને અનંત પ્રકારના સુખદુઃખ આવી પડે. તારે સંતની સેવામાંથી ને ધર્મમાંથી મનને આડું અવળું ડોલવા દે નહિ, અને એમ સમજે જે, સંતનો સમાગમ મળ્યો છે, તે તો મુને પરમચિંતામણી ને કલ્પવૃક્ષ મળ્યો છે. ને ધન, દોલત, દિકરા, દિકરી એ તો સર્વે સ્વપ્ન તુલ્ય છે, અને સાચો લાભ તે સંતનો સમાગમ મળ્યો એજ છે એમ સમજે. અને ગમે તેવું ભારે દુઃખ આવી પડે, પણ તેણે કરીને પાછો પડે નહીં, એવો જે વૃહસ્થ તે અતિશ્રેષ્ઠ છે. (ગ.પ્ર. ૧૪)

(૨) ખરા ગૃહસ્થ હરિભક્તની સમજણ :- જે ગૃહસ્થ હરિભક્ત હોય, તે તો જેમ જનક રાજાએ કહ્યું જે, "આ મારી મિથિલા નગરી બળે છે, પણ તેમાં મારૂં કાંઈ બળતું નથી" ત્યાં શ્લોક છે જે, मिथिलायां प्रदीप्तायां न मे दह्यति किंचन એમ સમજે જે ગૃહમાં રહેતો હોય, તે ગૃહસ્થ હરિભક્ત ખરો કહેવાય. અને એવી રીત્યનો જે ત્યાગી ન હોય, ને એવી રીત્યનો જે ગૃહસ્થ ન હોય તે તો પ્રાકૃત ભક્ત કહેવાય. (ગ.પ્ર. ૩૮)

(૩) અને ગૃહસ્થ હોય તેને પણ દેહે કરીને વ્યવહાર કરવો ને મને કરીને તો ત્યાગીની પેઠે જ નિર્વાસનિક રહેવું, ને ભગવાનનું ચિંતવન કરવું. ને વ્યવહાર તો ભગવાનને વચને કરીને રાખવો. અને મનનો ત્યાગ સાચો ન હોય. તો જનક જેવા રાજા હતા, તે રાજ્ય કરતા, ને મન તો મોટા યોગેશ્વર જેવું હતું. તે માટે મને કરીને જે ત્યાગ તેજ ઠીક છે. (ગ.પ્ર. ૩૮)

(૪) ગૃહસ્થમાં મોટેરાનાં લક્ષણ :- હરિભક્તની સભામાં મોઢા આગળ આવીને બેસતો હોય, તારે બીજાને એમ જણાય જે એ મોટેરો સત્સંગી છે : પણ મોટેરાની તો એમ પરીક્ષા છે જે ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાનને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે, અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે, અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે "તું પરમહંસ થા," તો તે તત્કાળ પરમહંસ થાય. એવાં જેનાં લક્ષણ હોય તે હરિભક્તની સભાને આગળ બેસે અથવા વાંસે બેસે, પણ તેનેજ સર્વ હરિભક્તમાં મોટેરો જાણવો. (ગ.મ. ૬૧)

(૫) અને જેણે જેવું જાણ્યું જોઈએ તેવું યથાર્થ જાણ્યું હોય જે "આ તે સાર છે, ને આ તે અસાર છે" પછે એક ભગવાનની મૂર્તિ વિના જેટલો માયિક આકાર છે, તે સર્વે અતિશે દુઃખદાયક છે, ને નાશવંત છે, એમ જાણે, અને પોતાનો દેહ ઈન્દ્રિયો ને અંતઃકરણ તે થકી નોખો આત્મારૂપે જાણે. પછે એને એવું કોઈ પદાર્થ નથી જે મોહ પમાડવાને અર્થે સમર્થ થાય, કેમ જે એ તો સર્વે માયિક આકારને તુચ્છ કરી જાણે છે. અને એવી રિત્યે જેના અંતરમાં સમજણની ઘડ્ય બેઠી હોય, ને તેનાં ઈન્દ્રિયો પ્રવૃત્તિમાર્ગને વિષે સર્વે અનુલોપ પણે વર્તતાં હોય, તોપણ તે કામાદિકે કરીને ક્ષોભને ન પામે. એવો જે હરિભક્ત હોય, તે ત્યાગી હોય અથવા ગૃહસ્થ હોય, પણ તેના હૃદયમાંથી કામાદિકનું બીજ નાશ પામી જાય છે. અને એવો હોય તેજ સર્વે હરિભક્તમાં શ્રેષ્ઠ વૈષ્ણવ છે. માટે ગૃહી ત્યાગીનો કાંઈ મેળ નથી, જેની સમજણ મોટી, તેને સૌથી મોટો હરિભક્ત જાણવો. (વડતાલ-૨૦)

(૬) ગૃહસ્થને આજ્ઞા :- ગૃહસ્થને જે પ્રમાણે આજ્ઞા કરી છે, તે પ્રમાણે ગૃહસ્થને રહેવું, ને તેમાં જેટલો ફેર પડે છે, તેટલો કલેશ થાય છે. ગૃહસ્થને પણ બ્રહ્મચર્ય કહ્યું છે, જે પરસ્ત્રીનો ત્યાગ રાખવો, તથા પોતાની સ્ત્રીનો પણ વ્રતને દિવસ ત્યાગ

રાખવો, ને ઋતુ સમેજ સ્ત્રીનો સંગ કરવો, એ આદિક જે જે ત્યાગીને ને ગૃહસ્થને નિયમ છે, તેમાં જેટલો જેને ફેર પડે તેટલો તેને કલેશ થાય છે. (ગ.પ્ર. ૩૪)

(૭) જે સત્સંગી ગૃહસ્થ હોય તે પણ જો પોતપોતાના નિયમ કહ્યા છે તેમાં રહે, ને જવાન અવસ્થાવાળી જે પોતાની મા, બેન ને દિકરી તે ભેળે પણ એકાંતમાં ન બેસે ને તેની સામું પણ દૃષ્ટિ માંડીને ન જુએ, તો એને ધર્મમાં રહેવાય. (ગ.મ.પ્ર. ૩૫)

(૮) કેટલાક તો શરીરના દોષ છે, તે જાણવા જોઈએ, ને કેટલાક તો મનના દોષ છે તે પણ જાણવા જોઈએ. તેમાં શરીરના દોષ તો શું જે શિશ્ન ઈન્દ્રિય વારંવાર જાગ્રત થાય, તથા તેમાં ચેળ થાય, તથા ઠેકડો ભરવો તથા ઘડીયેકમાં સર્વને જોઈ વળવું, તથા ઘડીએકમાં ઘણાક પ્રકારના ગંધ સુંઘી લેવા, તથા વીશપચીસ ગઉની મજલ કરવી, તથા બળે કરીને કોઈકને મળીને તેનાં હાડકાં ભાંગી નાખવાં, તથા સ્વપ્નમાં વીર્યપાત થાય, ઈત્યાદિક જે દોષ છે તે સર્વે દેહના દોષ છે, પણ મનના નથી. તે શરીરના જે દોષ તે અતિશે ક્ષીણ થઈ જાય. તોય પણ મનમાં જે કામનો સંકલ્પ તથા ખાદ્યાનો તથા ચાલ્યાનો તથા સ્પર્શનો તથા ગંધનો તથા શબ્દનો તથા સ્વાદનો જે સંકલ્પ તે રહ્યા કરે તે મનના દોષ જાણવા. એમ મનના શરીરના દોષ જાણીને, શરીરના દોષને શરીરને દમવે કરીને ટાળવા, ને શરીર ક્ષીણ થયા પછે જે મનમાં દોષ રહ્યા, તેને વિચારે કરીને ટાળવા જે હું આત્મા છું, ને સંકલ્પ થકી ભિન્ન છું, ને સુખરૂપ છું એવી રીતે શરીરનું દમન ને વિચાર એ બે જેને હોય તે મોટો સાધુ છે, ને જેને એકલું દમન છે, ને વિચાર નથી તો તે ઠીક નહિ, તથા જેને એકલો વિચાર છે, ને દમન નથી તે પણ ઠીક નહિ, માટે એ બે જેને હોય તે શ્રેષ્ઠ છે. અને શરીરનું દમન ને વિચાર એ બે વાનાં તો ગૃહસ્થ સત્સંગીને પણ જરૂર રાખવા જોઈએ, તારે ત્યાગીને તો જરૂર રાખવા જોઈએ.'' (કારિ. ૩)

(૯) એ અયોધ્યાવાસી તે બહુ વિશ્વાસી છે. માટે કોઈક કપટી હશે, તો એમને છેતરી જાશે. તે સારૂં એમને કોઈક કારજનો આદર કરવો હોય, તારે મોટેરા પરમહંસ તથા મોટેરા સત્સંગી ગૃહસ્થ તેમને પૂછીને તે કામ કરવા દેવું. પણ કોઈક એક જણાને કહે કરવા દેવું નહિ. એવી રીત્યે તથા ગૃહસ્થ સત્સંગીને અયોધ્યાવાસી ની ખબર રાખવી, એમ અમારી આજ્ઞા છે.'' (અમ. ૩)

(૧૦) ''આ સંસારને વિષે ગૃહસ્થાશ્રમી ને ત્યાગી એ બેના માર્ગ જુદા જુદા છે, તે જે ગૃહસ્થને શોભા હોય તે ત્યાગીને દુષણરૂપ હોય, ને જે ત્યાગીને શોભા હોય તે ગૃહસ્થને દુષણરૂપ હોય, તેને બુદ્ધિમાન હોય તે જાણે, પણ બીજો જાણી શકે નહિ. માટે તેની વિક્તિ કહીએ છઈએ જે જે ગૃહસ્થાશ્રમી છે : તેને ધન, દોલત, હાથી, ઘોડા, ગાય, ભેંસ, મેડી, હવેલી, સ્ત્રી, છોકરાં, ભારે ભારે વસ્ત્ર આભુષણ એ સર્વે પદાર્થ શોભારૂપ છે. અને એજ જે સર્વે પદાર્થ તે જે ત્યાગી હોય, તેને દોષરૂપ છે. અને ત્યાગી છે તેને વનમાં રહેવું, વસ્ત્ર વિના ઉઘાડું એક કોપીનભર રહેવું, માથામાં ટોપી ઘાલવી, દાઢી મુંછ મુંડાવી નખાવવી, ભગવા વસ્ત્ર રાખવાં, અને કોઈ ગાળ્યું દે ને કોઈ ધુળ નાખે તે અપમાનને સહન કરવું, એજ ત્યાગીને પરમ શોભારૂપ છે. અને એ ત્યાગીની જે શોભા તેજ ગૃહસ્થને પરમ દોષરૂપ છે.'' (ગઢડા મ. ૫૨)

(૧૧) પણ પરમેશ્વર ભજ્યામાં એ મોટો નથી. અને જેની મતિ એવી હોય જે, 'આ સ્ત્રી તો અતિશે રૂપવાન છે, અને આ વસ્ત્ર તો અતિશે સારૂ છે, અને આ મેડી તો ઘણી સારી છે, અને આ તુંબડી તો અતિશે સારી છે, અને આ પાત્ર તો અતિશે સારૂં છે. એવી રિત્યના જે ગૃહસ્થ તથા ભેખધારી તે સર્વે તુચ્છ બુદ્ધિવાળા છે.'' (ગઢડા પ્ર. ૨૭)

(૧૨) ગૃહસ્થને ભગવાનમાં અખંડવૃત્તિ રાખવાની સમજણ :- ગૃહસ્થને તો એમ સમજવું જે ''જેમ પૂર્વે ચોરાશી લાખના જાત્યનાં મારે માબાપ તથા સ્ત્રી છોકરાં થયાં હતાં, તેવાં જ આ દેહનાં પણ છે, ને કેટલાક જન્મની મા, બેન, દિકરીયું તે કેટલીક રઝળતી હશે, તેની જેમ મારે મમતા નથી. તેમ આ દેહના સંબંધી તેની પણ મારે મમતા ન રાખવી.'' એવી રિત્યે વિચાર કરીને સર્વમાંથી પ્રીતિ તોડીને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ કરે, ને સાધુનો સમાગમ રાખે, તો ગૃહસ્થને પણ ત્યાગીની પેઠે અખંડ ભગવાનમાં વૃત્તિ રહે.''

''એને જે એવો બળીયો ન હોય, તેને તો સત્સંગીની ધર્મ મરજાદામાં રહેવું, ને સંતને ભગવાન તેનો જે પોતાને આશરો છે, તેનું બળ રાખવું જે

અનુસંધાન પાન નં. ૨૯ પર

> ''...ગૃહસ્થને જે પ્રમાણે આજ્ઞા કરી છે, તે પ્રમાણે ગૃહસ્થને રહેવું, ને તેમાં જેટલો ફેર પડે છે, તેટલો કલેશ થાય છે. ગૃહસ્થને પણ બ્રહ્મચર્ય કહ્યું છે, જે પરસ્ત્રીનો ત્યાગ રાખવો, તથા પોતાની સ્ત્રીનો પણ વ્રતને દિવસ ત્યાગ રાખવો, ને ઋતુ સમેજ સ્ત્રીનો સંગ કરવો, એ આદિક જે જે ત્યાગીને ને ગૃહસ્થને નિયમછે, તેમાં જેટલો જેને ફેર પડે તેટલો તેને કલેશ થાય છે...''



સાંપ્રદાયિક ગ્રંથોના આધારે
પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન શ્રી સ્વામિનારાયણનું

# સર્વોપરી - સર્વાવતારી પારમૈશ્વર્યભાવ દર્શન...

સાધુ જ્ઞાનવલ્લભદાસજી
ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

ગતાંકથી ચાલુ...

ત્યારે એવા પ્રતાપને જોઈને વ્યાપકાનંદ સ્વામીને મહારાજને વિષે સર્વ અવતારના અવતારી પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો પછી સમાધિમાંથી ઊઠ્યા. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, 'તમારે સમાધિમાં જેવી રીતે દેખાણું હોય તેવી રીતે આ સર્વેને કહો.'

ત્યારે વ્યાપકાનંદ સ્વામીએ કહ્યું જે, 'આ શ્રીજી મહારાજ તો સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ છે, તે માટે રામાનંદ સ્વામી તથા પૂર્વે થયા જે રામકૃષ્ણાદિક ભગવાનના અવતાર તે સર્વે શ્રીજી મહારાજની મૂર્તિને વિષે લીન થયા, એમ મેં અક્ષરધામમાં દીઠું. તે માટે આ શ્રીજી મહારાજ સર્વોપરી ભગવાન છે.' ત્યારે તે વ્યાપકાનંદ સ્વામીની વાત સાંભળીને રામાનંદ સ્વામીના નિશ્ચયવાળા હતા તથા બીજા મતવાળા હતા તેમના માન્યામાં વાત આવી નહિ. ત્યારે તે સર્વેએ શ્રીજી મહારાજની પ્રાર્થના કરીને કહ્યું જે, 'હે મહારાજ ! આ વાત અમારે સર્વેને સમજ્યામાં આવતી નથી, માટે અમને જે રીતે સમજાય તેવી રીતે કૃપા કરીને કહો.' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, 'તમે ધ્યાનમાં બેસો ને પોતપોતાના ઈષ્ટદેવને સંભારો તો એ વાત તમોને જેમછે તેમજણાશે.' ત્યારે તે સર્વે ધ્યાનમાં બેઠાં. ત્યારે શ્રીજી મહારાજ પોતાની દૃષ્ટિમાત્રે કરીને તે સર્વને સમાધિ કરાવીને અક્ષરધામને વિષે અનંત મુક્તે સહિત પોતાની દિવ્યમૂર્તિનું સાક્ષાત્ દર્શન કરાવતા હવા. તથા રામાનંદ સ્વામી તથા સર્વે અવતાર તે પોતાની સેવામાં દેખાડતા હવા. પછી પોતાની મૂર્તિમાં સર્વે અવતારને લીન કરી દેખાડતા હવા. તેમાં કેટલાક મનુષ્યને શ્રીજી મહારાજનો અડગ નિશ્ચય થયો. પછી તે ભક્તોને શ્રીજી મહારાજ સમાધિમાંથી જગાડતા હવા. ત્યારે તે ભક્ત બોલ્યા. 'હે મહારાજ ! તમે તો સર્વોપરી પુરુષોત્તમભગવાન છો, માટે તમારા પ્રગટ પુરુષોત્તમપણાના નિશ્ચયમાં સંશય ન થાય એવી કૃપા કરો.' ત્યારે તે પ્રત્યે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'આ પુરુષોત્તમભગવાન તો ક્યારેય આ બ્રહ્માંડને વિષે આવ્યા નથી ને આવશે પણ નહિ. માટે આ તો સર્વોપરી મૂર્તિ છે તે આ નિશ્ચય ફરવા દેવો નહિ.' એમ શ્રીજી મહારાજ તેમના ઉત્સાહને અર્થે ને તેમની બુદ્ધિની દૃઢતાને અર્થે, પોતાનું જે નાના પ્રકારનું ઐશ્વર્ય તે સમાધિએ કરીને દેખાડતા હવા.'' (૭/૩)

''શ્રીજી મહારાજને લોજમાં સમાધિવાળા મૂળજી ભક્તે કહ્યું જે, 'પુરુષોત્તમના બીજા અનંત અવતાર થયા ને બીજા થાશે, ને બીજાં ધામમાં જે સર્વે મૂર્તિયું છે તે સર્વેનું મુને દયા કરીને દર્શન કરાવો.' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, 'બીજા સર્વે અવતાર તેમનાં નામ લઈને સંકલ્પ કરો જે એ જો સર્વેના કારણ હોય તો તેમને પ્રતારે કરીને મારે એ સર્વેનું દર્શન થાઓ.' ત્યારે તે ભક્તે બીજા સર્વે અવતારનું નામલઈને સંકલ્પ કર્યો પણ તે સર્વેનાં દર્શન થયાં નહિ. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે. 'તે સર્વેના કારણ પ્રગટ પ્રમાણ પુરુષોત્તમઆ શ્રીજી મહારાજ હોય તો તે સર્વેનું દર્શન મુને થાઓ.' પછી એમસંકલ્પ કર્યો કે તત્કાળ એ સર્વે રૂપનાં દર્શન થયાં, ને તે સર્વ અવતાર તે શ્રીજી મહારાજની મૂર્તિને વિશે સર્વ લીન થયા. એવી રીતે પોતાનો સર્વોપરી પ્રતાપ દેખાડીને પોતાના પુરુષોત્તમપણાનો દૃઢ નિશ્ચય મૂળજી ભક્તને કરાવ્યો.'' (૭/૪)

''સ્વરૂપાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પૂછ્યું જે, 'ગુરુ સાહેબ !

આજ સત્સંગી કા કૈસા કલ્યાણ હોતા હૈ ?' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'જૈસા કલ્યાણ બડે બડે અવતાર કા હોતા હૈ, વૈસા કલ્યાણ આજ સત્સંગી કા હોતા હૈ.' ત્યારે સંતે શ્રીજી મહારાજને પૂછ્યું જે, 'હે મહારાજ ! આજ આવું મોટું કલ્યાણ થાય છે તેનું શું કારણ છે ?' ત્યારે શ્રીજી મહારાજ સંતો પ્રત્યે બોલ્યા જે, ' જ્યારે જૂ વિયાય ત્યારે લીખ આવે ને હાથણી વિયાય ત્યારે ભેંસ જેવડું બચ્ચું આવે, તેમપૂર્વે રામકૃષ્ણાદિક અવતાર થઈ અને આગળ બીજા થાશે, ને બીજાં ધામને વિશે જે મૂર્તિયું છે તે સર્વેનું કારણ ને સર્વ થકી પર જે શ્રીપુરુષોત્તમનારાયણ તે અમે છીએ. તે માટે કલ્યાણ કરીએ છીએ. તે જો એમાં ખોટું કહેતા હોઈએ તો અમને આ સર્વે પરમહંસના સમછે, ને આ પ્રગટ પુરુષોત્તમના સ્વરૂપને સમજ્યામાં ખામી રહી જાશે તો કલ્યાણમાં બહુ ફેર પડી જાશે. પછી દેહ મૂક્યા કેડે તે ખામી ભાંગશે નહિ. માટે જેમ વૈકુંઠવાસીને રહેવાનું વૈકુંઠધામછે, ને જેમ ગોલોકવાસીને રહેવાનું ગોલોકધામ છે, તેમ અમારે રહેવાનું અક્ષરધામ છે.'' (૭/૭)

''ગામ વાંઢિયામાં પરોક્ષ અવતારના ઉપાસક દેવજી ભક્ત હતા. તેને ઘેર શ્રીજી મહારાજ પધાર્યા. પછી તે ભક્ત શ્રીજી મહારાજને પગે લાગીને બેઠા. પછી તેને પોતાની દૃષ્ટિમાત્રે કરીને સમાધિ કરાવીને અક્ષરધામને વિશે અનંત મુક્ત, અનંત અવતાર ને અનંત ઐશ્વર્ય તેણે સહિત પોતાની મૂર્તિનું દર્શન કરાવતા હવા. પછી તે ભક્તને શ્રીજી મહારાજ પોતાની દૃષ્ટિમાત્રે કરીને જગાડતા હવા. તે ભક્તે કહ્યું જે, 'હે મહારાજ ! તમે તો અનંત કોટિ બ્રહ્માંડના આધાર જે અક્ષર તેના પતિ છો, ને સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છો. તે દયા કરીને મારે ઘેર પધાર્યા છો, માટે હે મહારાજ ! તમારા સ્વરૂપના નિશ્ચયમાં ખામી રહે નહિ એવું કૃપા કરીને કહો.' પછી શ્રીજી મહારાજ બોલ્યા જ, 'અમે તો આ બ્રહ્માંડને વિશે આવ્યા નથી ને આવશું પણ નહિ, માટે આ જે તમને નિશ્ચય થયો છે તે ફરવા દેવો નહિ.' એવી રીતે શ્રીજી મહારાજે દેવજી ભક્તને પોતાનું દિવ્ય ઐશ્વર્ય દયા કરીને દેખાડ્યું.'' (૭/૧૩)

''દામોદરે નથુ ભટ્ટને શ્રીજી મહારાજના નિશ્ચયની વાત કરી જે, 'શ્રીજી મહારાજ સર્વ અવતારના અવતારી છે ને રામાનંદ સ્વામી તે ઉદ્ધવનો અવતાર છે.' તે વાતને સાંભળીને તે નથુ ભટ્ટ અતિશે આકાળા થઈ ગયા. પછી તે બે જણ વરતાલે શ્રીજી મહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, 'હે મહારજ ! આ દામોદર રામાનંદ સ્વામીને ઉદ્ધવ કેમ કહે છે ?' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'તમે રામાનંદ સ્વામીનું ધ્યાન કરો એટલે જેમ છે તેમ તમને જણાશે.' પછી તે ભટ્ટ ધ્યાનમાં બેઠા. એટલે તેમને તરત સમાધિ થઈ. તે સમાધિને વિશે અનંત મુક્ત, અનંત અવતાર, અનંત ઐશ્વર્ય ને રામાનંદ સ્વામી તેમણે સહિત અક્ષરધામને વિશે પોતાની દિવ્ય મૂર્તિનું દર્શન કરાવીને તે સર્વ અવતાર અને રામાનંદ સ્વામી પોતાની સેવામાં દેખાડ્યા ને પોતાનો સર્વોપરી નિશ્ચય તે ભટ્ટને કરાવ્યો. પછી તે ભટ્ટને સમાધિમાંથી જગાડ્યા. ત્યારે તે નથુ ભટ્ટ ઊઠીને દામોદરને સાષ્ટાંગ દંડવત કરીને પછી બોલ્યા જે, 'હે મહારાજ ! મુને તો। દામોદરે તમારા સ્વરૂપના નિશ્ચયની વાત કરી ન હોત તો મારે કલ્યાણમાં બહુ જ ફેર હતો, તે માટે હેવથી કોઈ રીતે તમારા સ્વરૂપના નિશ્ચયમાં કસર રહે નહિ એવી કૃપા કરીને વાત કરો.' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'અમે તો અક્ષરધામ થકી અગણિત જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવાને અમારું અક્ષરધામને અનંત કોટિ પાર્ષદ ને બીજાં ધામના ઈશ્વર તેણે સહિત પધાર્યા છીએ.' તેવી રીતે શ્રીજી મહારાજે નથુ ભટ્ટને પોતાનું ઐશ્વર્ય દેખાડ્યું.'' (૭/૧૪)

''પછી સર્વે પરમહંસે કહ્યું, 'હે મહારાજ ! તમે કૃપા કરીને તમારા સ્વરૂપનો જેમ અમને સર્વોપરી નિશ્ચય થાય તેવી રીતે કહો.' પછી શ્રીજી મહારાજ હોલ્યા જે, 'અક્ષરાતીત એવા જે આ પ્રગટ પુરુષોત્તમભગવાન તે અનંત અક્ષરમુક્તે સેવ્યા થકા પોતાના અક્ષરધામને વિશે સદાય વિરાજમાન છે. તેમણે સૃષ્ટિ-સમે અક્ષર સામું જોયું ત્યારે તે અક્ષરે અનંત કોટિ મુક્તો સામું જોયું. ત્યારે મુક્તોમાંથી એક પુરુષ ઊભો થયો. પછી તે પુરુષે માયા સામું જોયું, પછી માયામાંથી અનંત પ્રધાનપુરુષાદિક થયાં. તે અક્ષરપુરુષ અનેકરૂપે કરીને તેમાં પ્રવેશ કરે છે, અનેકરૂપે કરીને સર્વેની રક્ષા કરે છે, અનંત પાર્ષદ-શક્તિયું-ઐશ્વર્ય સેવ્યા થકા પોતાના ધામને વિશે જ રહે છે, ને બીજરૂપે કરીને પુરુષોત્તમની સેવા કરે છે. એ પ્રકારે એને વિશે અનેક

> "...સ્વરૂપાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પૂછ્યું જે, 'ગુરુ સાહેબ ! આજ સત્સંગી કા કૈસા કલ્યાણ હોતા હૈ ?' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'જૈસા કલ્યાણ બડે બડે અવતાર કા હોતા હૈ, વૈસા કલ્યાણ આજ સત્સંગી કા હોતા હૈ..."


અનુસંધાન પાન નં. ૨૮ પર



# વાણીમાં વિવેક જરૂરી છે...

સાધુ નિર્દોષસ્વરૂપદાસજી
ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

ગતાંકથી ચાલુ...

### ❖ ઝઘડાનો નિકાલ મૌન.

એક ઘરમાં સાસુ-વહુને રોજ ઝઘડો થાય. સાસુનો એવો સ્વભાવ કે ગમે તેમકરીને વહુની ભૂલો શોધે, ને તેને વઢવા લાગે. આથી વહુ કંટાળી ગઈ. સામે ન બોલવાનો બહુ નિશ્ચય કરે પણ સાસુ એવો શબ્દ કાઢે કે, વહુ રાંધતાં રાંધતાં બહાર આવીને ન છૂટકે બે શબ્દો સંભળાવી દે. વહુનાં એક જ શબ્દથી સાસુ રાયનો ગંજ કરી નાંખે.

એક દિવસ ગામમાં એક સંત પધાર્યા. રોજ હરિકથા કરે. તેમની કથા-વાર્તા સાંભળવા પેલી વહુ પણ જાય. એક દિવસ વહુએ સંતના ચરણે માથું ઝુકાવીને આંખમાંથી દડ દડ આંસુ પાડ્યા. આથી સંતે પૂછ્યું : "બેટા ! તારે શું દુઃખ છે ?" ત્યારે વહુએ બધી વિગતવાર વાત સંતને જણાવી. તેથી સંતે એક વાસણમાં તેને મંત્રેલું પાણી આપ્યું અને કહ્યું : "જ્યારે સાસુમા ઝઘડો કરે ત્યારે આ પાણી તારે મોંમા ભરી રાખવું ને સાસુ ઝઘડતી બંધ થાય ત્યારે જ પાણી બહાર કાઢવું." પછી સાસુ ઝઘડો કરે ત્યારે વહુ મોંમા પાણી ભરી રાખે. આવું થોડા દિવસ કર્યું ત્યાં તો સાસુ શાંત થઈ ગયા.

વહુ તો બહુ રાજી રાજી થઈ ગઈ. પછી તેણે સંત પાસે જઈને બનેલી હકીકત કહી સંભળાવી અને કહ્યું : હે મહાત્માજી ! આપ બીજે ગામપધારશો ત્યારે મને આ મંત્રેલું પાણી કોણ આપશે ?" ત્યારે સંત કહે : "બેટા ! એ મંત્રેલું પાણી નહોતું એ તો કૂવાનું સાદુ પાણી જ હતું પણ શાંતિનું મૂળ કારણ તો તારું મૌન જ હતું.

'અવિચારી નીકળે જે વાણી, ફૂટતી જેવી તડતડ ધાણી;
દાઝે ને એ દઝાવે, જ્યારે વાણી કાબુ ગુમાવે...અમૃત૦૨
શસ્ત્રોના ઘા રુઝાઈ જાતા, વેણ તણાં ઘા નહિ રુઝાતાં; યાદ
મરણ લગી આવે, જ્યારે વાણી કાબુ ગુમાવે...અમૃત૦૩'

જે વાણીનો કાબુ ગુમાવે તે સારાસારનો વિવેક ભૂલીને અવિવેકભરી વાણી બોલીને પોતે દાઝે અને બીજાને પણ દઝાડે છે. કદાચ શસ્ત્રનો ઘા રુઝાઈ જાય છે પણ અવિવેકભરી વાણીનો ઘા રુઝાતો નથી.

'જેની જીભ મીઠી, તેની ઘેર ઘેર ચિઠ્ઠી; જેની જીભ ઝેરી
તેનો આખો મલક વેરી.'

જે માણસની વાણીમાં વિવેકભરી મીઠાશ છે, તેથી તે આખા જગતને વશ કરી શકે છે. અને જેની વાણીમાં ઝેર હોય તેનાછી આખું જગતને વેરી બની જાય છે.

### ❖ વાણી-મર્યાદા

વાણી સ્વતંત્રતાના કારણે મનુષ્યની વાણી ચાર પ્રકારમાં વહેંચાય છે. ૧. વાણીનો સામાન્ય ઉપયોગ કરવો. ૨. દુરુપયોગ કરવો. ૩. સદુપયોગ કરવો. ૪. વાણીનો દૈવકાર્ય સંબંધી ઉપયોગ કરવો.

સામાન્ય વ્યવહારમાં ઉચ્ચારાતી વાણીમાં વિવેકપૂર્વક બોલવું, મિત બોલવું. વાણીના દુરુપયોગમાં ઘણી વિવિધતા છે. તેમાં જગતના મોટા ભાગના માણસોનો સમાવેશ થઈ જાય છે. જીવનની મૂલ્યવાન પળો વાણીના દુરુપયોગમાં વેડફાઈ જાય છે. જરૂરિયાતથી ઉપરાંત વધારે પડતું બોલવાથી માણસની જીભ રેઈસના ઘોડા જેવી થઈ જાય છે. ઘોડા પર બેઠેલાનું વજન જેટલું ઓછું હોય તેટલી અશ્વની દોડવાની ઝડપ વિશેષ તેજ હોય છે. તેમજેની વાણીમાં અર્થનું વજન જેટલું ઓછું હોય તદ્અનુસાર જીભમાંથી શબ્દો વિશેષ વેગથી ભાગતાં હોય છે.

ગંભીર માનવી બહુ ઓછા શબ્દોમાં પોતાના વિચારોને

અભિવ્યક્ત કરતો હોય છે. એક વખત જેની વાણી સાંભળવી ગમતી હોય તે માણસ જ્યારે વૃથાવાદ કરતો થાય ત્યારે તેની વાણી અપ્રિય લાગે છે. નાનું બાળક તોતડું બોલતું હોય છતાં મા-બાપને ગમે છે. આ બાળક મોટું થઈને ઝઘડે છે અથવા તો મર્યાદા ઉલ્લંઘન કરીને બોલે છે ત્યારે મા-બાપ ઈચ્છે કે આ ચૂપ રહે તો સારું. દોઢ ડાહ્યો માણસ વણમાગી સલાહ આપતો હોય છે. એ વખતે પોતાને બીજા કરતાં વધારે બુદ્ધિમાન સમજતો હોય છે. અથવા સલાહ આપવાનો તેનો સ્વભાવ પડી ગયો હોય છે. કોઈ સ્થાન, સંજોગો અને વ્યક્તિને જોયા વિના બકવાસ કરનાર માણસને કવિ મૂર્ખ કહે છે :

'બુદ્ધિ વિના બક્યા કરે, નવ સમજે કંઈ સાર; ખરી વાત ખોળે નહિ ગણવો એને ગમાર.'

વાણીની માયા અકળ છે. કોઈની વાણી સાંભળીને માયા લાગી જાય છે ને કોઈની વાણી સાંભળીને માયા ઓસરી જાય છે. વધારે પડતું બોલતો માણસ પોતાની વાણીની જાળનો પોતેજ શિકાર બને છે. પોતાની વાણીની ભૂલભૂલામણીમાં એટલો અટવાઈ જાય છે કે સામાવાળાને તેનું બોલવું ગમે છે કે નહીં તે સમજવાનો વિવેક પણ ચૂકી જાય છે. આવા માણસને પોતાનું બોલવું મર્યાદિત લાગે છે પણ સાંભળનાર માટે તે સજારૂપ બની જાય છે. પોતે જેવો નથી એવો પોતાને પેશ કરવો તે મિથ્યા ગર્વ યુક્ત વાણી પોતાના અહમ્‌ને પુષ્ટ કરે છે પણ સાંભળનારાના જીવનની અમૂલ્ય પળોને વેડફી નાખે છે.

સમયનો દુરુપયોગ કરનારને સમયની કિંમત હોતી નથી. ક્રોધાવેશમાં આવેલો માણસ બોલવાનું બોલી શકતો નથી. ચંચળ મનવાળા વ્યક્તિનું વક્તવ્ય પણ દૃઢતા કે નક્કરતાહીન માત્ર ચંચળતાથી ભરપૂર હોય છે. એની વાણીની યાત્રા ક્યારેક 'વાહ ! થી શરૂ થાય છે.' છેવટે મિથ્યાવાદ કે બકવાસમાં વિરમે છે. નિરર્થક વિવાદમાં માણસ માણસ વચ્ચેના સંબંધમાં સુર પણ અસુર બની જાય છે. વાણીના દુરુપયોગથી આવી જટિલ સમસ્યા ઉત્પન્ન થાય છે. તલવારના ઘા રુઝાય પણ વાણીના ઘા રુઝાતા નથી. વૃથા આલાપ કરનારા કેટલાક લોકોને બોલ્યા પછી વિલાપ કરવો પડે છે. વિચારીને બોલનારને તેના શબ્દો ગળવાનો અવસર ભાગ્યે જ આવે છે. વાતવાતમાં અસભ્ય કે અશ્લીલ ભાષા ઉચ્ચારવી, કારણ વગર બોલબોલ કરવું, વ્યંગમાં કોઈ પ્રત્યે માર્મિક વચન બોલવું, તોછડું અને કોઈને દુઃખ લાગે તેવું બોલવું, અસત્ય બોલવું. આ બધા વાણીના દુરુપયોગના વિવિધ પ્રકારો છે. આ વાણીના ઘા કારમા બનતા હોય છે.

પ્રભુનું ગુણગાન કરી નામસંકીર્તન કરતી વાણી અમૃતમય બની જતી હોય છે. વાણી જ માણસનું પાણી બતાવી દે છે. ગરમપાણીથી હાથ દાઝે છે, જ્યારે ગરમવાણીથી હૈયું દાઝે છે. હળવાશથી કહેશો તો કોઈ સાથે કડવાશ નહિ થાય. વાણી હંમેશા મધુર અને અન્યને પ્રિય હોવી જોઈએ. આપણે વ્યવહારમાં પણ અનુભવીએ છીએ કે કોઈએ સજ્જન વ્યક્તિને કરેલી ટકોર ક્યારેય નિષ્ફળ જતી નથી પરંતુ ટકટક તો હંમેશા નિષ્ફળ જાય છે. વાણી, જ્યોત પણ છે અને જ્વાળા પણ છે. એટલે તો કહેવાયું છે કે 'તોલ તોલકર બોલ' માનવીના બોલ ઉપરથી જીવનનો તોલ થાય છે. વાણી સંતાપ દેનારી નહિ પણ સંતાપ હરનારી હોવી જોઈએ. જેમવાસણ ખખડવાથી ખબર પડે છે કે તે સાજું છે કે તૂટેલું છે. તેમમાણસના બોલવાથી ખબર પડે છે કે તે શાણો છે કે મૂર્ખ છે. બોલે એવું આચરણ હોય તો માણસ આધીન થઈ જાય. કવિ કહે છે :

'મોતી ભાંગ્યું વીંધતા, મન ભાંગ્યું કવેણ; ઘોડો ભાંગ્યો ઠેકતા, ન સાંધો કે ન રેણ.'

## ❖ વિવેક દશમો નિધિ...

વિવેક એ એક એવું માનસિક શિસ્ત છે કે જેના આધારે માનવ પોતાની જીવનશૈલીને લક્ષ્મણરેખાની અંતર્ગત રાખવા પ્રેરાય છે. વિવેકનો અતિક્રમ કરનાર વ્યક્તિના જીવનમાં જરૂર એનું અહિત થવાની સંભાવના રહેલી છે.

"...ગરમ પાણીથી હાથ દાઝે છે, જ્યારે ગરમવાણીથી હૈયું દાઝે છે. હળવાશથી કહેશો તો કોઈ સાથે કડવાશ નહિ થાય. વાણી હંમેશા મધુર અને અન્યને પ્રિય હોવી જોઈએ. આપણે વ્યવહારમાં પણ અનુભવીએ છીએ કે કોઈએ સજ્જન વ્યક્તિને કરેલી ટકોર ક્યારેય નિષ્ફળ જતી નથી પરંતુ ટકટક તો હંમેશા નિષ્ફળ જાય છે. વાણી, જ્યોત પણ છે અને જ્વાળા પણ છે. એટલે તો કહેવાયું છે કે 'તોલ તોલકર બોલ' માનવીના બોલ ઉપરથી જીવનનો તોલ થાય છે..."

વિવેક ચૂકી જવાની ભૂલને કારણે ભોગવવી પડતી યાતના બહુ જ કપરી અને કલેશયુક્ત હોય છે. કોઈ વ્યક્તિ સાથે, ક્યારે અને કેટલો વિવેક માણસ ચૂક્યો એ પ્રમાણે એની યાતનાનાં બીજ રોપાઈ જાય છે. વિવેકનો અભાવ સામેવાળામાં રોષ અને દ્વેષ જગાડે છે અને અવિવેકનો બદલો લેવાની વૃત્તિ જન્મે છે.

(ક્રમશઃ)



# મોહનવરને માન સંગાથે વેર...

પાર્ષદ જનમંગલ ભગત
ગુરુ : પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

જૂલાઈના અંકથી ચાલુ...

❖ માનથી ઘવાયેલ અલૈયાખાચર...

ગઢપુરથી પાંચેક ગાઉ દૂર ઝીંઝાવદર નામે ગામઆવેલું છે, ત્યાંના ગામધણી કાઠી દરબાર શ્રી અલૈયાખાચર ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ભક્ત થયા હતા. તેમણે મહારાજને પ્રસન્ન કરવા માટે લગ્ન નહિ કરી આજીવન બ્રહ્મચર્ય પાળ્યું હતું. આવા નિષ્કામી તેઓ હતા. પરંતુ માનને વશ થઈ ઘણીવાર મોટા મોટા સંતોનો દ્રોહ કરતા હતા. તેનો એક પ્રસંગ જોઈએ.

એકવાર ગઢપુરમાં શ્રીજી મહારાજ સભા કરીને બેઠા હતા. તે સમયે સભામાં સત્સંગમાં મોટેરા હરિભક્ત કોણ ? તેની વિચારણા થઈ પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : "આપણા સત્સંગમાં મોટેરા હરિભક્ત કોણ છે ?" ત્યારે સ્વામીએ કહ્યું : "પહેલો નંબર તો દાદાખાચરનો, કેમજે તેમણે પોતાનું તન, મન અને ધન સર્વસ્વ તમોને આપી દીધું છે. માટે મોટેરા દાદાખાચર છે."

પછી ફરીથી મહારાજે પૂછ્યું : "બીજો નંબર કોનો ?" ત્યારે સભામાં બેઠેલા અલૈયાખાચરને એમથયું કે બીજો નંબર તો મારો જ કહેશે. કેમજે, હું બ્રહ્મચર્યવ્રત પાળું છું અને મારા જેવી કથા-વાર્તા કરતાં કોઈ હરિભક્તને આવડતી નથી." એમસંકલ્પ કરીને સ્વામીને સામું જોવડાવવા માટે ખોંખરા ખાધો. પરંતુ સ્વામીએ સામું ન જોયું અને બોલ્યા : "હે મહારાજ ! બીજો નંબર તો પર્વતભાઈનો છે. કારણ કે તેઓ ગૃહસ્થાશ્રમમાં રહે છે તોપણ તમારા સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખે છે." આવું સાંભળીને અલૈયાખાચરના મનમાં સ્વામી પ્રત્યે દ્વેષ થયો અને ત્રીજો નંબર પોતાનો કહેડાવવા માટે સ્વામીની આગળ આવીને ઊભા રહ્યા. ત્યારે ત્રીજીવાર મહારાજે પૂછ્યું : "સ્વામી ! સત્સંગમાં ત્રીજો નંબર કોનો ?" ત્યારે અલૈયાખાચરે જોરથી ખોંખારો કર્યો. પરંતુ મુક્તાનંદ સ્વામીએ તેમનું નામન દીધું અને બોલ્યા : "મહારાજ ! ત્રીજો નંબર તો પંચાળાના ઠાકોર જીણાભાઈનો છે. અને પછી બધા ઉતરતા ક્રમે બીજા હરિભક્તો આવે." ત્યાં તો આ સાંભળી અલૈયાખાચર માનભંગ થવાથી મનમાં તેમને ક્રોધનો અત્યંત આવેશ આવી ગયો અને ક્રોધાગ્નિના આવેશમાં ભાન ભૂલી ક્ષત્રીયપણાના વટથી પાસે રાખેલી મ્યાનમાંથી તલવાર કાઢી અને બરાડી ઊઠ્યા : "એય મુક્તાનંદ ! તું મને નથી દેખતો ? મારા જેવો કોણ સત્સંગમાં છે ? મારા જેવું કોણ બ્રહ્મચર્ય પાળી શકે તેમછે ? દાદાને, પર્વતને અને જીણાને તો ઘરમાં બાયડીયું છે અને છોકરાં પણ છે, તોપણ તેમનાં નામમોટેરામાં કેમગણાવ્યાં અને મારું નામકેમન દીધું ?"

આ રીતે અપશબ્દ બોલીને સ્વામીને તલવાર મારવા આવ્યા, તુરંત શ્રીજી મહારાજે એકદમઊભા થઈને અલૈયાખાચરનો હાથ પકડી લીધો, અને કહ્યું : "હં...હં... દરબાર ! પહેલો નંબર તો તમારો જ હોય ને...!! તમારા જેવું સત્સંગમાં કોઈ અખંડ બ્રહ્મચર્ય પાળી શકે તેમનથી. દાદાખાચર તો ગમે તેવા ભક્ત હોય પણ એ ગૃહસ્થ કહેવાય તે કાંઈ તમારી સમાન થઈ શકે ? અલૈયો તો અલૈયો ! એના જેવું બીજાથી ન થવાય. એ તો મુક્તાનંદ સ્વામીની અવસ્થા થઈ ગઈ છે તેથી એમને બોલવાનો ખ્યાલ રહેતો નથી." શ્રીજી મહારાજનું આટલું વચન સાંભળી તુર્તજ મુકતાનંદ સ્વામી બોલ્યા : " હા મહારાજ ! આપ બરાબર કહો છો, મારી આ બાબતમાં ભૂલ થઈ છે તે માફ કરજો."

આમ, શ્રીજી મહારાજના સમયોચિત વિવેકથી અલૈયાખાચર

શાંત થઈ રાજી થતા ઉતારે ગયા. ભગવાન શ્રીહરિ આ પ્રસંગને અનુલક્ષી વચ. લો. ૧૭માં કહે છે : ''પંચવિષયનો અત્યંત અભાવ ન થઈ ગયો હોય ને તેની આસક્તિ હોય ને તે વિષયનું મુક્તાનંદ સ્વામી જેવા ખંડન કરે તો તેનું માથું શસ્ત્રે કરીને મુકાવી દે એવો દ્રોહ કરે.''

એક વખત નાજા જોગિયા તથા અલૈયાખાચર એ બંને શિયાળાની સખત ઠંડીમાં ઘેલા નદીના જળમાં બેસી તપ કરતા હતા. બહુ ઠંડીને લીધે શરીરની ચામડી ફાટી ગઈ ! તેથી લોહી નીકળતું હતું, છતાં બંને વહેલી સવારે ગળાબૂડ જળમાં બેસી ૧૦ વાગ્યા સુધી ભજન કરતા. આ વાતની મહારાજને ખબર હતી તોપણ કંઈ ન જાણતા હોય તેમવર્તતા હતા. આ બંનેનું આકરું તપ કરતા બે મહિના વીતી ગયા હતા. તેથી અલૈયાખાચર મનમાં સંકલ્પ કરતા કે હમણાં આપણા ઉપર મહારાજ રાજી થશે અને થાળની પ્રસાદી જમાડશે. પરંતુ મહારાજ તો એ વાતની ક્યારેય યાદી પણ કરતા ન હતા!

આ અરસામાં એવું બન્યું કે દાદાખાચરની તાજણ ઘોડીની વછેરીને ચડાઉ કરવી હતી તેમજ શ્રીજી મહારાજની ઘોડીને સાચવનાર સેવક બીમાર હતા. આથી મહારાજે નાજા જોગિયાને આકરું તપ કરતા હતા ત્યાંથી બોલાવી લીધા અને ઘોડીની માવજત કરવાની સેવામાં રાખ્યા. નાજા જોગિયા પણ મહારાજની આજ્ઞાથી તપ પડતું મુકીને ઘોડીને સાચવવાની સેવામાં રહ્યા. તેથી શ્રીજી મહારાજ બહુ રાજી થયા અને પોતાના થાળની પ્રસાદી પાસે બેસીને જમાડી. એ વખતે અલૈયાખાચર પણ પાછળથી ત્યાં આવી પહોંચ્યા. તેમને એમથયું કે આજે તેને પ્રસાદી આપી અને કાલે મને પ્રસાદી આપશે. થોડા દિવસો વીતી ગયા, પરંતુ મહારાજે પ્રસાદી આપી નહીં. એટલે અલૈયાખાચરના મનમાં માન આવ્યું કે 'હું કેટલા દહાડાથી આકરું તપ કરું છું, છતાં મને પ્રસાદી ન આપી અને ઓલ્યે ટારડું (ઘોડી) સાચવવાની હા પાડી ત્યાં પ્રસાદી આપી. આ રીતે તેમને મનમાં ખોટું લાગ્યું.

એક વખત ઝીંઝાવદરમાં અલૈયાખાચરના કોઈક કુટુંબીનું ઉત્તરકાર્ય હતું, તે ઉપર શ્રીજી મહારાજને તેડી જવા માટે અલૈયાખાચર ગઢડે આવ્યા. અને મહારાજે કહ્યું : ''મહારાજ ! આપ સંતો સહિત ઝીંઝાવદર પધારો.'' ત્યારે મહારાજે કહ્યું : ''જેનાં તેનાં કાયટાં ખાવા અમારા સાધુ નવરા નથી'' એટલે અલૈયાખાચર કહે : ''મહારાજ ! કારિયાણીએ કેમપધાર્યા હતા ?'' ત્યારે મહારાજે કહ્યું : કારિયાણી તો મારું ઘર છે. આવી રીતે ઉત્તર આપ્યો પરંતુ શ્રીજી મહારાજ ત્યાં પધાર્યા નહિ. તેથી અલૈયાખાચરને મહારાજનો અભાવ આવ્યો. કારણ કે તેના માની સ્વભાવ દોષનો પારો ચડતો જતો હતો, છતાં મહારાજ તો તેના એ સ્વભાવને મુકાવવા માટે તેના હિતની દૃષ્ટિથી તેને કસોટીમાં મુકતા જતા હતા.

"...શ્રીજી મહારાજને તેડી જવા માટે અલૈયાખાચર ગઢડે આવ્યા. અને મહારાજે કહ્યું : ''મહારાજ ! આપ સંતો સહિત ઝીંઝાવદર પધારો.'' ત્યારે મહારાજે કહ્યું : ''જેનાં તેનાં કાયટાં ખાવા અમારા સાધુ નવરા નથી'' એટલે અલૈયાખાચર કહે : ''મહારાજ ! કારિયાણીએ કેમપધાર્યા હતા ?'' ત્યારે મહારાજે કહ્યું : કારિયાણી તો મારું ઘર છે. આવી રીતે ઉત્તર આપ્યો પરંતુ શ્રીજી મહારાજ ત્યાં પધાર્યા નહિ. તેથી અલૈયાખાચરને મહારાજનો અભાવ આવ્યો..."

એક વખત ગઢપુરમાં શ્રીજી મહારાજ કેટલાક કાઠી ભક્તો સાથે ઘેલામાં સ્નાન કરવા ગયા હતા. ત્યાં સૌ ઊંચા ચડીને ધરામાં ધૂબકા મારી નાહવાના આનંદનો લેતા હતા. પછી સૌ સખા ધરામાં ડૂબકી ડોળની રમત રમવા લાગ્યા. એમાં ડૂબકી મારીને એક બીજાને પકડવાની રમત ખૂબ જામી તેમાં મહારાજે દૂરથી ડૂબકી મારી અલૈયાને પાણીની અંદરથી ઉછાળી નાખ્યા. તેથી તે હેબતાઈ ગયા, પરંતુ મહારાજ તો દેખાયા નહિ અને જળમાં દૂર જઈને નીકળ્યા, આથી સહુ સાથે હસવા લાગ્યા આમાં અલૈયાખાચરને એમથયું કે, મહારાજે મને ભોંઠો પાડ્યો ! પછી તો રજ-તમના આવેશમાં આવી માની સ્વભાવને લીધે શ્રીજી મહારાજ સામે પણ તાડૂકીને બોલવા લાગ્યા. મહારાજને તો તેના સ્વભાવમાંથી અક્કડપણું દૂર કરીને નરમાશ લાવવી હતીપણ તે તો વધારે અક્કડ બન્યા એટલે તત્કાળ કહી દીધું કેજાઓ ચાલ્યા જાઓ, અમારે તમારું કામ નથી. સહુ સખાઓને પણ મહારાજે કહ્યું : ''અલૈયાખાચર આજથી વિમુખ છે. માટે કોઈ તેની સાથે બોલશો નહિ અને ઝીંઝાવદરની સીમમાં પણ કોઈએ નીકળવું નહિ.'' પછી અલૈયાખાચર એકદમ ગુસ્સે થઈ તરત જ ત્યાંથી ચાલી નીકળ્યા.

પછી શ્રીજી મહારાજ ધામમાં જવા તૈયાર થયા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પત્ર લખીને મોકલ્યો, અને છેલ્લા દર્શન કરી જવાની ભલામણ કરી. તેથી અલૈયાખાચર ઘણા વર્ષો બાદ ગઢપુર આવ્યા પરંતુ માની સ્વભાવ તો સાથે જ હતો.



ભગવાન શ્રી સ્વામિનારાયણે
બે વખત દિવ્ય દર્શન દઈ
જેમાં સર્વોપરી ઉપાસના અને
અણિશુદ્ધ આજ્ઞાનું પ્રતિપાદન
થતું હોય તેવો ગ્રંથ રચવાની
આજ્ઞા કરી હતી એવો ગ્રંથ

# આત્યંતિક કલ્યાણ

સદ્‌ગુરુ સ્વામી શ્રી નંદકિશોરદાસજી - ભૂજ

### (૧) મંદિરો અને મૂર્તિપૂજા

શ્રીસ્વામિનારાયણ ભગવાન મનુષ્યરૂપે પૃથ્વી પર વિચરતા હોય ને જેવું પોતાના પ્રેમીભક્તોને સુખ આપતા હોય કે લાડ લડાવતા હોય તેવું સુખ મૂર્તિઓ દ્વારા ન મળે એવું કેટલાકનું માનવું હોય છે. મનુષ્યરૂપ પરમાત્મા સજાતીય લાગે છે, જ્યારે મૂર્તિઓ વિજાતીય જણાય છે. મનુષ્યરૂપ પરમાત્મા બોલે, વાતચીત કરે, ઉપદેશ આપે, સુખદુ:ખમાં ભાગ લે - સુખ આપે તથા દુ:ખ દૂર કરી નાખે; જ્યારે અર્ચાસ્વરૂપ દુ:ખ દૂર કરે પણ બોલે નહિ એટલે સામાન્યતઃ એવું થાય કે આપણે અરજી તો નાખી-વિનંતી, સ્તુતિ, પ્રાર્થના તો કરી, પણ એમણે સાંભળી કે નહિ અને સાંભળી તો એનો અમલ કરશે કે નહિ એવો અવિશ્વાસ રહે; તેવી જ રીતે મૂર્તિઓને શણગાર (વસ્ત્ર) ઘરેણાં (અલંકાર) પહેરાવે તે અર્ચક ઊલટસૂલટ ધારણ કરાવે તો પણ એ ટોકે નહિ-થાળ ધરાવે પણ ઓછો થતો જણાય નહિ; એમનાં વસ્ત્રો કે થાળ ઊંદર બગાડે તો પણ બોલે નહિ-એમની આગળ-પ્રભુપ્રતિમા સમક્ષ-હરિલીલામૃત કળશ ૬ વિશ્રામ૩ માં વર્ણવેલા અપરાધ કરવામાં આવે છતાં નિભાવી લે ને જગતભરમાં બધાને બોધ-પાઠ મળે તેવું એનું કંઈ અનિષ્ટ ન થાય; એટલે સામાન્ય રીતે મૂર્તિમાં સદ્‌ભાવ, આકર્ષણ કે પ્રેમજેવાં મનુષ્યતનુધારી પરમાત્મામાં થાય તેવાં ન થાય. મનુષ્યરૂપ ભગવાનની રીત અને અર્ચાસ્વરૂપ ભગવાનની રીત જુદી હોય છે એ મર્મ આ જીવ જાણતો હોતો નથી; જેથી ઊંડે ઊંડે પણ એને એ પ્રતિમાઓમાં નાસ્તિકભાવ રહી જાય છે. શ્રીજીએ પણ આ વિષયમાં સ્વાનુભવ વ્યક્ત કર્યો છે. તે કહ્યું છે :-

''ઓગણોતેરા કાળમાં અમને એક મહિના સુધી જ્યારે નિદ્રા આવે ત્યારે એમભાસતું જે અમે પુરુષોત્તમપુરીને વિષે જઈને શ્રી જગન્નાથજીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ. અને તે મૂર્તિ તો કાષ્ઠની જણાય પણ તેને નેત્રે કરીને અમે સર્વને દેખતા અને પૂજારીનાં ભક્તિભાવ તથા છળકપટ સર્વ દેખતા; અને એવી રીતે આપણા સત્સંગમાં જે સમાધિનિષ્ઠ પુરુષ હોય તે પણ, સમાધિએ કરીને બીજાના દેહમાં પ્રવેશ કરીને સર્વને દેખે છે ને સર્વ શબ્દને સાંભળે છે. અને શાસ્ત્રમાં પણ એવાં વચન છે જે 'શુકજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા.' માટે મોટા જે સત્પુરુષ હોય અથવા જે પરમેશ્વર હોય તે જ્યાં ઇચ્છા આવે ત્યાં પ્રવેશ કરે છે. માટે તે પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને વિરાજમાન રહે છે. તે મૂર્તિને જે ભગવાનનો ભક્ત પૂજતો હોય ત્યારે 'જેમપ્રત્યક્ષ ભગવાન વિરાજમાન હોય ને તેની મર્યાદા રાખે' તેમતે મૂર્તિની પણ રાખવી જોઈએ; તેમજ સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહી છે, તે સંતની પણ મર્યાદા રાખવી જોઈએ-તે તો એ ભક્ત લેશ માત્ર રાખતો નથી; અને મૂર્તિને તો ચિત્રામણની અથવા પાષાણાદિકની જાણે છે અને સંતને બીજા માણસ જેવા જાણે છે-અને ભગવાને તો શ્રીમુખે એમકહ્યું છે જે 'મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું' - અને એ ભક્ત તો ભગવાનની પ્રતિમા આગળ તથા સંત આગળ ગમે તેટલાં ફેલફતૂર કરે છે પણ લેશ માત્ર ભગવાનનો ડર રાખતો નથી; એને ભગવાનનો નિશ્ચય છે કે નથી ?.... ત્યારે પરમહંસ બોલ્યા, 'જ્યારે એ ભગવાનને અંતર્યામી જાણીને મર્યાદા નથી રાખતો તો એને ભગવાનનો નિશ્ચય જ નથી.'

પછી શ્રીજી મહારાજે વળી પૂછ્યું, 'એને નિશ્ચય તો નથી ને ઉપરથી પાખંડ જેવી ભક્તિ કરે છે ત્યારે એનું કલ્યાણ થશે કે નહિ થાય ?' પછી સંત બોલ્યા, 'એનું કલ્યાણ નહિ થાય.' તે પછી શ્રીજી મહારાજ બોલ્યા, 'જેને ભગવાનની મૂર્તિને વિષે નાસ્તિકપણું આવે ને સંતને વિષે નાસ્તિકપણું આવે તેને એટલે જ નહિ રહે-તેને તો જેનું ભજન સ્મરણ કરે છે એવા જે પ્રત્યક્ષ ભગવાન તેને વિષે પણ નાસ્તિકપણું આવશે અને ભગવાનનાં ગોલોક, બ્રહ્મપુર આદિક ધામછે તેને વિષે પણ નાસ્તિકપણું આવશે; અને જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેને પણ કાળે કરીને, માયાએ કરીને ને કર્મે કરીને માનશે પણ પરમેશ્વર વતે કરીને નહિ માને, એવો પાકો નાસ્તિક થશે.'[૮] વળી પોતે કહે છે :- ''જે નાસ્તિક મતિવાળા હોય તેને એમસમજાય છે જે બીજા પાણામાં ને ઠાકોરજીની મૂર્તિમાં શો ફેર છે ? સર્વે પાણા એક સરખા છે.''[૯]

આથી એવું સ્પષ્ટ જણાય છે કે મૂર્તિપૂજા એ આસ્તિકો માટે છે-નાસ્તિકો માટે નથી-જે આસુરી સંપદવાળા છે તે 'ઈશ્વરોઽહમ્' હું પોતે જ ઈશ્વર છું એવં પ્રલપન કરે છે, એટલું જ નહિ પણ 'कोऽन्योऽस्ति सदृशो मया ?' ઈશ્વર એવો હું તે મારે તુલ્ય આ સંસારમાં બીજો કોણ છે ?-કોઈ નથી એવો પ્રલાપ કરે છે. એવાને ભક્તિ કોની કરવાની રહી ? એવા આસુરી સંપદવાળાઓને ભગવાનની પ્રતિમા કે મૂર્તિની પણ ક્યાં અપેક્ષા રહી ? મૂર્તિપૂજાનો અધિકાર તો દૈવી જીવોને છે પરંતુ આસુરી જીવોને નથી. શ્રીસ્વામિનારાયણ ભગવાને જેમશિક્ષાપત્રી આસુરી સંપદવાળાને ન આપવી એવી આજ્ઞા કરી તેમતેઓશ્રીએ મૂર્તિપૂજનનો અધિકાર પણ આસ્તિક-દૈવી-જીવો પૂરતો જ મર્યાદિત રાખેલો છે. શ્રીસ્વામિનારાયણ ભગવાને આચાર્યપદ સ્થાપન કર્યું તેમાં પણ મુમુક્ષુતાનો અંકુર જેનામાં ઉદય થયો હોય તેવાને જ ગુરુમંત્ર-દીક્ષા આપવાં એવો આદેશ કર્યો : પોતે મનુષ્યરૂપે આ પૃથ્વી ઉપર વિરાજમાન હતા ત્યારે પોતે એવો સંકલ્પ ધારીને પ્રકટ થયેલા કે આ દેહે કરીને તો પાત્ર-કુપાત્ર (દૈવી-આસુરી) એ સર્વેનું કલ્યાણ કરવું છે. આવો કૃપામય સંકલ્પ કરીને પ્રાદુર્ભાવ થયા હોય ત્યારે જીવનાં શુભાશુભ કર્મ કે શુભાશુભ કાળનું સામર્થ્ય રહે નહિ. ત્યાં તો એકલું પરમેશ્વરનું જ સામર્થ્ય રહે છે.''[૧૦] આ જ સિદ્ધાન્તનું સમર્થન કરતાં શ્રીસ્વામિનારાયણ ભગવાન કહે છે:- ''કોઈક સમયમાં ભગવાનને ઘણાક જીવને પોતાને સંમુખ કરવા હોય ત્યારે તો અભક્ત જીવ હોય અથવા પશુ હોય તેને પણ ભગવાનને જોઈને સમાધિ થઈ જાય છે......''[૧૧] પરંતુ જ્યારે પરમાત્મા અર્ચાસ્વરૂપે-પ્રતિમાસ્વરૂપે દર્શન દેતા હોય ત્યારે તો તે પ્રતિમાસ્વરૂપની, પ્રતિમાના અર્ચક (પૂજનાર)ની તેમજ પૂજાદ્રવ્યોની શુદ્ધિનો વિધિ જે શાસ્ત્રમાં કહ્યો હોય તે સચવાય તો જ અર્ચાવતારનું સુખ આવે. તે શ્રીસ્વામિનારાયણ ભગવાન કહે છે, 'જે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખતો હોય તેણે અતિશય પવિત્રપણે રહેવું, જેમદેવને પૂજવા તત્પર થાય તે દેવ સરખો પવિત્ર થઈને જો દેવની પૂજા કરે ત્યારે તેની પૂજાને દેવ અંગીકાર કરે છે''......[૧૨] વળી મોક્ષગ્રંથ શ્રી સત્સંગીજીવનમાં પણ કહ્યું છે :-

अर्चकस्य तपोयोगादर्चनस्यातिशायनात् ।

आभिरूप्याच्च बिम्बानां देवः सान्निध्यमृच्छति ॥

અર્ચક (પૂજક) બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવા રૂપ તેમજ અન્ય નિયમોનં અનુસરણ કરવા રૂપ તપશ્ચર્યા યુક્ત હોય; અર્ચન-સામગ્રી વિત્ત-શાઠ્ય કર્યા સિવાયની તથા શ્રદ્ધાપૂર્વક યથોચિત સંપાદન કરેલી હોય અને બિંબ એટલે ભગવાનની મૂર્તિ શાસ્ત્રમાં કહેલા-વિધિ પ્રમાણે તૈયાર કરાવેલી સુશોભિત ને રમણીય હોય તો તેમાં પરમાત્માનું સાનિધ્ય-પરમાત્માનો વાસ થાય છે.''[૧૩]

''...મૂર્તિપૂજા એ આસ્તિકો માટે છે-નાસ્તિકો માટે નથી-જે આસુરી સંપદવાળા છે તે 'ઈશ્વરોઽહમ્' હું પોતે જ ઈશ્વર છું એવં પ્રલપન કરે છે, એટલું જ નહિ પણ 'कोऽन्योऽस्ति सदृशो मया ?' ઈશ્વર એવો હું તે મારે તુલ્ય આ સંસારમાં બીજો કોણ છે ?-કોઈ નથી એવો પ્રલાપ કરે છે. એવાને ભક્તિ કોની કરવાની રહી ? એવા આસુરી સંપદવાળાઓને ભગવાનની પ્રતિમા કે મૂર્તિની પણ ક્યાં અપેક્ષા રહી ? મૂર્તિપૂજાનો અધિકાર તો દૈવી જીવોને છે પરંતુ આસુરી જીવોને નથી....''

(૮) વચનામૃત ગઢડા પ્્રથમપ્રકરણ ૬૮

(૯) વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬

(૧૦) વચનામૃત વડતાલ ૬

(૧૧) વચનામૃત વડતાલ ૧૩

(૧૨) વચનામૃત વડતાલ ૮

(૧૩) સત્સંગીજીવન પંચમપ્રકરણ અધ્યાય ૭ શ્લોક ૨૦

(૧૪) શ્રીમદ્ ભાગવત એકાદશ સ્કંધ અધ્યાય ૨૭ શ્લોક ૧૨ થી ૧૪ તથા ૪૮

(ક્રમશઃ)

અનુસંધાન પાન નં. ૨૧નું ચાલુ...

કળા કહી છે. એવા જે મહાપુરુષ તેનો મોટા કવિ પણ પાર પામતા નથી, ને આધુનિક સમજણવાળાની તો એટલે સુધી જ ગતિ છે. ને એવા અનંત અક્ષરમુક્તે સેવ્યા એવા જે પ્રગટ પુરુષોત્તમતેની તમારે સાક્ષાત્ પ્રાપ્તિ છે, અને એવા જે પ્રગટ પુરુષોત્તમશ્રી સ્વામિનારાયણ તે બીજાં ધામમાં રહી જે મૂર્તિયું તથા સર્વે અવતાર તેના કારણ છે ને અનંત મુક્તના સ્વામી છે, ને અપરિમિત-સર્વોપરી-નિરંકુશ-ઐશ્વર્યાદિકે કરીને સંપૂર્ણ છે. એવા જે પ્રગટ પુરુષોત્તમ તેમની જેમતમને ઉપાસના છે તેમજેને ઉપાસના થાય તે જ પુરુષોત્તમને પામે છે, પણ બીજા તો કોટિ સાધન કરે તોપણ ન પામે. અક્ષરાદિક સર્વ થકી પર અને અદ્વૈતમૂર્તિ એવા જે પ્રગટ પુરુષોત્તમતેને વિશે ને બીજા વિભૂતિ-અવતારને વિશે કેમભેદ છે ? તો જેમતીર ને તીરનો નાખનારો તથા ચક્રવર્તી રાજા ને ખંડિયા રાજામાં ભેદ છે, ને જેમસૂર્ય ને સૂર્યના મંડળમાં ભેદ છે, ને ચંદ્રમા ને તારામાં ભેદ છે; તેમઆ પ્રગટ પુરુષોત્તમમાં ને બીજા રામકૃષ્ણાદિક અવતારમાં ભેદ છે. એવી રીતે આ પ્રગટ પુરુષોત્તમને સર્વોપરી જાણવા. એ સર્વે સત્પુરુષ ને સર્વે શાસ્ત્રનો પરમરહસ્ય-અભિપ્રાય છે. એવા જે પ્રગટ હરિકૃષ્ણ પુરુષોત્તમતેની દૃઢ ઉપાસના કરવી એ અવશ્ય કરવાનું છે. ને અનંત એવું જે અક્ષરધામ, અનંત કોટિ અક્ષરમુક્ત, ને અક્ષરધામની અનંત દિવ્ય સમૃદ્ધિ, ને અનંત વિભૂતિયું ને અનંત માયા-સબલિત-બ્રહ્મ એ સર્વે પુરુષોત્તમનું શરીર છે. તેના મહિમાનો પાર ન આવે તો એ સર્વના શરીરી ને કારણ, એ સર્વને વિશે અન્વય થકા વ્યતિરેક ને સર્વેથી નિર્લેપ-નિર્વિકારી એવા જે આ પરબ્રહ્મ હરિકૃષ્ણ પ્રગટ પુરુષોત્તમતેના મહિમાનો તો પાર આવે જ કેમ? એ તો અનંત અપાર છે, ને જેવા આ પ્રગટમૂર્તિ અમે બેઠા છીએ તેવા ને તેવા જ અક્ષરધામને વિશે પણ રહ્યા છીએ, અને તમે પણ સર્વે ત્યાં બેઠા છો એમહું દેખું છું, ને આ સત્સંગમાં જે યોગ-સમાધિવાળા છે તે પણ દેખે છે, પણ આ વાત તમારા સમજવામાં પરિપૂર્ણ આવતી નથી, ને જ્યારે એ વાર્તા પરુપૂર્ણ સમજવામાં આવશે ત્યારે પંચવિષય કે કામક્રોધાદિક જીત્યામાં પ્રયાસ થાશે નહિ, સહેજે જિતાઈ જાશે. અને બ્રહ્માદિકને પણ દુર્લભ એવી આ સભા છે, ને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ ને બદરિકાશ્રમતેને વિશે સભા છે તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું, ને સર્વે હરિભક્તને અતિશે પ્રકાશ યુક્ત દેખું છું. એમાં જો લગાર મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમછે, તે સમશા સારુ ખાવા પડે છે ? જે આ તમારે સર્વેને અલૌકિક ને પરિપૂર્ણપણું સમજાતું નથી, ને દેખવામાં પણ આવતું નથી તે સારુ સમખાવા પડે છે, એવી રીતે પોતાના એકાંતિક મોટા સાધુ બેઠા હતા ત્યાં શ્રીજી મહારાજે કૃપા કરીને પોતાના પુરુષોત્તમ પણાની વાત કરી.'' (૭/૧૫)

''વરતાલમાં શ્રીજી મહારાજે પરમહંસ આગળ પોતાના પુરુષોત્તમપણાના મહિમાની વાત પાંચ-છ દિવસ કરીને પછી શ્રીજી મહારાજે સંતને કહ્યું જે, 'અમારી વાતનું રહસ્ય તો આ નિત્યાનંદ સ્વામી સમજે છે.' પછી સર્વે સંતે કહ્યું જે, 'હે મહારાજ, એ કેમસમજે છે ?' ત્યારે કહ્યું જે, 'તમે પૂછો.' ત્યારે સર્વે સંતે પૂછ્યું, ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, 'તમે પુરુષોત્તમકહ્યા તે તો મહાપુરુષ છે, ને પુરુષોત્તમતો અક્ષર થકી પર ને રામકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી ને સર્વ કારણના કારણ આ પ્રત્યક્ષ પ્રમાણ શ્રીજી મહારાજ છે.' ત્યાર પછી સર્વે સંતે શ્રીજી મહારાજને કહ્યું જે, 'હે મહારાજ ! તમારા સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય થાય તેવી રીતે કૃપા કરીને કહો.' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'જ્યાં પ્રગટ પુરુષોત્તમપણાની વાત આવે છે ત્યાં સર્વેની બુદ્ધિ ભ્રમાઈ જાય છે. પણ સર્વ ઠેકાણે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમલઈને બીજાને પુરુષોત્તમકહ્યા છે, તે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય, તો બીજાવી શી વાત કહેવી ? માટે એવા શબ્દ સાંભળીને મતિ ભ્રમાવા દેવી નહિ, તે પુરુષોત્તમરામકૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી પ્રત્યક્ષ હરિકૃષ્ણ અમે છીએ, એમાં કિંચિત્માત્ર સંશય નથી.' એવી રીતે શ્રીજી મહારાજે પોતાના પુરુષોત્તમપણાની સંત આગળ વાત કરી.'' (૭/૨૪)

''શ્રીજીમહારાજે સંતદાસજીને દલુજી પાસે મોકલ્યા. પછી દલુજીએ શ્રીજી મહારાજવા પ્રતાપ સમાચાર પૂછ્યા, ને વળી એમબોલ્યા જે, 'શ્રીજી મહારાજનો અવતાર કેવો જાણવો ને ત્યાં જીવોનાં કલ્યાણ કેવાં કરે છે ?' ત્યારે સંતદાસજીએ કહ્યું, 'આ અવતાર નહિ, આ તો રામકૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ પ્રગટ હરિકૃષ્ણ પુરુષોત્તમ! તે અક્ષરધામથકી જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે દયા કરીને પધાર્યા છે, ને આ તો સર્વોપરી મૂર્તિ છે તે માટે જીવોનાં સર્વોપરી કલ્યાણ કરે, ને શ્રીજી મહારાજ તો કોઈ દિવસ આ બ્રહ્માંડમાં પધાર્યા નથી ને પધારશે પણ નહિ ને એવા તો એક જ છે, ને હું પણ વૈકુંઠ તથા બદરિકાશ્રમતથા શ્વેતદ્વીપાદિક ધામપ્રત્યે જાઉં છું ત્યારે સર્વ ધામના પતિ એમકહે છે, 'સહજાનંદ સ્વામી પ્રગટ પ્રમાણ પુરુષોત્તમતો અક્ષરધામના પતિ તે સર્વ અવતારના અવતારી છે, તે જ આ દયા કરીને જીવોનાં કલ્યાણ કરવાને અર્થે પૃથ્વી ઉપર પધાર્યા છે, તે માટે જીવોનાં સર્વોપરી કલ્યાણ કરે છે.' એમએ સર્વે ધામના વાસી કહે છે. ત્યાર પછી સંતદાસજીએ દલુજીને કહ્યું જે, 'તમે શ્રીજી મહારાજનો અવતાર કેવો જાણો છો ?' ત્યારે તે બોલ્યા જે, 'શ્રીજી મહારાજ તો સર્વ અવતારના અવતારી ને અક્ષરધામ, કાળ, માયા, પુરુષ, વાસુદેવાદિક ચતુર્વ્યૂહ તથા કેશવાદિક ચોવીસ મૂર્તિઓ તે સર્વેના કારણ પુરુષોત્તમછે, તે હું પણ શ્રીજી મહારાજની કૃપા થકી જાણું છું.' એવી રીતે શ્રીજી મહારાજનો મહિમા એ બેય જણાએ પરસ્પર ઘણોક કહ્યો.'' (૭/૨૬)

- (ક્રમશઃ)

અનુસંધાન પાન નં. ૧૯નું ચાલુ...

"ભગવાન તો અધમઉધારણ ને પત્તિત પાવન છે, તે મુને સાક્ષાત મળ્યાં છે." (કારિયાણી-૭)

(૧૩) ગૃહસ્થને આખા દિવસમાં થયેલું પાપ કેમ બળે ? :- "સારો દિવસ પ્રવૃત્તિ માર્ગમાં રહીને ગમે તેવી ક્રિયા કરી હોય, ને ભગવાનનું ભજન કરવા બેસે તે સમે એ ભજનના કરનારાના ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ એ સર્વે એકાગ્ર થઈને જો ભજનમાં જોડાય; તે એવી રિત્યે એક ઘડી કે અડધી ઘડી પણ જો ભગવાનના ભજનમાં જોડાય, તો સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય છે. અને ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ તે એકાગ્ર થઈને જો ભગવાનના ભજનમાં ન જોડાય, તો તેના ભજન થકી તો ઘડીક અધઘડીમાં પાપ ન બળે. અને એનું જે કલ્યાણ તે તો ભગવાનને પ્રતાપે કરીને થાય." (ગઢડા મ. ૬૨)

(૧૪) ગૃહસ્થને જીવના મોક્ષનો ઉપાય :- જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય, તેને પોતાનું દેહ, ધન, કુટુંબ પરિવાર એ સર્વને ભગવાનની સેવામાં જોડી દેવાં ને ભગવાનની સેવામાં જે પદાર્થ કામન આવે, તો તેનો ત્યાગ કરી દેવો. એવી રીત્યે જે ભગવાન પરાયણ વર્તે તે ગૃહસ્થાશ્રમી હોય, તોય પણ મરે, ત્યારે ભગવાનના ધામમાં નારદ સનકાદિકની પંક્તિમાં ભળે, અને પરમમોક્ષને પામે. (ગઢડા મધ્ય-૬૨)

(૧૫) કેવા ગૃહસ્થ ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે. :- "જ્યારે ઘરમાં એક મણ અન્ન મળતું હોય, ને તારે જેવી સંતની ઉપર પ્રીતિ હોય, ને જેવું દીનપણું હોય, અને પછે તેને એક ગામનું રાજ્ય આવે, અથવા પાંચ ગામનું રાજ્ય આવે, અથવા પચાસ ગામનું રાજ્ય આવે, અથવા સો ગામનું રાજ્ય આવે, અથવા સર્વે પૃથ્વીનું રાજ્ય આવે, તો પણ સંતની આગળ જેવો કંગાળ હતો, ને દીન આધિન રહેતો તેવો ને તેવો જ પ્રીતિએ જુક્ત થકો દીન આધિન રહે, તેમજ ઈન્દ્રલોક તથા બ્રહ્મલોકનું રાજ્ય પામે, તો પણ સંતની આગળ તેવોને તેવો જ દીન આધિન રહે. એવાં જેનાં લક્ષણ હોય તેની ઉપર ભગવાન અતિપ્રસન્ન થાય છે. (ગઢડા મ. ૨૫)

(૧૬) નિર્વાસનિક ગૃહસ્થની દેહ મુક્યા પછી ગતિ અને એ ગૃહસ્થ હરિભક્ત છે, તે તો દેહ મુકશે ત્યારે નિર્વાસનિક છે, માટે ભગવાનનું જે બ્રહ્મપુર ધામ તેને પામશે, ને ભગવાનના ચરણારવિંદમાં નિવાસ કરીને રહેશે. (ગઢડા મધ્ય-૨૫)

અનુસંધાન પાન નં. ૧૫નું ચાલુ...

જન્માષ્ટમીના દિવસે સવારથી જ વાતાવરણ ભક્તિમય બની ગયું. શ્રીહરિના સંબંધે સર્વેનાં મન, ઈન્દ્રિયો તેમના સ્વરૂપમાં સ્થિત થઈ ગયાં હતાં. શ્રીહરિની મૂર્તિનું એવું આકર્ષણ હતું. કૃષ્ણજન્મએટલે ઈન્દ્રિયોનું કર્ષણ કરી, જગતની ઉન્મુખ થઈ ભગવાન સન્મુખ થવાની યોગસાધના. આઠમના મેળામાં રમાતાં જુગાર, ચોપાટ કે ગોપ-ગોપીના બીભત્સ રાસ - એ વિકૃત ભાવોના કૃષ્ણજન્મસાથે કોઈ સંબંધ ન હતો. શ્રીહરિએ આવા સમૈયા યોજી સમાજમાં પ્રવર્તાવવા આવા બીભત્સ ભાવોનું રૂપાંતર કરી દીધું. જીવ અને પરમાત્માના મિલનનો અહીં આનંદ હતો. એ આનંદનો અનુભવ ઈન્દ્રિયાતીત અવસ્થામાં જ થઈ શકે તેમહતો.

બે સ્વરૂપે દર્શન

સરધારમાં દેશો-દેશના ભક્તો લાભ લેવા માટે આવ્યા હતા. રાત્રે મંડપમાં સૌ બેસી ગયા. શ્રીહરિ પણ મંચ પર બિરાજ્યા જેથી સૌ હરિભક્તોને દર્શન સારી રીતે થાય. શ્રીકૃષ્ણ જન્મથતાં સુધી કથા-વાર્તા કરી શ્રીહરિએ ભક્તજનોને ઉપદેશ આપ્યો. પછી મુક્તાનંદ સ્વામી આદિક સંતોએ ઝાંઝ-પખવાજ સાથે કીર્તન-ભક્તિની જમાવટ થઈ, હરિભક્તો પણ એ ભક્તિરસમાં તરબોળ બની ગયા. ત્યાં મહારાજે મંચ ઉપરથી જ સૌ હરિભક્તો ઉપર ગુલાલ છાંટ્યો અને રંગોત્સવ શરૂ થયો. પછી તો ટોપલે ટોપલા ભરીને ગુલાલ આવવા લાગ્યો. મહારાજ હરિભક્તો ઉપર છાંટે, હરિભક્તો મહારાજ ઉપર; રાત્રિનું અંધારું, નભમંડળ, બધું જ ગુલાલના રંગથી રક્ત થઈ ગયું.

પછી શ્રીહરિ મંચ ઉપરથી ઊતર્યા. સુંદર પારણાંમાં બાલકૃષ્ણને પધરાવ્યા અને શ્રીહરિએ જન્મોત્સવની આરતી ઉતારી. ત્યારે સૌએ આશ્ચર્ય જોયું. શ્રીકૃષ્ણરૂપે સહુએ શ્રીહરિને જોયા. થોડી વાર શ્રીકૃષ્ણ દેખાય, તો થોડી વાર શ્રીહરિ દેખાય.શ્રીહરિના મનુષ્યરૂપમાં દિવ્યભાવમાં નિશ્ચય સૌને થવા લાગ્યો.

આરતીના ઘંટારવમાં જય-જયકારનો નાદ ભળી ગયો. 'સ્વામિનારાયણ ભગવાનની જય'થી મંડપ ગાજી ઊઠ્યો. પછી બાલકૃષ્ણ ભગવાનને પંચાજીરી તથા ખાંડ અને કેસર નાંખેલો દહીંનો થાળ ધરાવ્યો. તે પ્રસાદી સૌ સંતો-હરિભક્તોને વહેંચી દીધી. જન્માષ્ટમીનો ઉત્સવ આવા દિવ્ય વાતાવરણમાં ઊજવાઈ ગયો. પછી શ્રીહરિ અને સૌ સંતો-હરિભક્તો પોઢી ગયા.

નવમીના દિવસે સવારે શ્રીજી મહારાજે સ્નાનવિધિ તથા પૂજાવિધિ કરી. તોંગાજીએ શ્રીહરિ માટે મુકુંદ બ્રહ્મચારી પાસે થાળ કરાવ્યો. સૌ સંતો-હરિભક્તોને પણ શ્રીહરિએ બહુ ભાવથી પીરસીને જમાડ્યા.



# સત્સંગ સમાચાર પત્રિકા

અહેવાલ :- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી-વડતાલ તથા સાધુ અમૃતસ્વરૂપદાસ - સરધાર

## દહિસર(મુંબઈ)ને આંગણે યોજાયેલ 'ભક્ત ચિંતામણી પરચા પ્રકરણ પારાયણ'

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી દહિસરને આંગને શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૩-૮-૦૭ થી તા. ૨૭-૮-૦૭ સુધી વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી દ્વારા રચિત ગ્રંથ ભક્ત ચિંતામણી અંતર્ગત 'પરચા પ્રકરણ પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કથાના વક્તાપદે સરધાર નિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના કૃપાપાત્ર શિષ્ય સ્વામી નિષ્કામસ્વરૂપદાસજી રહીને શ્રીજીસમકાલીન ભક્તોને ભગવાન શ્રીહરિએ આપેલ પરચાઓનું ગાન કર્યું હતું. આ કથાનો લાભ દહિસર, બોરિવલી, મીરા રોડ, મલાડ, વસઈ વગેરે પરાવિસ્તારના ભક્તજનોએ લાભ લઈને પોતાના જીવનને ધન્યભાગી બનાવ્યા હતા.

## બગસરા મંદિર દ્વારા યોજાયેલ શ્રી સ્વામિનારાયણ સોરઠ પંચતીર્થ પદયાત્રા



ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે તા. ૨૦-૮-૦૭ થી તા. ૨૫-૮-૦૭ સુધી ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણારવિંદથી અંકિત સોરઠ પ્રદેશના પ્રાસાદિક સ્થળોથી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.


આ પદયાત્રામાં જૂનાગઢ, પીપલાણા, માણાવદર, પંચાળા, લોજ, કાલવાણી-અગતરાઈ વગેરે સોરઠ પંચતીર્થના સ્થળોને આવરી લેવામાં આવ્યા હતા. આ પદયાત્રામાં પૂ. ભક્તિસંભવદાસજી સ્વામી - અમરેલી, પૂ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી - બગસરા, પૂ. આનંદસ્વરૂપદાસજી સ્વામી - સરધાર, પૂ. વિવેકસ્વરૂપદાસજી સ્વામી - બગસરા, પૂ. બાલમુકુંદદાસજી સ્વામી - સરધાર, પૂ. શુકમુનિ સ્વામી - અમરેલી વગેરે સંતો-પાર્ષદો સહિત પાંચસો યાત્રિકો જોડાયા હતા.

આ પદયાત્રા રાત્રિરોકાણ તેમજ દિવસ દરમ્યાન દરેક તીર્થસ્થળોએ પૂ. સંતોએ તીર્થનો મહિમા તેમજ સત્સંગ કથા-વાર્તાનો અલૌકિક લાભ આપ્યો હતો. અને દરેક પદયાત્રાર્થીઓએ મહિમા સભર શ્રી સ્વામિનારાયણ મહામંત્રના જયઘોષ અને ધૂનની રમઝટ સાથે પૂરી યાત્રા કરવામાં આવી હતી.

## ડોંબીવલી(મુંબઈ)ને આંગણે જન્માષ્ટમી પ્રસંગે યોજાયેલ 'ભક્ત ચિંતામણી પરચા પ્રકરણ પારાયણ'

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલીને આંગણે જન્માષ્ટમી મહોત્સવ પ્રસંગે તા. ૩૧-૮-૦૭ થી તા. ૪-૮-૦૭ સુધી વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી દ્વારા રચિત ગ્રંથ ભક્ત ચિંતામણી અંતર્ગત 'પરચા પ્રકરણ પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કથાના વક્તાપદે સરધાર નિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના



કૃપાપાત્ર શિષ્ય સ્વામી નિષ્કામસ્વરૂપદાસજી રહીને શ્રીજીસમકાલીન ભક્તોને ભગવાન શ્રીહરિએ આપેલ પરચાઓનું ગાન કર્યું હતું. તા. ૪-૯-૦૭ના રોજ શ્રીકૃષ્ણ પરમાત્મા પ્રાગટ્ય મહોત્સવની અતિ ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી.

આ મહોત્સવ તથા કથાનો લાભ થાણા, મુલુંડ, ઘાટકોપર, દહિસર, બોરિવલી, મીરા રોડ, મલાડ, વસઈ વગેરે પરાવિસ્તારના ભક્તજનોએ લાભ લઈને પોતાના જીવનને ધન્યભાગી બનાવ્યા હતા.

## અમરેલીને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રી દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ સૌપ્રથમવાર 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર'



ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સદ્. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજીના માર્ગદર્શન પ્રમાણે શ્રી સ્વામિનારાયણ મંદિર - અમરેલી દ્વારા સૌપ્રથમવાર 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર'નું તા. ૩-૯-૦૭ થી ૭-૯-૦૭ સુધી આયોજન કરવામાં આવ્યું હતું.

શિબિરના પ્રથમદિવસે સાંજના ૫.૦૦ કલાકે વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌપ્રથમમંદિરમાં વિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારીને સભામંચ સ્થાન ગ્રહણ કર્યું હતું. પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી આદિક સંતો-ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા અર્પણ કરીને સ્વાગત કરવામાં હતું. ત્યારબાદ પૂ. જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી - સરધાર, પૂ. ઘનશ્યામસ્વામી - વડતાલ, પૂ. પૂ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી - બગસરા, પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી વગેરે સંતો-ભક્તોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સર્વે ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

ત્યારપછીના રાત્રિના ૯.૦૦ કલાકે ફરીને સભાસ્થાનમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. આજના પવિત્ર દિવસે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજનો ૫૯મો જન્મદિવસ હોવાથી તે જન્મોત્સવની પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો દ્વારા કેક, દિપ પ્રાગટ્ય અને રાસોત્સવની સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સભાના અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ તેમજ પૂ. સંતોએ પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીના મહિમાના પ્રાસંગિક પ્રવચનો આપીને ભક્તજનોને ધન્યભાગી બનાવ્યા હતા.

## નાના માચીયાળાને આંગણે યોજાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી રામજી મંદિરનો શિલારોપણવિધિ

અમરેલી જીલ્લાના નાના માચીયાળાને આંગણે તા. ૪-૯-૦૭ના રોજ સવારે ૯.૦૦ કલાકે અમરેલીથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌપ્રથમતેઓશ્રી ભવ્ય સ્વાગત શોભાયાત્રા ગામના મુખ્ય માર્ગથી લઈને ભીમનાથ મહારાદેવ મંદિર સુધી કાઢવામાં આવી હતી. શોભાયાત્રામાં વચ્ચે શ્રી સ્વા.મહિલા મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી હતી. ત્યારબાદ શ્રી રામજી મંદિરનો શિલારોપણવિધિ વિપ્રવર્યોના વૈદિક મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યો હતો. આ શોભાયાત્રા સમગ્ર ગામના તેમજ આજુબાજુના વિસ્તારના ભક્તજનો જોડાયા હતા. શ્રી ભીમનાથ મહાદેવ મંદિરમાં મહાદેવજીનું પૂજન-અર્ચન કરીને ધ્વજારોહણવિધિ કર્યો હતો. ત્યારબાદ આરતી ઉતારવામાં આવી હતી.

ત્યારપછી મંદિરના રંગમંડપમાં સત્સંગ સભામાં યોજવામાં આવી હતી. સૌપ્રથમપૂ. સંતો તેમજ શ્રી રામજી મંદિરના મુખ્યદાતા શ્રી ઘનશ્યામભાઈ કરડ(સુરત) આદિક ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું હારતોરા કરીને સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ પૂ. સંતો-ભક્તોના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ગામતેમજ પરગામના ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.





## સલડીને આંગણે યોજાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં દિવ્ય સત્સંગ સભા



અમરેલી જીલ્લાના સલડીને આંગણે તા. ૪-૯-૦૭ના રોજ બપોરે ૨.૩૦ કલાકે નાના માચીયાળાથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌપ્રથમપ.પૂ. લાલજી મહારાજશ્રીએ મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારી હતી. ત્યારબાદ સભાસ્થાનમાં પોતાનું આસન ગ્રહણ કર્યું.

ત્યારબાદ પૂ. સંતો-ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારપછી પૂ. જ્ઞાનવલ્લભ સ્વામી - સરધાર, પૂ. ધર્મવલ્લભ સ્વામી - સરધાર, પૂ. શુકમુનિ સ્વામી - અમરેલી, પૂ. ઘનશ્યામસ્વામી - વડતાલ તેમજ શ્રી ગોરધનભાઈ કાનાણી (ટ્રસ્ટીશ્રી-ગઢપુર), મનુભાઈ - સલડી આદિક સંતો-ભક્તોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ દિવ્ય અમૃતવાણીનો લાભ આપ્યો હતો. અંતમાં સહુ ભક્તજનોને પ.પૂ. લાલજી મહારાજશ્રીના ચરણ સ્પર્શનો લાભ આપવામાં આવ્યો હતો.

## ગઢપુરને આંગણે યોજાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં 'શ્રીકૃષ્ણ પ્રાગટ્ય મહોત્સવ'

જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ત્રીસ ત્રીસ વર્ષ સુધી રોકાયને અનેકવિધ લીલાઓ કરી છે તેવા અતિ પ્રાસાદિક દિવ્ય ગઢપુરને આંગણે તા. ૪-૯-૦૭ શ્રાવણ વદ - ૮ (જન્માષ્ટમી)ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી સલડી મુકામે સત્સંગ સભાની પૂર્ણાહુતિ કરીને પધાર્યા હતા.

શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી ગોપીનાથજી મહારાજ આદિક દેવોના દર્શન કરીને બરાબર ૧૧.૩૦ કલાકે શ્રીકૃષ્ણ પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે નિજમંદિરમાં બાલલાલજીનો વૈદોક્ત મંત્રોપ્ચારની સાથે પંચામૃત વડે અભિષેક કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ બરાબર મધ્ય રાત્રિના ૧૨.૦૦ કલાકે પારણામાં ઝૂલતા ઠાકોરજીની આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રી ઉતારી હતી. સહુ ભક્તજનોએ 'નંદ ઘેર આનંદ ભયો, જય બોલો કનૈયા લાલકી' સુરો સાથે વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ગામતેમજ પરગામના ભક્તજનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.



## ગોધરાને આંગણે ઉજવાયેલ પ.પૂ. ધ.ધુ. આચાર્યજી મહારાજશ્રીનો ૫૯મો 'જન્મજયંતી મહોત્સવ'

તા. ૪-૯-૦૭ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૫૯મો જન્મજયંતી મહોત્સવની 'શ્રી લક્ષ્મીનારાયણ યુવક મંડળ' દ્વારા ગોધરાને આંગણે અતિ ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી.

સત્સંગ સભાની શુભ શરૂઆત મંડળના ઉત્સાહી યુવાનો દ્વારા ધર્મકુળ મહિમાના પદો તેમજ ગુરુમહિમા સ્તોત્રો ગવરાવીને કરવામાં આવી હતી. ત્યારબાદ મહોત્સવના યજમાનશ્રી જગદીશભાઈ મંડપવાળા અને ગોંવિદભાઈ દ્વારા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય પ્રતિમાનું પ્રાસાદિક ઉપચારો વડે પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારપછી વડતાલથી પ.પૂ. નાનાલાલજી શ્રી પૂષ્પેન્દ્રપ્રસાદજી મહારાજે ફોન દ્વારા આશીર્વાદ પાઠવ્યા હતા. અંતમાં જન્મોત્સવની આરતી ઉતારી સહુ ભક્તજનોને પેંડાનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.





## પીપળાવ અને પાળજને આંગણે યોજાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં દિવ્ય સત્સંગ સભા

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી આણંદ જીલ્લાના પીપળાવ તેમજ પાળજ આ બંને ગામને આંગણે તા. ૫-૯-૦૭ના રોજ રાત્રે ૭ થી ૧૦ કલાકે સુધી સત્સંગ સભાઓ રાખવામાં આવી હતી. આ સત્સંગ સભામાં વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી સંતો સાથે પધાર્યા હતા. સૌપ્રથમપ.પૂ. લાલજી મહારાજશ્રીએ મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારી હતી. ત્યારબાદ સભાસ્થાનમાં પોતાનું આસન ગ્રહણ કર્યું.

ત્યારબાદ પૂ. સંતો-ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારપછી પૂ. ધર્મવલ્લભ સ્વામી - સરધાર, તથા પૂ. ઘનશ્યામસ્વામી - વડતાલ આદિક સંતો-ભક્તોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ દિવ્ય અમૃતવાણીનો લાભ આપ્યો હતો. અંતમાં સહુ ભક્તજનોને પ.પૂ. લાલજી મહારાજશ્રીના ચરણ સ્પર્શનો લાભ આપવામાં આવ્યો હતો.



## ઉમરેઠને આંગણે યોજાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં દિવ્ય સત્સંગ સભા

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી ઉમરેઠને આંગણે તા. ૭-૯-૦૭ના રોજ સવારે ૯.૦૦ કલાકે વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી સંતો સાથે પધાર્યા હતા. સૌપ્રથમપ.પૂ. લાલજી મહારાજશ્રીએ મંદિરમાં વિરાજમાન શ્રી ઘનશ્યામમહારાજ આદિક દેવોની આરતી ઉતારી હતી. ત્યારબાદ સભાસ્થાનમાં પોતાનું આસન ગ્રહણ કર્યું.

ત્યારબાદ પૂ. સંતો-ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારપછી પૂ. ધર્મવલ્લભ સ્વામી - સરધાર, તથા પૂ. ઘનશ્યામસ્વામી - વડતાલ, મંદિરના મંહત શ્રી રઘુવીર સ્વામી આદિક સંતો-ભક્તોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ દિવ્ય અમૃતવાણીનો લાભ આપ્યો હતો. અંતમાં સહુ ભક્તજનોને પ.પૂ. લાલજી મહારાજશ્રીના ચરણ સ્પર્શનો લાભ આપવામાં આવ્યો હતો.

ત્યારબાદ શ્રી જયંતિભાઈ ચોકસીના સોના-ચાંદીના નૂતન શો-રૂમમાં પધારી ઠાકોરજીની આરતીને ઉદ્ઘાટન કરીને વિદાય થયા હતા.



## પૂનામાં યોજાયેલ કથા-પારાયણ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

મહારાષ્ટ્ર રાજ્યના પૂના શહેરના પિંપળે ગુરવનો આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૫-૯-૦૭ થી તા. ૧૧-૯-૦૭ સુધી શ્રી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ આયોજીત સરધાર નિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના કૃપાપાત્ર શિષ્ય સ્વામી નિષ્કામ-સ્વરૂપદાસજીના વ્યાસાસને સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પારાયણ દરમ્યાન ભક્તજનોના ખૂબજ ઉત્સાહ સાથે પૂ. વક્તાશ્રી દ્વારા ઘનશ્યામજન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક, અન્નકૂટોત્સવ, રાસોત્સવ વગેરે ઉત્સવો પોતાની ભાવવાહી સુમધુર શૈલીમાં ગીત-સંગીતની સાથે ઉજવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે તા. ૮-૯-૦૭ના રોજ વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. સૌપ્રથમ તેઓશ્રીનું સ્વાગત ભવ્ય શોભાયાત્રા પિંપળે ગુરવ વિસ્તારના મુખ્યમાર્ગથી લઈને કથાસ્થળ સુધી કાઢી કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા શ્રીરામકૃષ્ણ મંગલ કાર્યાલય હોલ સ્થળે વિરામપામી હતી. સભાસ્થાનમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી આસન ગ્રહણ કર્યું હતું. ત્યારબાદ તેઓનું વિદેશની યાત્રા પૂર્ણ કરીને ભારત પધારેલ પધારેલ પૂ. સ્વામીશ્રી તથા સંતો તેમજ યજમાનશ્રી દ્વારા પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ સદ્. સ્વામીશ્રી, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી, પૂ. પૂર્ણસ્વરૂપ સ્વામી વગેરે સંતોના પ્રાસંગિક ઉદ્બોધન પછી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સહુ ભક્તજનોને આશીર્વાદની અમૃતવર્ષા વરસાવી હતી. ત્યારબાદ સૌ કોઈ ભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શનનો લ્હાવો લીધો હતો.

ત્યારપછી ફરીને રાત્રિ સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. પોતાની






દિવ્ય અમૃતવાણીનો લાભ આપીને પિંપળે ગુરવ વિસ્તારમાં નૂતન મંદિર કરવાની જાહેરાત કરી હતી ત્યારે ભક્તજનોને એ સંકલ્પને તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધો હતો. અને સાથે સાથે ભક્તોએ દાનની ઝડી વરસાવી હતી.

## થાણા(મુંબઈ)ને આંગણે યોજાયેલ સત્સંગ સભામાં દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી થાણા(મુંબઈ)ને આંગણે તા. ૭-૯-૦૭ના રોજ સવારે ૯.૦૦ કલાકે વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી સંતો સાથે પધાર્યા હતા. અહિંયા શ્રી પ્રફુલભાઈની નૂતન ઓફિસમાં પધરામણી કરી હતી ત્યારબાદ સત્સંગ સભા સ્થાનમાં પધાર્યા હતા. પૂ. સંતો-ભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારપછી પૂ. ઘનશ્યામસ્વામી - વડતાલ, આદિક સંતો-ભક્તોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ દિવ્ય અમૃતવાણીનો લાભ આપ્યો હતો. અંતમાં સહુ ભક્તજનોને પ.પૂ. લાલજી મહારાજશ્રીના ચરણ સ્પર્શનો લાભ આપવામાં આવ્યો હતો.

## મલાડ(મુંબઈ)ને આંગણેમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સાંનિધ્યમાં ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ બાળસંસ્કાર મંડળનો ૨૯મો વાર્ષિકોત્સવ તથા દ્વિમાસિક સત્સંગ સભા

માયાવી મુંબઈ નગરીના મલાડ ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તા. ૯-૯-૦૭ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સાંનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ બાળસંસ્કાર મંડળનો ૨૯મો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. અને સાથે સાથે મુંબઈ પરાવિસ્તારની ફરતી દ્વિમાસિક સત્સંગ સભાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવમાં બાળમંડળના બાળ-યુવા સભ્યો દ્વારા આધ્યાત્મિક રૂપકો, સંવાદો, પ્રવચનો આદિક સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રીની સ્વાગત શોભાયાત્રા યોજીને સૌ ભક્તજનોને આનંદિત કર્યા હતા. ત્યારબાદ વિદેશની યાત્રા પૂર્ણ કરીને ભારત પધારેલ પધારેલ પૂ.





સ્વામીશ્રી, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી તથા અગ્રગણ્ય ભક્તોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ત્યારબાદ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજનો ૫૯મો જન્મદિવસ હોવાથી તે જન્મોત્સવની પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો તથા સંસ્કાર મંડળના સભ્યો દ્વારા કેક કાપીને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

અંતમાં વડતાલથી પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ બાળસંસ્કાર મંડળના બાળકો અને યુવાનો દિન-દિન પ્રત્યે વિશેષ પ્રગતિ કરે તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ સમગ્ર મહોત્સવનું સંચાલન મલાડ મંદિરના કો. સ્વામી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ, શ્રી મનુભાઈ સિદ્ધપુરા તથા શ્રી નાથાભાઈ વાઘેલા આદિક ભક્તજનો ભારે જેહમત ઉઠાવીને સફળ આયોજન કર્યું હતું.

## સરધારને આંગણે ઉજવાયેલ 'શ્રીકૃષ્ણ પ્રાગટ્ય મહોત્સવ'

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારને આંગણે તા. ૪-૯-૦૭ શ્રાવણ વદ - ૮ (જન્માષ્ટમી)ના રોજ શ્રીકૃષ્ણ પરમાત્મા પ્રાગટ્ય મહોત્સવની અતિ ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી.

રાત્રિના ૯.૦૦ કલાકે પૂ. સંતોએ શ્રીકૃષ્ણ પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગ સવિસ્તુત સહ વર્ણન કરીને ભક્તજનોને આનંદિત કર્યા હતા. મધ્ય રાત્રિના ૧૨.૦૦ કલાકે પારણામાં ઝૂલતા ઠાકોરજીની આરતી પૂ. સંતોએ ઉતારી હતી. સહુ ભક્તજનોએ 'નંદ ઘેર આનંદ ભયો, જય બોલો કનૈયા લાલકી' સુરો સાથે વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. અંતમાં સહુ ભક્તજનોને પંચાજરીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

## પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીની આજ્ઞાથી યોજાયેલ પૂ. સ્વામીશ્રી (સરધાર)ની વિદેશ ધર્મયાત્રા

ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારનિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડની વિદેશ ધર્મયાત્રા તા. ૨૫-૫-૦૭ થી ૭-૯-૦૭ સુધી યોજવામાં આવી હતી.

આ ધર્મયાત્રા દરમ્યાન અમેરિકામાં શિકાગો, સેન્ટલુઈસ, ઓહાયો, ફલોરિડા, વર્જનીયા, ન્યુજર્સી, ન્યૂયોર્ક, જ્યોર્જયા, મીશીગન, કેનેડા, હ્યુસટન, ડલાસ, કેલિફોર્નિયા વગેરે રાજ્યોના વિસ્તારોમાં સત્સંગ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે કેનેડા અને ઈંગ્લેન્ડ દેશોના વિસ્તારમાં પૂ. સંતોએ વિચરણ કર્યું હતું.

આ સત્સંગ સભામાં પૂ. સ્વામીશ્રી અને સાથે પધારેલ પૂ પૂર્ણસ્વરૂપદાસજી સ્વામી વગેરે સંતોએ કથા-વાર્તાનો અનેરો લાભ આપી ભક્તજનોને શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસનામાં દૃઢ બનવા પ્રેરકબળ પ્રેર્યું હતું.

આ વિદેશયાત્રા પૂર્ણાહુતી બાદ ભારત પધારીને પૂ. સ્વામીશ્રી તથા સાથે રહેલા પૂ. સંતોની સ્વાગત સત્સંગ સભાનું આયોજન પૂના (તા. ૮-૯-૦૭), મલાડ (તા. ૯-૯-૦૭), દહિસર (તા. ૧૦-૯-૦૭), થાણા (તા. ૧૨-૯-૦૭), નવસારી (તા. ૧૫-૯-૦૭), વેડરોડ(સુરત) (તા. ૧૬-૯-૦૭), શ્રીજીમંદિર - સુરત (તા. ૧૭-૯-૦૭), બાપુનગર - અમદાવાદ (તા. ૧૭-૯-૦૭) વગેરે સ્થળો કરવામાં આવ્યું હતું.





દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી


# :: અભયદાન સત્સંગ સભા ::

**સરધાર :-** તા. ૭-૧૦-૦૭, ભાદરવા વદ - ૧૨, રવિવાર સવારે ૯ થી ૧૨

**રાજકોટ :-** તા. ૨૯-૯-૦૭, ભાદરવા વદ - ૪, શનિવાર, રાત્રે ૯ થી ૧૧

**સંપર્ક :-** મહેન્દ્રભાઈ પાટડીયા મો. ૯૪૨૬૨ ૨૯૫૫૮, કરશનભાઈ ઢાંકેચા મો. ૯૪૨૬૭ ૮૧૧૭૯

## આજે જ આપના ઘરમાં વસાવો...સં.૨૦૬૪, ઈ.સ. ૨૦૦૭/૮નાં વ્રત-ઉત્સવનો કેલેન્ડર ડટ્ટાઓ



વ્હાલા ભક્તજનો દર વર્ષની જેમઆ વર્ષે સંવત ૨૦૬૪, ઈ.સ. ૨૦૦૭/૮નાં વ્રત-ઉત્સવોનો નિર્ણયના ડટ્ટાઓ શ્રી સ્વા. મંદિર - ગઢપુર દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા છે. જેમાં જાહેર રજાઓ, તહેવારો, મહોત્સવો, શ્રીહરિ નવમી, એકાદશીઓ, પૂર્ણિમાઓ, દીપાવલી, મંદિરોની પ્રતિષ્ઠા-પાટોત્સવ તિથિઓ વગેરે વિગતોનો સમાવેશ કરવામાં આવેલ છે. જે ડટ્ટાઓ નીચેના સ્થળોથી પ્રાપ્ત થઈ શકશે.

(૧) **ગઢપુર :** શ્રી સ્વા. મંદિર, ફો.નં. ૦૨૮૪૭ - ૨૫૨૮૦૦ (૨) **સરધાર :** શ્રી સ્વા. મંદિર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧ (૩) **વડતાલ :** શ્રી રઘુવીર વાડી, મો.નં. ૯૮૨૫૨ ૩૪૩૬૨ (૪) **સાવરકુંડલા :** કાનાણી ટ્રેડર્સ, નાવલી નદીને કાંઠે. ફો.નં. ૦૨૮૪૫ - ૨૪૨૪૨૧૧ (૫) **બોટાદ :** સન્ની ટ્રેડર્સ. ફો.મો. ૯૮૨૪૦ ૩૫૮૧૪

**વધુ વિગત માટે :-** પૂ. કો. શ્રી ઘનશ્યામવલ્લભ સ્વામી, મો. ૯૪૨૬૮ ૦૪૧૦૨. શ્રી છપૈયાપ્રકાશ સ્વામી, મો. ૯૪૨૬૮ ૦૪૧૦૯

## આજે જ જુઓ અને તપાસો. આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે ?

વ્હાલા ભક્તજનો ! 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'ના દરેક અંકમાં સરનામાના લેબલ (મેઈલ બોક્સ) ઉપર આપનો ગ્રાહક નંબર અને આપનું લવાજમપૂરું થવાના મહિના-વર્ષની માહિતી આપવામાં આવે છે. માટે આપના 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'ના કવર પર સરનામાનું લેબલ હંમેશા તપાસતા રહો, અને લવાજમપૂરું થાય તે પહેલાં જ આશરે ૪૦ દિવસ પહેલા આપના નજીકના વિસ્તારમાં 'ચિંતન' અંકના ગ્રાહક નોંધણી કરતા કાર્યકર પાસે આપનો ગ્રાહક નંબર આપીને લવાજમ ભરવું, જેથી 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'નો એક પણ અંક ચૂકી ન જવાય. અને હા, દર વર્ષે લવાજમભરવાનું યાદ રાખવું પડે તે કરતાં પાંચ વર્ષનું અથવા આજીવન લવાજમએકસાથે પણ ભરી શકાય છે.

સરનામાના લેબલના નીચે આપેલા નમૂના પરથી આપ આપના અંકનું લેબલ તપાસતા રહો અને નવું લવાજમભરવાની પ્રક્રિયા સમયસર કરતા રહો...

મુ. રાજકોટ નંબર : 1
ગઢવી પ્રફુલભાઈ જબરદાનભાઈ
૧૦ 'રામપ્રતાપ' ગીતાનગર મેઈન રોડ, રાજકોટ
પીન - ૩૬૦૦૦૨ પોસ્ટીંગ તારીખ ૨૦-૯-૦૭
લવાજમ પુરૂ : 10/20/07

**આ છે આપના અંકના લવાજમ સમાપ્તિની તારીખ**

## ચિંતનના ગ્રાહકોને નમ્ર અપીલ સહ વિનંતી

વ્હાલા ભક્તજનો ! ચિંતન સામયિકમાં જે એક વર્ષની લવાજમ સ્વીકારવામાં આવતું હતું તે બંધ કરવામાં આવેલ છે. તે માટે કોઈએ પણ મનીઓર્ડર યા કોઈપણ પ્રકારે એક વર્ષનું લવાજમ મોકલવું નહિ. ફક્ત પાંચ વર્ષ અને આજીવનનું લવાજમસ્વીકારવામાં આવે છે, જેની દરેક સભ્યશ્રીઓએ નોંધ લેવી. વિશેષમાં આપને જો ચિંતન સમયસર ન મળતું હોય તો તમારા નજીકના પોસ્ટ ઓફિસમાં સંપર્ક સાધીને જ ચિંતન કાર્યાલય - સરધારમાં જાણ કરવી. જાણ કરતા સમયે આપનો ગ્રાહક નંબર જણાવવો રહેશે. અને આપના નામ-સરનામાના ફેરફાર અંગે અન્ય સંતો-ભક્તોને ન જાણ કરતા ફક્ત 'ચિંતન કાર્યાલય - સરધાર'નો જ સંપર્ક સાધવા આગ્રહ રાખવા વિનંતી.

Shree Swaminarayan Chintan, September -2007 Reg. No. GRJ - 517, Valid upto 31-12-08, RNI No. GUJGUJ10785/06/1/03 - TC

# દિપાવલીના શુભ અવસર ઉપર ધનતેરશથી આઠમ સુધી



ભવભટકણમાંથી છૂટી ભગવાન શ્રીહરિને ભેટવા માટે...
ભગવાન શ્રીહરિની આજ્ઞા-ઉપાસનામાં ખબડદાર થવા માટે...

## શ્રીજીમહારાજનું પ્રસાદિભૂત તીર્થધામ, આવો સરધાર... પધારો સરધાર...

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે બારમી

# ॥ શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી ॥

પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ - સરધાર)



પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

:: પ્રારંભ ::
તા. ૭-૧૧-૦૭ આસો વદ -૨

:: પૂર્ણાહુતિ ::
તા. ૧૮-૧૧-૦૭ કારતક સુદ - ૮



પ.પૂ. લાલજી મહારાજશ્રી

:: ખાસ નોંધ ::

વ્હાલા ભક્તજનો ! સરધારધામને આંગણે દર વર્ષે નૂતન વર્ષના પ્રારંભમાં ભાઈબીજથી દશમસુધી સર્વાવતારી, સર્વોપરી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષપદે 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી'નું આયોજન કરવામાં આવે છે. પરંતુ આગામી બારમી સત્સંગ છાવણીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે જેની દરેક ભક્તજનોએ નોંધ લેવી.

સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

## :: છાવણીના વિશેષ કાર્યક્રમો ::



**પ્રભાતફેરી :** છાવણી દરમ્યાન નિત્ય વહેલી સવારમાં સર્વે ભક્તજનોની સાથે પ્રભાતફેરી છાવણી સ્થળેથી સરધાર ગામના મુખ્ય માર્ગો તેમજ જુના મંદિરે ભગવાન શ્રીહરિના દર્શન કરી સ્થળ પર પધારશે.



**વ્યાખ્યાનમાળા :** છાવણી દરમ્યાન દરરોજ રાત્રે ૯ થી ૧૦ વાગ્યા સુધી અલગ-અલગ આધ્યાત્મિક વિષયો પર જુદા જુદા વિદ્વાન સંતો દ્વારા વ્યાખ્યાન આપવામાં આવશે.

**કથા-વાર્તા :** છાવણી દરમ્યાન વચનામૃત, શ્રી ઘનશ્યામલીલામૃત, કીર્તન વિવેચન વગેરે વિષયો પર પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી આદિક સંતો પોતાની રસદાર અને સુમધુર શૈલીમાં કથા-વાર્તાનો લાભ આપશે.



**સમૂહસ્નાન :** છાવણી દરમ્યાન જ્યાં શ્રીજી મહારાજે પાંચસો પરમહંસોની સાથે અનેકવાર સ્નાન અને જળક્રીડા કરી ભક્તજનોને દિવ્ય સુખ આપ્યું હતું તેવા મીનસરોવરમાં સમૂહસ્નાન યોજવામાં આવશે.





**જ્ઞાનગોષ્ઠી :** છાવણી દરમ્યાન સર્વોપરી ઉપાસના, ધ્યાન, આચાર્ય મહિમા, સંત મહિમા, નિત્ય પૂજાવિધિ, માનસી પૂજા, મંદિર મહિમા, પ્રાસાદિક સ્થાન મહિમા વગેરે વિષયો પર પૂ. સંતો સમજાવીને પ્રત્યક્ષ જ્ઞાનગોષ્ઠી કરશે.



**રાસોત્સવ :** છાવણી દરમ્યાન જેમ પંચાળાની અંદર શ્રીજીમહારાજે સંતો-ભક્તોની સાથે રાસ લઈને અલૌકિક આનંદ આપ્યો હતો તેવી જ રીતે સંતો-ભક્તોની સાથે દિવ્ય રાસોત્સવ ઉજવવામાં આવશે.

**કીર્તન-ભક્તિ :** છાવણી દરમ્યાન ગીત-સંગીતના કલરવની સાથે સંગીતજ્ઞ સંતો-ભક્તો દ્વારા નંદસંતો દ્વારા રચિત કીર્તનોના આસ્વાદની સાથે આરાધના કરવામાં આવશે.



**શેરડી ઉત્સવ :** છાવણી દરમ્યાન ભગવાન શ્રીહરિને શેરડીનો થાળ ધરાવીને સંતો-ભક્તોની સાથે સમૂહમાં શેરડીનો પ્રસાદ વડિલ સંતો દ્વારા પીરસવામાં આવશે.



Shreeji Art (079) 26580916, 9879606686

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Shree Swaminarayan Temple - Sardhar and Printed at Sahajanand Press, 80 Feet Road, Rajkot. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Divyaswarupdas

























**વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન**

૧. નાના માચીયાળા (જી. અમરેલી) ગામમાં શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. નાના માચીયાળામાં નૂતન શ્રી રામજી મંદિરનો શિલારોપણ વિધિ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. નાના માચીયાળામાં શ્રી ભીમનાથ મહાદેવની ધ્વજારોહણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪. નાના માચીયાળામાં શ્રી રામજી મંદિરના શિલારોપણ વિધિ પ્રસંગે યોજાયેલ સત્સંગ સભામાં ભક્તજનોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. સલડી (જી. અમરેલી) ગામમાં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬/૭. સલડી મુકામે યોજાયેલ સત્સંગ સભામાં અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા અમૃતવચનોનો લાભ લેતા હરિભક્ત સમુદાય. ૮. સરધારધામમાં નૂતન મંદિરના રંગમંડપમાં યોજાયેલ અભયદાન માસિક સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સંતો તથા કથાશ્રવણ કરતા હરિભક્તો.



1



2



3



4



5



6



7



8

## વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન

૧. વડતાલમાં જન્માષ્ટમી પ્રસંગે હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૨. થાણા(મુંબઈ)માં સત્સંગ સભામાં ભક્તજનોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. ઉમરેઠ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪/૫. ઉમરેઠમાં સોના-ચાંદીના શો-રૂમનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. નવસારીને આંગણે યોજાયેલ કથા-પારાયણનો લાભ લેતા ભક્તજનો. ૭. દહિસર (મુંબઈ)માં યોજાયેલ કથા-પારાયણનું રસપાન કરતા હરિભક્તો. ૮. ડોંબીવલી(મુંબઈ)માં જન્માષ્ટમી પ્રસંગે યોજાયેલ કથા-પારાયણનો લાભ લેતા ભક્તજનો.



વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સાંનિધ્યમાં મલાડ(મુંબઈ) યોજાયેલ શ્રી સ્વા. બાળસંસ્કાર મંડળનો '૨૯મો વાર્ષિક મહોત્સવ' તથા 'દ્વિમાસિક સત્સંગ સભા'

૧. મલાડના મુખ્ય માર્ગો પર નીકલેળ પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય સ્વાગત શોભાયાત્રા. ૨. શોભાયાત્રામાં દિવ્ય દર્શન આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા પહેરાવીને સ્વાગત કરતા પૂ. સ્વામીશ્રી-સરધાર. ૪. મુંબઈ પરાવિસ્તારના ભક્તજનો ઉપર અમીવર્ષા વરસાવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. મહોત્સવમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણીનો લાભ લેતા મુંબઈ પરાવિસ્તારના હરિભક્તો. ૬. પ.પૂ. ધ.ધુ. મહારાજશ્રીના ૫૯મા જન્મોત્સવ પ્રસંગે કેક કાપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો. ૭/૮. પ.પૂ. લાલજી મહારાજશ્રીની સમક્ષ સાસંકૃતિક કાર્યક્રમો રજૂ કરતા શ્રી સ્વામિનારાયણ બાળસંસ્કાર મંડળના યુવાનો તથા ભૂલકાઓ.


















**વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - બગસરા દ્વારા યોજાયેલ 'શ્રી સ્વામિનારાયણ સોરઠ પંચતીર્થ પદયાત્રા'**

૧/૨. પદયાત્રામાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રના જયઘોષ અને ધૂનની રમઝટ બોલાવતા બોલાવતા પંથ કાપતા પૂ. સંતો તથા હરિભક્તો વગેરે પદયાત્રીઓ. ૩. બલીયાવાડ(જી.જૂનાગઢ)ગામમાં યોજાયેલ પદયાત્રાર્થીઓની સત્સંગ સભા. ૪. બોડકા (સ્વામીના) ગામમાં યોજાયેલ પદયાત્રાર્થીઓની સત્સંગ સભામાં કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સંતો. ૫. પીપલાણામાં સ.ગુ. રામાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિને આપેલ દિક્ષા સ્થાનના દર્શન કરતા પૂ. સંતો તથા હરિભક્તો. ૬. પંચાળાના દરબાર શ્રી જીણાભાઈના પ્રાસાદિક દરબારગઢના ભાવથી અને મહિમાપૂર્વક દર્શન કરતા પૂ. સંતો તથા હરિભક્તો. ૭. લોજપુરમાં નીલકંઠ વર્ણીએ સંતોને શીખવેલ યોગ સ્થાનના દર્શન કરતા પદયાત્રાર્થીઓ અને તેનો મહિમા સમજાવતા પૂ. સંતો. ૮. માંગરોળ મંદિરના પટાગંણમાં યોજાયેલ પદયાત્રાર્થીઓની સત્સંગ સભા.



1



2



3



4




5



6



7



8

**વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સાંનિધ્યમાં ગઢપુરને આંગણે યોજાયેલ 'શ્રીકૃષ્ણ પ્રાગટ્ય મહોત્સવ' (જન્માષ્ટમી) તથા પૂનામાં યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'**

૧. ગઢપુરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ગોપીનાથજી મહારાજના દર્શન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. નિજમંદિરમાં શ્રીકૃષ્ણ પ્રાગટ્ય મહોત્સવ પ્રસંગે ઠાકોરજીનો પંચામૃત વડે અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. રાત્રિના ૧૨ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪. દર્શનાર્થે પધારેલ વિશાળ ભક્તસમુદાયને ઠાકોરજી સાંનિધ્યમાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. પૂનામાં કથા-પારાયણ પ્રસંગે પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા. ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા વિદેશની યાત્રા કરીને ભારત પધારેલ પધારેલ પૂ. સ્વામીશ્રી. ૭. પૂનામાં કથા-પારાયણ પ્રસંગે ભક્તજનોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૮. કથા-પારાયણ અંતર્ગત ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા યજમાનો.


1


2


3


4


5


6


7


8

**પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય સાંનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર - અમરેલી દ્વારા યોજાયેલ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૫૯મો 'જન્મજયંતી મહોત્સવ' તથા પ્રથમ 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર'**

૧. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા અર્પણ કરીને સ્વાગત કરતા પૂ. ભક્તિસંભવદાસજી સ્વામી - અમરેલી. ૨. અમરેલી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. સત્સંગ શિબિરમાં શિબિરાર્થી ભક્તજનોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪. પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણીનો લાભ લેતા ભક્ત સમુદાય. ૫. પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૫૯મા જન્મોત્સવ પ્રસંગે દિપ પ્રાગટ્ય કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. પ.પૂ. ધ.ધુ. મહારાજશ્રીના ૫૯મા જન્મોત્સવ પ્રસંગે કેક કાપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો. ૭/૮. રાસોત્સવ દ્વારા પ. પ.પૂ. ધ.ધુ. મહારાજશ્રીના ૫૯મા જન્મોત્સવની ઉજવણી સંતો-હરિભક્તો